بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-નવેમ્બર-૨૦૧૪**

મુહર્રમુલ હરામ-સફરુલ્ મુઝફ્ફર
હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૧, અંક : ૧૧, સળંગ અંક : ૧૩૧

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧,
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | કર્બલાના બનાવનો અતિ મહત્વનો સબક.... | 02 |
| 02 | અસંખ્ય ખૂબીઓના ભંડાર ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 12 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 15 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 18 |
| 07 | અહલે સુન્નત અક઼ીદા કુર્આનની રોશનીમાં | 21 |
| 06 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 23 |
| 07 | વેપારનું મહત્વ અને તેના નિયમો | 25 |
| 08 | મોબાઈલની માનસિક, શારીરિક, સામાજિક બર્બાદીઓથી ચેતો ! | 30 |
| 09 | શિર્ક શું છે ? | 34 |
| 10 | શું આપ જાણો છો ? | 39 |
| 11 | શહીદોના ઈમામ : ઈમામ હુસૈન رضی اللہ عنہ | 40 |
| 12 | સૈયદુશ્શોહદા હઝરત અમીરે હમ્ઝા رضی اللہ عنہ | 44 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


**દર શાને અમીરે અહલે સુન્નત નૂર મુહમ્મદ મારફાની**

રહેગા દહરમેં ચર્ચા અમીરે અહલે સુન્નતકા
હૈ ઉંચા મરતબા કિત્ના અમીરે અહલે સુન્નતકા
વહાબી દેવબંદી કાંપતે થે નામ સે જિન્કે
હૈ કિતના દબદબા ઉંચા અમીરે અહલે સુન્નતકા
હમેશા હક઼ કી શમ્અ કો જલાને મેં રહે ક઼ાઈમ
યે ઉંચા હોસ્લા કિસ્કા અમીરે અહલે સુન્નતકા
નિગાહે મુફ્તી-એ-આઝમને ઝિંદા કર દિયા દિલકો
હમેશા ક઼ૌલ યે રહતા અમીરે અહલે સુન્નતકા
ફનાફિશ્શૈખ હોકર ઉમ્ર અપની યૂં બસર કર લી
કે યાદે પીર મેં રહના અમીરે અહલે સુન્નતકા
યતીમોં બેસહારોં કી મદદ કરના યે આદત થી
ખુદા યા હો અતા સદક઼ા અમીરે અહલે સુન્નતકા
રહે ગુલઝારે સુન્નિયત હમેશા શાદ ઔર ફરહાં
યે કલ્મા વિર્દે લબ રહતા અમીરે અહલે સુન્નતકા
**'મુનવ્વર'** મેરે સીને કો ખુદાયા તૂ રઝા સે કર
તુઝે સદક઼ા મેરે નાના અમીરે અહલે સુન્નતકા

રજૂ : મુફતી મુનવ્વર રઝા નૂરી-ધોરાજી

# કર્બલાના બનાવનો અતિ મહત્વનો સબક સબ્ર તથા અડગતા

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

ઈસ્લામી વરસનો છેલ્લો મહિનો ઝીલ હજ્જ વિદાય થઈ રહ્યો છે અને નવુ ઈસ્લામી વરસ શરૂ થવાની તૈયારી છે જેનો પ્રારંભ માહે મુહર્રમુલ હરામથી થાય છે. આ અજબનો જોગાનુ જોગ છે અથવા ખુદાની બેપનાહ હિકમતોનો નિર્દેશ કે બંનેવ મહિનાઓનો સંબંધ કુર્બાની સાથે છે, અને બંને કુર્બાનીઓની યાદ જેટલી આયોજનપૂર્વક મનાવવામાં આવે છે એટલી અન્ય કોઈ કુર્બાનીની નથી મનાવાતી. પ્રથમ કુર્બાની એક મહાન પુત્રની છે જયારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ علیہ السلامને ખુદાના હુકમ પર ઝબહ કરવા તૈયાર થઈ ગયા, અને બીજી કુર્બાની તાજદારે કર્બલા ઈમામ આલી મકામ رضی اللہ عنہની છે જેમણે અલ્લાહની રાહમાં પોતાને પણ કુર્બાન કર્યા, પોતાની ઔલાદની પણ જાનોનાં નઝરાણા પેશ કર્યાં, અને પોતાના જાનથી પ્યારા હઝરાતની પણ કુર્બાની પેશ કરી.

હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ શરૂથી જ પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ علیہ السلامને સબ્રની ફઝીલત તથા મહત્વ તથા બરકતની સમજ આપી દીધી હતી એટલા માટે જયારે ખ્વાબનો ઉલ્લેખ કર્યો તો પુત્રએ વિના ખચકાટે અર્ઝ કર્યું :–

يٰٓاَبَتِ افْعَلْ مَا تُؤْمَرُ سَتَجِدُنِيْٓ اِنْ شَآءَ اللّٰهُ مِنَ الصّٰبِرِيْنَ

"હે મારા પિતા ! કરો જે વાતનો આપને હુકમ થાય છે, ખુદાએ ચાહ્યું તો નજીક છે કે તમો મને સાબિર પામશો." *(સૂરએ સાફ્ફાત–૧૦૨)*

આ કૌલ બતાવી રહ્યો છે કે કુમળી વયના આલમમાં પણ તે સબ્રના મહત્વને જાણતા હતા એટલા માટે કુર્બાન થવા માટે પણ તૈયાર થયા અને સબ્રનો દામન થામવાનો પણ ઉલ્લેખ કર્યો. અલ્લાહ عزوجلએ એનો બદલો એ અતા ફર્માવ્યો કે કુર્બાની પણ કૃબૂલ કરી અને સબ્રના બદલામાં તેમને કૃયામત સુધીના માટે યાદગાર પણ બનાવી દીધા.

એ જ પ્રમાણે હઝરત ઈમામે આલી મકામ رضی اللہ عنہના હવાલાથી આકાએ કરીમ صلی اللہ علیہ وسلم, હઝરત મૌલા અલી તથા હઝરત ખાતૂને જન્નત رضی اللہ عنہاને શહાદતનો ઈલ્મ હતો. તેમણે પોતાના પુત્રની કેળવણી જ એ જ તરીકાથી કરી હતી, અને કેળવણી કેમ ન થતી કે એમના નાના મુઅલ્લિમે કાઈનાત صلی اللہ علیہ وسلم હતા ! અને એમના વાલિદા માજિદા (માતા) ખાતૂને જન્નત હઝરત ફાતિમતુઝ્ઝહરા હતાં, અને તેમના પિતા હઝરત અલી મુર્તઝા હતા. જાહેર છે કે જયારે પાકીઝા શખ્સિયતોના સાયામાં જે બાળક ઉછેર પામશે તેની બુલંદીનો શું કોઈ અંદાઝો કરી શકે છે ?! પરિણામ એ આવ્યું કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہએ કર્બલામાં પોતે પણ શહાદતનો જામ પીધો અને પોતાનાં ઘરવાળાંને પણ કુર્બાન કરી દીધાં. અને કેવળ એટલું જ નહીં બલ્કે જે જે જૌહર (કમાલ) તેમને માતા પિતા તથા પ્યારા નાના صلی اللہ علیہ وسلمથી મળ્યું હતું તેની તલ્કીન પોતાનાં ઘરવાળાંઓને પણ કરી અને કૃયામત સુધીના મુસલમાનો બલ્કે સર્વ માનવોને પણ તે જૌહરને સમજવાની અને તેને અપનાવવાની તલ્કીન (તાકીદ) કરી ગયા. તે જૌહર શું છે ?! એ જૌહરનું નામ સબ્ર તથા ઈસ્તિકામત છે. એ જ કારણે આખરી સમયમાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની ઝબાને અકૃદસથી જે

વધુ પેજ નં. ૨૦....પર

ઉર્સ : ૨૫ સફર



# અસંખ્ય ખૂબીઓના ભંડાર !

## આ'લા હઝરત ઈમામ

# અહમદ રઝા رحمۃ اللہ علیہ !

તંત્રી લેખ

આજે હું એક અજોડ અનોખા બાળકના કિસ્સાથી આ લેખની શરૂઆત કરું છું કે યુ.પી.માં જ્યારે બાળક ચાર વરસ ચાર મહિના ચાર દિવસનો થાય તો તેને મકતબમાં દાખલ કરવામાં આવે છે. તો એવા જ એક બાળકનો આ પ્રસંગ છે કે મકતબમાં ઉસ્તાદ સામે બેઠા છે. ઉસ્તાદે બિસ્મિલ્લાહ પઢાવી અલિફ, બા, તા, ષા,....પઢાવવા માંડયું તો બાળક રીપીટ કરતો જાય છે. જ્યારે ઉસ્તાદે કહ્યું કે, "લામ–અલિફ" તો બાળક ખામોશ થઈ જાય છે ! પૂછતાં કહે છે કે હું "લામ" પણ પઢી ચૂક્યો, અલિફ પણ પઢી ચૂક્યો, તો હવે રીપીટ કરવાની શું જરૂર ?! તો ઉસ્તાદે કહ્યું કે બેટા ! અસલમાં અગાઉ તમે જે પઢયા તે અલિફ નહીં પણ "હમ્ઝા" છે, અને એને એકલો નથી પઢાતો એટલે "લામ" સાથે મિલાવીને પઢવામાં આવે છે.

હવે બાળકે સવાલ કર્યો કે એને "લામ" સાથે જ શા માટે મિલાવ્યો, અન્ય કોઈ હર્ફ સાથે મિલાવતે ?! હવે ઉસ્તાદ ખામોશ થઈ ગયા ! જવાબ ન આપી શક્યા ! તો એ બાળકના પિતાએ જવાબ આપ્યો કે લામ તથા અલિફમાં કલ્બી મળતાપણુ છે કે "લામ" લખો તો વચ્ચે "અલિફ" આવે છે અને "અલિફ" લખો તો વચ્ચે "લામ" આવે છે. આ કલ્બી (કેન્દ્રિય) મળતાપણાને લીધે અલિફને લામ સાથે મિલાવી "લામ–અલિફ" પઢાવાય છે ! ત્યારે તે બાળકને સંતોષ થઈ ગયો અને હવે તે આગળ પઢે છે. આ કેવો બાળક છે જે ચાર વરસની ઉમરમાં ઉસ્તાદને ખામોશ કરી દે છે ?!

આ બાળક તે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ છે અને આ મુહક્કિક બાપનું નામ હઝરત નકી અલીખાં (رحمۃ اللہ علیہ) છે ! સુબ્હાનલ્લાહ ! બચપનની તેહકીકનો આ આલમ છે તો યુવાનીમાં તથા આખર ઉમરમાં શું આલમ હશે ?! આ શાન છે આ'લા હઝરતની ! –*(અરમુગાને દયાદરા એટલે તોહફાએ દયાદરા, બયાન : શયખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદની)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ શું નથી ?! છતાં આજીજી જુઓ !**

એટલા જ માટે વિશ્વના વિવિધ ગૃપના વિધ્વાનોએ આ'લા હઝરતની દિલ ખોલીને તારીફ કરી છે, અને કયામત સુધી આપની તારીફ કરનારા પૈદા થતા જ રહેશે. જેમ કે **મૌલાના કૌષર નિયાઝી** (પાકિસ્તાન) એક મહાન મુદબ્બિર, શાઈર, ચિંતક થઈ ગયા જેમણે આ'લા હઝરત માટે કહ્યું કે, "શાહ અહમદ રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ એક સમયે લેખક પણ છે, મુબલ્લિગ પણ છે, આલિમ પણ છે, ફાઝિલ પણ છે, મુઅલ્લિમ પણ છે, મુજદ્દિદ પણ છે, મુહદ્દિષ પણ છે, મુફસ્સિર પણ છે,

મુતકલ્લિમ પણ છે..........આજે દરેક વ્યક્તિ લેખક બની જાય છે, આલિમ ફાઝિલ કહેવડાવે છે. હું દાવાથી કહું છું કે આલિમની કસૌટી એ છે કે તે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબોને કેવળ સમજી લે ! તો આલિમ કહેવાશે.

કહેવત પ્રખ્યાત છે કે ''સૂંઠના બે ગાંગડા શું મળી ગયા કે ભાઈ ગાંધીની દુકાન ખોલી બેઠા !'' આજે આપણામાં દરેક શખ્સ ''આલિમ ફાઝિલ'' કહેવડાવે છે, પણ ઈમામ અહમદ રઝાની કિતાબોની સંખ્યા એક હજાર ઉપર છે..........હું દાવાથી કહું છું કે ઈમામ અહમદ રઝાની કિતાબોની શાન એ છે કે એમાં જે ઈલ્મો છે એ કિતાબોના દરેક પેજથી આ દૌરની એક એક કિતાબ બની શકે છે. છતાં બેનફસી, આજીજીનો આલમ એ છે કે પોતાને તુચ્છ સમજે છે !''

આજે બે કિતાબો પઢી લેનારા ઘમંડમાં આવી મહાન ઉલમા તથા બુઝુર્ગો પર ટીકા ટીપ્પણ કરવા મંડી પડે છે અને બેલગામ ઝબાન તથા કલમ ચલાવે છે, પણ ઈલ્મના મહાસાગર આ'લા હઝરતની આજીજી આ છે : કૌષર નિયાઝી લખે છે :– કહે છે કે હું એક ફન (કલા)માં નિષ્ણાત છું અને તે ફન નક્સ (ખામી) તથા નુકસાનની કલા છે, હું કોઈ અન્ય કલામાં કામિલ નથી.

***હર શખ્સકો એક વસ્ફમેં હોતા હૈ કમાલ–બંદે કો કમાલ બેકમાલીમેં હૈ !***

આ'લા હઝરતની શાનમાં **મૌલાના કૌષર નિયાઝી** એક જગાએ જણાવે છે કે :–

''ફિક્હે હનફીમાં હિંદુસ્તાનમાં બે કિતાબો મુસ્તનદતરીન (અતિ સ્ટાન્ડર્ડ) છે, એમાંથી એક ''ફતાવા આલમગીરી'' છે જે અસલમાં ચાલીસ આલિમોની સંયુક્ત સામૂહિક મહેનતનું ફળ છે, જેમણે ફિક્હે હનફીનો એક (મસાઈલનો) સમૃદ્ધ સંગ્રહ સંપાદિત કર્યો છે. બીજી ''ફતાવા રઝવિય્યહ'' છે. એની વિશિષ્ટતા એ છે કે **જે કામ ચાલીસ આલિમોએ મળીને અંજામ આપ્યું તે આ મર્દે મુજાહિદ (ઈમામ અહમદ રઝા)એ એકલે હાથે કરી બતાવ્યું ! અને ''ફતાવા રઝવિય્યહ'' એ આલમગીરી કરતાંય સમૃદ્ધ છે.** અને મેં જે આપને ''ઈમામ અબૂ હનીફા ષાની'' કહ્યા છે તે કેવળ મહોબ્બતમાં કે અકીદતમાં નથી કહ્યા, બલ્કે ફતાવા રઝવિય્યહ્‌નો અભ્યાસ કર્યા બાદ આ વાત કહી રહ્યો છું કે આપ 'આ યુગના અબૂ હનીફા' છે.'' *–(ઈમામ અહમદ રઝા કાન્ફ્રન્સ–કરાચી, ઈ.સ. ૧૯૯૪, હિ.સ. ૧૪૧૫)*

આટલી મહાનતા છતાં આપ પોતાને ઉપર જણાવ્યું તેમ તુચ્છ સમજતા હતા. આ આજીજી તથા પોતાને તુચ્છ સમજવાનું ફળ આપને એ મળે છે કે જગતભરની ઈલ્મી, રૂહાની શખ્સિયતો આપની પ્રશંસા કરવાને પોતાની સઆદતમંદી સમજે છે. આવો ! અમુક નમૂનાઓ આ'લા હઝરતની પ્રશંસા રજૂ કરતા આપની સેવામાં રજૂ કરીએ છીએ.

## આ'લા હઝરત ઉલમાએ અરબની નજરમાં

આ'લા હઝરત رحمۃ اللہ علیہની પ્રશંસા કેવળ તેમના મુરીદો, શાગિર્દો કે ઘરવાળાંએ નથી કરી અને આપને મુજદ્દિદ તરીકે મશહૂર કાંઈ મુરીદો કે ચાહકોએ ''મુજદ્દિદે રવાં સદી !....''નો શોર મચાવીને નથી કરી આપ્યા, જેમ કે આજ કાલ થઈ રહ્યું છે ! બલ્કે વિશ્વભરની ઈલ્મી, રૂહાની તથા તક્વા પરહેઝગારીવાળી મહાન હસ્તીઓએ, વિશ્વના માન્યવર ઉલમા તથા મશાઈખે આપની કાબેલિયતોને જોઈને અનાયાસે આપની શાનમાં આ શબ્દો ઉચ્ચાર્યા છે. આજે તો દરેક પીરનો મુરીદ મોટાભાગે

પોતાના પીરને માટે સર્વથી ઉચ્ચ લક઼બોને જાણે રિઝર્વ કરાવી લે છે ! ઈલ્લા માશાઅલ્લાહ ! કોઈ મન્સબ કે લક઼બ અન્ય ઉલમા કે પીર કે બુઝુર્ગ માટે રહેવા દેવા જ નથી માગતો એ હાલત છે ! પણ ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہના ખુદાદાદ કમાલોનો એ આલમ છે કે આપણા તો આપણા પરાયા લોકો તેમજ વિશ્વભરમાં અરબ (મક્કા–મદીના વગેરે) તથા અજમથી આપના ઈલ્મ તથા કમાલની રોશનીથી પ્રભાવિત થઈને, અંજાયને મહાન હસ્તીઓ શું પુકારી ઉઠી છે તે સાંભળો !

*–("ઈમામ અહમદ રઝા હક઼ાઈક઼ કે ઉજાલેમેં, અઝ : મુફ્તી મુહમ્મદ મતીઉર્રહમાનના હવાલાથી)*

## જમાનાની બરકત, આપણા સરદાર, મૌલાના, મુહક્કિ઼ક઼, ઈમામ, પેશવા

### ★ હઝરત અલ્લામા શયખ સાલેહ કમાલ માજી મુફ્તીએ હનફિયહ ★

આ'લા હઝરત رحمۃاللہ علیہના વિશે આ રીતે સંબોધે છે :– *"આલિમ, અલ્લામા, ફઝાઈલના દરિયા, ઉલમાએ અમાઈદ (પ્રતિષ્ઠિત આલિમો)ની આંખોની ઠંડક, જમાનાની બરકત, હઝરત મૌલાના મુહક્કિ઼ક઼ અહમદ રઝા ખાન, ઈમામ, પેશવા."*

### ★ હઝરત મૌલાના શયખ અલી બિન સિદ્દીક઼ કમાલ ★

આ'લા હઝરત رحمۃاللہ علیہને આ શબ્દોમાં સંબોધે છે :– *"બુલંદ સિતારા, આ ગભરાટહ તથા દર્દના જમાનામાં ફાયદમંદ દવા, ઉસ્તાઝે મોઅઝ્ઝમ, મઅરૂફ નામવર, આપણા સરદાર તથા પેશવા અહમદ રઝાખાં બરેલ્વી."*

### ★ શયખુલ ઉલમા મુફ્તીએ શાફઈય્યહ હઝરત મૌલાના મુહમ્મદ સઈદ બાબસીલ (મક્કા મુકર્રમા) ★

આ'લા હઝરત رحمۃاللہ علیہને સંબોધતાં કહે છે : *"અલ્લામાએ કામિલ, ઉસ્તાઝે માહિર, પોતાના નબી صلی اللہ علیہ وسلمના દીનની તરફથી જંગ તથા જેહાદ કરનારા, મારા ભાઈ, મારા મોઅઝ્ઝઝ હઝરત અહમદ રઝા."*

### ★ અશ્શયખુલ કબીર મૌલાના અબુલ ખૈર અહમદ મિરદાદ (મક્કા મુકર્રમા) ★

આ'લા હઝરત رحمۃاللہ علیہ વિશે કહે છે :– *"અલ્લામાએ ફાઝિલ, પોતાની બારીક દષ્ટિવાળી નિગાહો વડે મુશ્કેલીઓ તથા દુશ્વારીઓને હલ કરનારા અહમદ રઝાખાન જે ઈસ્મે બામુસમ્મા છે, તેમના શબ્દોનાં મોતીઓ જવાહિરો અર્થોના પ્રમાણે છે, બારીકીઓનો ખજાનો, મહફૂઝ ખજાનાઓથી ચૂંટેલા, બપોરના સમયે ચમકતા મઅરેફતના સૂર્ય, ઈલ્મોની જાહેરી તથા આંત્રિક મુશ્કેલીઓને દૂર કરનારા, એમના ફઝાઈલથી વાકેફ વ્યક્તિ માટે એ કહેવું યોગ્ય સ્થાને છે કે આગલા પાછલાઓ માટે ઘણુ બધું છોડી ગયા.*

*એઓ જો કે સમયના હિસાબે પાછલાઓમાંથી છે પણ તે વાતો રજૂ કરી રહ્યા છે જે મુતક઼દ્દિમીન (આગલાઓ)એ પણ રજૂ કરી ન હતી. અલ્લાહની કુદરતથી એ અશક્ય નથી કે કાઈનાતને એક એકલી વ્યક્તિમાં ભેગી કરે આપે."*

## ઈલ્મના અસીમ દરિયા, મન્તિકના સમુદ્ર, આપણા આક઼ા, સમયના અજોડ, સૌથી ઊંચા, આ સદીના મુજદ્દિદ !

### ★ શયખુદ્દલાઈલ હઝરત મૌલાના અબ્દુલહક્ક઼ મુહાજિરે મક્કી ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– "અલ્લામા, આલિમે જલીલ, દરયાએ ઝખ્ખાર, અબુલ કલામ, ખૂબ જ અધિક પ્રમાણમાં ફઝ્લ તથા એહસાનવાળા, દિલેર, બુલંદ હિંમતવાળા દરિયા, તેજ દિમાગવાળા, દાનિશમંદ, અસીમ દરિયા, શરીફ તથા ઈજ્જતના માલિક, સબક઼ત (અગ્રતા)વાળા, બુદ્ધિવાન, સુથરા, કરમવાળા, આપણા આક઼ા, ઘણા જ સમજદાર હાજી અહમદ રઝાખાં જ્યાં રહે અલ્લાહ એમનો થાય."

### ★ હઝરત મૌલાના સૈયદ ઈસ્માઈલ ખલીલ, મુહાફિઝે કુતુબે હરમ ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– "આલિમે બાઅમલ, ફાઝિલે કામિલ, સાહિબે મનાક઼િબો મફાખિર, આ કહેવતને ખરી પાડનારા કે આગલા પાછલાઓ માટે ઘણુ બધુ છોડી ગયા, જમાનાના અજોડ, પોતાના સમયના અનોખા, હઝરત મૌલાના અહમદ રઝાખાં.......તે કેમ ન એવા હોય જ્યારે કે મક્કાના ઉલમા એમના ફઝાઈલની ગવાહી આપી રહ્યા છે. જો તે સૌથી ઉચ્ચ મક઼ામ પર ન હોત તો મક્કાના ઉલમા તેમના સંબંધે આવી ગવાહી ન આપત, બલ્કે હું કહું છું કે જો એમના હક્ક઼માં એવું કહેવામાં આવે કે તે **'સદીના મુજદ્દિદ'** છે તો વિના શંકાએ સહીહ છે. ખુદાની કુદરતથી એ અશક્ય નથી કે કાઈનાતને એક વ્યક્તિમાં એકત્ર કરી આપે."

### ★ હઝરત મૌલાના સૈયદ અબુલ હુસૈન મરઝૂકી અમીનુલ ક઼વી ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– "મહાન આલિમ, ઘણા જ અધિક ઈલ્મના મહાન સમજવાળા દરિયા, અઢળક ફઝીલતોના માલિક, ઉઘાડી મહાનતાઓથી જોડાયેલા, દીનના ઉસૂલ તથા ફુરૂઅમાં અને વિવિધ તથા અનેક વિષયો ખાસ કરીને દીનથી નીકળી જનારા બદમઝહબોની રદમાં ઘણી બધી કિતાબોના લેખક, મેં તેમનો ઝિક્રે ખૈર અને અઝીમ દરજાઓની ચર્ચા પહેલેથી જ સાંભળી રાખી હતી, અને તેમની અમુક કિતાબોના (જેમની કંદીલના નૂરથી હક્ક઼ ઓળખાય છે) અભ્યાસથી પણ મુશર્રફ હતો, જેનાથી તેમની મહોબ્બત મારા ક઼લ્બો જિગરમાં બેસી ગઈ હતી. ઈશ્ક઼ તો કદી કદી દીદાર વિના પણ થઈ જતો હોય છે, ગમે તેમ પણ અલ્લાહનો કરમ થયો અને એમની સાથે મુલાક઼ાત થઈ તો મેં તેમની અંદર તે કમાલો જોયા જેમને વર્ણવી નથી શક્તો. **મેં તેમને ઈલ્મના એવા ઉચ્ચ પહાડ જોયા જેના નૂરનો સ્તંભ ઘણો જ ઊંચો છે, મઅરેફતોનો એવો દરિયો પામ્યા જેમાંથી મસાઈલ નહેરોની જેમ છલકાય છે !** તૃપ્ત દિમાગવાળા, એવા ઈલ્મો ધરાવનારા જેમનાથી ગુમરાહીના ઝરીયા રોકાય જાય છે, દીની ઈલ્મોની સાબિતીની રક્ષામાં મજબૂત વાત કરનારા, ઈલ્મે કલામ, ફિક઼્હ તથા ફરાઈઝ પર હાવી (છવાયેલા) તથા ગાલિબ, અલ્લાહની તૌફીક઼થી ફર્ઝો, વાજિબો, સુન્નતો તથા મુસ્તહબોના પાબંદીથી આમિલ, અરબિયત તથા ગણિતના નિષ્ણાત, મન્તિક (Psychology)ના એવા સમુદ્ર જેનાથી મોતીઓ હાંસલ કરવામાં આવે, ઈલ્મે ઉસૂલ સુધી પહોંચીને સરળ કરી દેનારા હઝરત મૌલાના અલ્લામા ફાઝિલે બરેલ્વી અહમદ રઝા."

## મશ્હૂર ઉલમાના સરદાર, ઈસ્લામની નેકનસીબી, દીનના શેર, દીનને જીવંત કરનાર, આપણુ ગૌરવ, જેમનાથી મખ્લૂક઼ને હિદાયત મળી

### ★ મૌલાના શયખ ઉમર બિન અબીબકર બાજુનૈદ, અમીનુલ ફતાવા ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– ''હઝરત અહમદ રઝા એવા મહાન સમજવાળા ફાઝિલ અલ્લામા કે દૂર દરાઝથી સફર કરીને તેમનાથી ફાયદો પામવા માટે પહોંચવામાં આવે તો એ યોગ્ય છે.''

### ★ હઝરત મૌલાના શયખ આબિદ બિન હુસૈન માજી મુફ્તીએ માલિકિયહ ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– ''મશ્હૂર ઉલમાના સરદાર, મોઅઝ્ઝઝ્ ફાઝિલોના ગર્વના લાયક, દીને ઈસ્લામની સઆદત, મહમૂદ સીરત, દરેક કામમાં પસંદીદા, અદ્‌લવાળા, આલિમે બાઅમલ, એહસાન કરનારા આક઼ા હઝરત અહમદ રઝાખાં, અલ્લાહે આ ફિત્ના તથા વિશ્વવ્યાપી બુરાઈના જમાનામાં તેમને દીને મતીનને ઝિંદા કરવાની તૌફીક઼ આપી અને તેમની સાથે ભલાઈનો ઈરાદો ફર્માવ્યો, તે સૈયદુલ મુરસલીન صلی اللہ علیہ وسلمના વારિસ છે.''

### ★ હઝરત મૌલાના અલી ઈબ્ને હુસૈન માલિકી ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– ''ઈલ્મવાળા, મઆરિફ તથા હિદાયતના વાલી, બલાગ઼ત (ઉમદા વાણી)ના માલિક, દુનિયાને એમના પર નાઝ છે, લોકોની નિગાહમાં ઈજ્જત તથા હુરમત (સન્માન)વાળા, એવી સમજદારીના માલિક જેનાથી ઈલ્મનાં ઝરણાઓ વહે છે, તેમણે મક઼સદોની શરહ કરી તો તે સઅદુદ્દીન થયા, પોતાની દાનાઈ વડે મવાકિ઼ફની રોશન શરહ કરી, હિદાયતના પ્રોત્સાહક, અમારુ ગૌરવ, પસંદીદા અફઆલવાળા, કુ઼ર્આને મોહકમના કશ્શાફ (રહસ્યો ખોલનાર), તેમનાથી મુશ્કેલીઓના અર્થો સ્પષ્ટ થયા, તેમનું બયાન એવું અજોડ છે જેની હારો જવાહિરાતની ઝીનત છે, એમનો ખુલાસો દલાઈલે એઅ્જાઝની સાથે થાય છે, તેમનાથી બલાગતનાં રહસ્યો બિલ્યકી઼ન સ્પષ્ટ છે, દીની ઈલ્મોને જીવંત કરનારા, સારી સીરતના માલિક, દરેક નવા ઉપસ્થિત થતા મસ્અલામાં ફૈંસલો કરનારા રઝા, ફઝાઈલના માલિક અહમદ રઝા બરેલ્વી જેમનાથી મખ્લૂક઼ને હિદાયત મળી.''

### ★ મૌલાના શયખ અસ્અદ બિન અહમદ દહાન–મુદર્રિસ હરમ શરીફ ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– ''સમયના અનોખા, રાત તથા દિવસના ખુલાસા, તે અલ્લામા જેમના કારણે મુતાખ્ખેરીન (પાછલા) મુતક઼દ્દિમીન (આગલાઓ) પર ફખ્ર કરે છે, જલીલુલ ફહમ (મહાન સમજવાળા) જેમણે પોતાના ઉઘાડા બયાન વડે ઉમદા વક્તાઓને બેઝબાન કરી દીધા.''

### ★ હઝરત સૈયદ શરીફ અહમદ બરઝંજી–મુફ્તીએ શાફઈયહ મદીના મુનવ્વરા ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે : ''અલ્લામાએ કામિલ, માહિરે મશ્હૂર, સાહિબે તેહકી઼ક઼ વ તન્કી઼હ વ તદકી઼ક઼ વ તઝઈન, આલિમે અહલે સુન્નત જનાબ હઝરત અહમદ રઝાખાં, અલ્લાહ

*તઆલા તેમની તૌફીક઼ તથા બુલંદી હમેશાં રાખે."*

આ સિવાય પણ તે સમયના અરબના, મક્કા–મદીનાના શયખો તથા બુઝુર્ગોએ આપની જે ભરપુર પ્રશંસા કરી છે જેના માટે એક લાયબ્રેરી ખડી કરવી પડે એટલી કિતાબો ભેગી થાય.

## કેટલાક ન્યુટ્રલ હઝરાતના પ્રતિભાવ આ'લા હઝરત સંબંધે

આ હતા અહલે સુન્નતના હનફી, શાફઈ, માલિકી, હંબલી સર્વ મઝહબના ઈમામો શયખો જેમણે આ'લા હઝરતની કિતાબો, ફતાવા, તર્જુમા કુર્આન તથા આપની મુલાકાતોના જે પ્રતિભાવો આપ્યા તેને આપે જોઈ લીધા, હવે આવો કેટલાક ન્યુટ્રલ હઝરાતે આ'લા હઝરત رحمۃ اللہ علیہને કેવા મહાન પામ્યા તેનો પણ અભ્યાસ કરી લો :–

### ★ મૌલાના ખલીલુર્રહમાન બિન મૌલાના અહમદ અલી સહારનપુરી ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે શું કહે છે ? :– *"હિ.સ. ૧૩૦૩માં મદરસતુલ હદીષ પીલીભીતની સ્થાપ્નાના જલસામાં સહારનપુર, લાહોર, કાનપુર, રામપુર, બદાયૂંના ઉલમાની હાજરીમાં હઝરત મુહદ્દિષે સૂરતીની ખ્વાહિશ પર* ***આ'લા હઝરતે 'ઈલ્મે હદીષ' પર સતત ત્રણ કલાક સુધી પુરમગ્ઝ તથા મુદલ્લલ્ તક઼રીર કરી.*** *જલ્સામાં મૌજૂદ ઉલમાએ કિરામે તેમની તક઼રીરને આશ્ચર્યભેર સાંભળી અને ખૂબ જ દાદ આપી......મૌલાના ખલીલુર્રહમાન બિન મૌલાના અહમદ અલી સહારનપુરીએ તક઼રીર પૂર્ણ થતાં આપોઆપ ઉઠીને આ'લા હઝરતની દસ્તબોસી કરી અને ફર્માવ્યું, "જો અત્યારે વાલિદે માજિદ હોત તો તે આપની ઈલ્મી સમૃદ્ધતાની દિલ ખોલીને દાદ આપત, અને તેમને એનો હક્ક઼ પણ હતો."* (મહાનામા અલ્ કૌલુસ્સદીદ–લાહોર, સપ્ટે.–૧૯૯૧)

### ★ મૌલાના હકીમ અબ્દુલ હય, મૌલાના અબુલ હસન અલી નદવીના પિતા ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– *"મોટાભાગના ઈલ્મો તથા ફનો (વિદ્યાઓ) ખાસ કરીને ફિક઼્હ તથા ઉસૂલમાં પોતાના સમયના ઉલમા પર છવાયેલા હતા."* (નુઝહતુલ ખવાતિર, ભાગ–૮, બઉન્વાન : અલ્મુફતી અહમદ રઝા બરેલ્વી)

### ★ શાઈરે મશ્રિક ડોકટર ઈકબાલ ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– *"હિંદુસ્તાનના આખરી દૌરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ જેવો પ્રતિભાશાળી અને બુદ્ધિવાન ફક઼ીહ પેદા નથી થયો. મેં તેમના ફતવાઓના અભ્યાસથી આ રાય નિશ્ચિત કરી છે. અને એમના ફતવા, એમની દિમાગી શક્તિ, સમજદારી, હોશિયારી, કમાલની ફિક઼ાહત એ દીની ઈલ્મોમાં ભરપુર ઈલ્મવાળા હોવાનાં ન્યાયી સાક્ષઓ છે. મૌલાના અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہ જાણે કે* ***પોતાના દૌરના ઈમામ અબૂ હનીફા હતા.*** (ઈમામ અહમદ રઝા નંબર, પેજ : ૫૫૯)

### ★ પ્રોફેસર મુહમ્મદ ઐયૂબ ક઼ાદરી–કરાચી ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– *"જો કે ફાઝિલે બરેલ્વી તમામ પ્રચલિત ઈલ્મોમાં સંપૂર્ણ*

*મહારત ધરાવતા હતા પણ **ફિક્હમાં તેમનો કોઈ બરોબરીયો ન હતો.** તેમની ફિક્હી સમૃદ્ધતાનો અંદાજો તેમના ફત્વાઓથી થાય છે." (મક઼ાલાતે રઝા, ભાગ–૨, પેજ : ૭૨)*

## કમાલ તો એ કે વિરોધીઓ પણ પ્રશંસા કરવા પર મજબૂર !!

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ દેવબંદી મોલ્વીઓની ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ની શાનમાં બેઅદબી કરતી વાતોની પકડ કરીને કુર્આન હદીષની રૂએ વિના ખચકાટે તેમના કુફ્રને જાહેર કર્યું અને જગતભરના અહલે સુન્નતને તેમનાથી બચવા ચેતવ્યા. પણ છતાંય આ આ'લા હઝરતનો કમાલ છે કે તે વિરોધી ગૃપના મોલ્વીઓમાંની ઈલ્મી શખ્સિયતોએ આ'લા હઝરતની ખૂબીઓને જોઈ તો અનાયાસે શું પોકારી ઉઠયા તે સાંભળો !

### ★ મૌલાના મુહમ્મદ શિબ્લી નોઅમાની (દેવબંદી) ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– *"મૌલાના અહમદ રઝા સાહબનો ઈલ્મી શજરો એટલા અંશે ઉચ્ચ કક્ષાનો છે કે **તમામ આલિમે દીન આ મોલ્વી અહમદ રઝાની સમક્ષ ઘાસના તણખલાની પણ હૈસિયત નથી ધરાવતા !** આ નાચીઝે પણ આપની વિવિધ કિતાબો જોયી છે." (માહનામા અન્નદવહ, ઓકટો–૧૯૧૪, બહવાલા : ક઼ૌલુસ્સદીદ, પેજ : ૨૬૪)*

### ★ મૌલાના એઅ્જાઝઅલી દેવબંદી ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– *"જેમ કે તમને ખબર છે કે અમે દેવબંદી છીએ અને બરેલ્વી ઈલ્મ તથા અક઼ીદાથી અમારે કોઈ સંબંધ નથી, પણ **તેમ છતાંય આ અહકર એ વાત સ્વીકારવા માટે મજબૂર છે કે આ દૌરમાં જો કોઈ મુહક્કિ઼ક઼ અને આલિમે દીન છે તો તે અહમદ રઝાખાં બરેલ્વી છે !** કેમ કે મેં મૌલાના અહમદ રઝાને જેમને આપણે આજ સુધી બિદઅતી તથા મુશ્રિક કહેતા રહ્યા છીએ, ખૂબ જ વિશાળ દષ્ટિવાળા તથા ઉચ્ચ ખયાલવાળા, ઉચ્ચ હિમતવાળા આલિમે દીન, સાહિબે ફિક્રો નઝર પામ્યા છે. **આપની દલીલો કુર્આન તથા હદીષથી વિરોધાભાસવાળી નથી બલ્કે તેના મુતાબિક઼ છે,** જેથી હું આપને મશ્વરો આપુ છું કે જો આપને કોઈ મુશ્કેલ મસ્અલામાં કોઈ પ્રકારની ઉલઝન ઉભી થાય તો તમે બરેલીમાં જઈને મૌલાના અહમદ રઝાખાં બરેલ્વીથી તેહક઼ીક઼ કરો." (રિસાલા અન્નૂર, થાના ભવન, બહવાલા અલ્ ક઼ૌલુસ્સદીદ, પેજ : ૨૬૧)*

### ★ દેવબંદી મૌલાના અન્વર શાહ કશ્મીરી ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– *"જ્યારે બંદો તિર્મિઝી શરીફ તથા અન્ય હદીષની કિતાબોની શરહો લખી રહ્યો હતો તો જરૂરત પ્રમાણે હદીષોના જુઝિયા જોવાની જરૂરત ઉભી થતી તો મેં શીઆ હઝરાત તથા અહલે હદીષ હઝરાત તથા દેવબંદી હઝરાતની કિતાબો જોયી, પણ દિમાગને સંતોષ ન થયો. છેવટે એક મિત્રના મશ્વરાથી મૌલાના અહમદ રઝા સાહબ બરેલ્વીની કિતાબો જોયી તો મારું દિલ સંતુષ્ઠ થઈ ગયું કે હું હવે સારી રીતે હદીષોની શરહો વિના સંકોચે લખી શકું છું ! તો બરેલ્વી હઝરાતના અગ્રગણ્ય આલિમ મૌલાના અહમદ રઝાખાંના લખાણો સ્પષ્ટ તથા મજબૂત છે*

જેને જોઈને એ અંદાઝો થાય છે કે મોલ્વી અહમદ રઝાખાં સાહબ એક જબરદસ્ત આલિમે દીન તથા ફક઼ીહ છે." (રિસાલા દેવબંદ : ૨૧–જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૩૩૦, બહવાલા કૌલુસ્સદીદ, પેજ : ૨૬૨)

**★ મૌલાના સૈયદ સુલૈમાન નદવી ★**

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– "આ અહકરે જનાબ મૌલાના અહમદ રઝાખાં સાહબ બરેલ્વીની ***અમુક કિતાબો જોયી તો મારી આંખો અંજાયેલી રહી ગઈ ! આશ્ચર્યમાં હતો કે ખરેખર આ કિતાબો મૌલાના બરેલ્વી મર્હૂમની છે ?!*** જેમના સંબંધે કાલ સુધી એવું સાંભળ્યું હતું કે તે કેવળ બિદઅતીઓના પ્રવક્તા છે. અને કેવળ અુમક ફુરૂઈ મસાઈલ સુધી જ સીમિત છે. પણ આજે જાણવા મળ્યું કે ના ! એઓ બિદઅતીઓના નક઼ીબ (લીડર) નથી, બલ્કે એઓ તો ***આલમે ઈસ્લામના સ્કોલર*** તથા ***ઉચ્ચ નમૂના*** જોવા મળે છે. જે પ્રમાણે મૌલાના મર્હૂમના લખાણોમાં ગહરાઈ જોવા મળે છે એટલા પ્રમાણમાં તો મારા ઉસ્તાઝે મુકર્રમ જનાબ શિબ્લી સાહબ અને મૌલાના અશરફઅલી થાનવી તથા મૌલાના મહમૂદુલ હસન સાહબ દેવબંદી અને અલ્લામા શબ્બીર હસન ઉષ્માનીની કિતાબોની અંદર પણ નથી." (રિસાલા દેવબંદ, પેજ : ૨૧, જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૩૩૦, બહવાલા અલ્ ક઼ૌલુસ્સદીદ, પેજ : ૨૬૨)

**★ મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની દેવબંદી ★**

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– "તે ઘણા જ 'મહાન આલિમે દીન' અને 'ઉચ્ચ કક્ષાના મોહક્ક઼િક઼' હતા." (રિસાલા હાદી દેવબંદી, પેજ : ૨૦, ઝીલ હજ્જ, હિ.સ. ૧૩૬૯, બહવાલા અલ્ક઼ૌલુસ્સદીદ, પેજ : ૨૬૨)

**★ મૌલાના અબુલ આ'લા મૌદૂદી (બાની જમાઅતે ઈસ્લામી) ★**

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– "મૌલાના અહમદ રઝા સાહબના ઈલ્મો ફઝ્લનો મારા દિલમાં ઘણો જ એહતેરામ છે. ખરેખર તે દીની ઈલ્મો પર ગહરી નજર ધરાવતા હતા, અને તેમની આ ફઝીલતનો સ્વીકાર એ લોકોને પણ છે જેઓ એમનાથી મતભેદ ધરાવે છે." (મક઼ાલાતે યવમે રઝા, ૨/૪૦)

**★ મૌલાના અબુલ હસન અલી નદવી ★**

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે લખે છે :– "તે એક (ઈલ્મથી) સમૃદ્ધ આલિમ હતા જેમની માલૂમાત વિશાળ હતી અને અભ્યાસ ખૂબ જ પ્રમાણમાં હતો. તે એક હરતી ફરતી ક઼લમ તથા લેખન તથા સંપાદનમાં સમૃદ્ધ ચિંતન ધરાવતા હતા. ***હનફી ફિક઼્હ તથા તેના જુઝઈય્યતથી માહિતગાર એમના સમયમાં એમના જેવો કોઈ ન હતો.*** જેના બાબતે તેમનો ફતાવાનો સંગ્રહ (ફતાવા રઝવિય્યહ્) તથા કિતાબ "કિફ્લુલ ફક઼ીહ" સાક્ષી છે જે મક્કામાં લખવામાં આવી. એઓ ગણિતશાસ્ત્ર, ગ્રહગતિ વિજ્ઞાન, જ્યોતિષ શાસ્ત્ર તથા પંચાગ વિદ્યા પર છવાયેલા હતા. ભાવિસૂચન વિદ્યા અને ભવિષ્યવાણીમાં પણ નિષ્ણાત હતા. અન્ય ઘણા ઈલ્મોમાં પણ તેમનો હિસ્સો હતો." (નુઝહતુલ ખવાતિર, ભાગ : ૮, બઉન્વાન અલ્મુફતી અહમદ રઝા અલ્બરેલ્વી)

## ★ મૌલાના મોઈનુદ્દીન નદવી ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– *"મૌલાના અહમદ રઝાખાં સાહબ બરેલ્વી મર્હૂમ આ દૌરના સાહિબે ઈલ્મો નઝર ઉલમાએ મુસન્નિફીન (લેખક આલિમો)માંથી હતા. દીની ઈલ્મો વિશેષતઃ ફિક્હ તથા હદીષ પર તેમની નજર વિશાળ તથા ગહરી હતી. મૌલાનાએ જે સમયે નજર તથા તેહક઼ીક઼ સાથે પ્રશ્નકર્તા ઉલમાના સવાલોના જવાબો લખ્યા છે, એના પરથી તેમની ઈલ્મી સમૃદ્ધતા, ઈલ્મી બસીરત, કુર્આની યાદદાશ્ત, દિમાગી શક્તિ, અને બુદ્ધિ તીવ્રતાનો પૂરે પૂરો અંદાઝો થાય છે. તેમના આલિમાના, મોહક્કિકાના ફતવા, વિરોધી તથા મુવાફિક દરેક તબક઼ાના અભ્યાસને પાત્ર છે." (માહનામા મઆરિફ–આઝમગઢ, સપ્ટે. ૧૯૪૯, બહવાલા 'ઈમામ અહમદ રઝા નંબર, પેજ : ૫૬૧)*

## ★ જનાબ મલિક ગુલામ અલી–નાઈબે મૌદૂદી ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે કહે છે :– *"હક઼ીક઼ત એ છે કે* ***મૌલાના અહમદ રઝાખાં સાહબના બારામાં અત્યાર સુધી અમે લોકો ગલતફહમીમાં સપડાયેલા રહ્યા છીએ.*** *તેમની અમુક કિતાબો તથા ફતવાઓના અભ્યાસ પછી એ નિર્ણયે પહોંચ્યો છું કે* ***જે ઈલ્મી ઊંડાણ મેં તેમને ત્યાં જોયું તે ઘણા જ ઓછા ઉલમામાં જોવા મળે છે.*** *અને ઈશ્કે ખુદા વ રસૂલ તો તેમની લીટી લીટીએથી ફૂટતુ રહે છે." (શિહાબ અઠવાડિક–લાહોર, ૨૫–નવેમ્બર, ૧૯૬૨, બહવાલા ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, બઉન્વાને અર્ઝે નાશિર)*

## ★ માહનામા (મંથલી) "મઆરિફ"–આઝમગઢ ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે લખે છે :– *"મૌલાના અહમદ રઝાખાં સાહબ મર્હૂમ પોતાના સમયના જબરદસ્ત આલિમ, લેખક તથા ફક઼ીહ હતા. તેમણે નાના મોટા સેંકડો ફિક઼્હી મસાઈલથી સંબંધિત રિસાલા લખ્યા છે. કુર્આનનો એક સરળ તર્જુમો પણ કર્યો છે. આ ઈલ્મી કારનામાંઓની સાથોસાથ હજારો ફત્વાઓના જવાબો પણ તેમણે આપ્યા છે. તેમના કેટલાક ફતવા કેટકેટલાયે પૃષ્ઠો પર છે. ફિક઼્હ તથા હદીષ પર તેમની ઘણી વિશાળ દૃષ્ટિ છે." (મઆરિફે આ'ઝમગઢ, ફેબ્રુ–૧૯૬૨, બહવાલા ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪, અર્ઝે નાશિર)*

હે ન્યાય પ્રિય વાંચકો ! આ તો એક ઝલક છે કે ગૈરો પણ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની અનાયાસે તારીફ કરતાં થાકતા નથી, જો અરબ તથા અજમના મહાન ઉલમા, દાનિશ્વરો તથા અન્ય ફિર્કાઓના ઉલમાનાં લખાણો એક જગાએ જમા કરવામાં આવે તો કિતાબોનો અંબાર લાગી જાય. આ છે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની શાન! સામાન્ય માણસ તો એને શું સમજી શકે છે ?! એને સમજવા માટે લાયબ્રેરીઓ છાનવી પડે ! મહાન ઉલમાની વાતો સાંભળવી પડે. *(વધુ માટે વાંચો કિતાબ "ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશ કી નઝરમેં" જે ગુજરાતીમાં દયાદરા મળશે. લેખક : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી)*

આ ઈલ્મી કમાલો ઉપરાંત રૂહાની કમાલો તથા આપની કરામતો પણ અસંખ્ય છે જેના માટે "તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા" કિતાબનો અભ્યાસ કરશો, ખુદાએ ચાહ્યું તો ક્યારેક આ'લા હઝરતની કરામતો પણ વર્ણન થશે. (ઈન્શાઅલ્લાહ !)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

કાર્યાલય


અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَاَقِيۡمُوا الصَّلٰوةَ
وَاٰتُوا الزَّكٰوةَ ؕ وَمَا تُقَدِّمُوۡا لِاَنۡفُسِكُمۡ مِّنۡ خَيۡرٍ تَجِدُوۡهُ
عِنۡدَ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بِمَا تَعۡمَلُوۡنَ بَصِيۡرٌ ﴿۱۱۰﴾ وَقَالُوۡا
لَنۡ يَّدۡخُلَ الۡجَنَّةَ اِلَّا مَنۡ كَانَ هُوۡدًا اَوۡ نَصٰرٰى ؕ
تِلۡكَ اَمَانِيُّهُمۡ ؕ قُلۡ هَاتُوۡا بُرۡهَانَكُمۡ اِنۡ كُنۡتُمۡ
صٰدِقِيۡنَ ﴿۱۱۱﴾ بَلٰى ۚ مَنۡ اَسۡلَمَ وَجۡهَهٗ لِلّٰهِ وَهُوَ
مُحۡسِنٌ فَلَهٗۤ اَجۡرُهٗ عِنۡدَ رَبِّهٖ ۖ وَلَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا
هُمۡ يَحۡزَنُوۡنَ ﴿۱۱۲﴾ وَقَالَتِ الۡيَهُوۡدُ لَيۡسَتِ النَّصٰرٰى عَلٰى
شَىۡءٍ ۖ وَّقَالَتِ النَّصٰرٰى لَيۡسَتِ الۡيَهُوۡدُ عَلٰى شَىۡءٍ ۙ
وَّهُمۡ يَتۡلُوۡنَ الۡكِتٰبَ ؕ كَذٰلِكَ قَالَ الَّذِيۡنَ لَا يَعۡلَمُوۡنَ
مِثۡلَ قَوۡلِهِمۡ ۚ فَاللّٰهُ يَحۡكُمُ بَيۡنَهُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ فِيۡمَا
كَانُوۡا فِيۡهِ يَخۡتَلِفُوۡنَ ﴿۱۱۳﴾ وَمَنۡ اَظۡلَمُ مِمَّنۡ مَّنَعَ مَسٰجِدَ
اللّٰهِ اَنۡ يُّذۡكَرَ فِيۡهَا اسۡمُهٗ وَسَعٰى فِىۡ خَرَابِهَا ؕ اُولٰٓئِكَ
مَا كَانَ لَهُمۡ اَنۡ يَّدۡخُلُوۡهَاۤ اِلَّا خَآئِفِيۡنَ ؕ لَهُمۡ فِى
الدُّنۡيَا خِزۡىٌ وَّلَهُمۡ فِى الۡاٰخِرَةِ عَذَابٌ عَظِيۡمٌ ﴿۱۱۴﴾
وَلِلّٰهِ الۡمَشۡرِقُ وَالۡمَغۡرِبُ ۚ فَاَيۡنَمَا تُوَلُّوۡا فَثَمَّ وَجۡهُ
اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ وَاسِعٌ عَلِيۡمٌ ﴿۱۱۵﴾

અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો[૧૯૪] અને પોતાની જાત માટે જે ભલાઇ આગળ મોકલશો તેને અલ્લાહને ત્યાં પામશો, બેશક ! અલ્લાહ તમારાં કામ જોઇ રહ્યો છે (૧૧૦) અને અહલે કિતાબ બોલ્યા કદાપિ જન્નતમાં નહીં જશે પણ તે જે યહૂદી યા નસરાની હોય[૧૯૫] આ તેમના તર્કો છે, તમે ફરમાવો, લાવો તમારી દલીલ[૧૯૬] જો તમે સાચા હોવ (તો) (૧૧૧) હા ! કેમ નહીં જેણે પોતાનું મોઢું નમાવ્યું અલ્લાહ માટે અને તે નેકી કરનાર છે[૧૯૭] તો તેનો નેક બદલો તેના રબની પાસે છે, તેમને ન કંઇ ચિંતા હશે ન દુ:ખ[૧૯૮] (૧૧૨) અને યહૂદી બોલ્યા, નસરાની (ખ્રિસ્તી) કંઇ નથી[૧૯૯] અને નસરાની બોલ્યા, યહૂદીઓ કંઇ નથી જો કે તેઓ કિતાબ પઢે છે[૨૦૦] એ જ રીતે જાહિલોએ એમના જેવી વાત કહી[૨૦૧] તો અલ્લાહ કયામતના દિવસે એમનામાં ફૈંસલો કરી દેશે જે વાતમાં ઝઘડી રહ્યા છે (૧૧૩) અને એનાથી વધારે જાલિમ કોણ[૨૦૨] જે અલ્લાહની મસ્જિદોમાં તેનું નામ લેવાથી રોકે[૨૦૩] અને એમની વેરાનીમાં પ્રયત્ન કરે[૨૦૪] તેઓને ન છાજતું હતું કે મસ્જિદોમાં જાય પણ બીતાં બીતાં, તેમના માટે દુનિયામાં ફજેતી છે[૨૦૫] અને તેમના માટે આખિરતમાં મોટો અઝાબ (૧૧૪) અને પૂર્વ પશ્ચિમ બધુ અલ્લાહનું જ છે. તો તમે જે તરફ મોઢું કરો તે તરફ વજહુલ્લાહ (ખુદાની રહમત તમારા તરફ) છે.[૨૦૬] બેશક ! અલ્લાહ વિરાટ મહાજ્ઞાની છે (૧૧૫)

૧૯૪. મોમિનોને યહૂદીઓ તરફથી દરગુજર કરવાનો આદેશ આપ્યા પછી હવે તેઓને પોતાની જાતની સુધારણા કરવા તરફ ધ્યાન અપાવે છે.

૧૯૫. એટલે કે યહૂદીઓ કહે છે કે જન્નતમાં માત્ર યહૂદીઓ જ જશે અને નસરાની (ખ્રિસ્તી) કહે છે કે ફકત નસરાનીઓ જ એમાં દાખલ થશે, તેઓ આ બાબત મુસલમાનોને તેમના દીનથી ફેરવી નાખવા માટે કહે છે, જેવી રીતે મન્સૂખ થવા બાબત વિગેરે પર વાહિયાત ટીકાઓ તેમણે એવી આશાએ કરી હતી કે મુસલમાનોને પોતાના દીનમાં શંકા કુશંકા જન્મે, એ રીતે જે તેઓ આ પ્રચાર કરીને મુસલમાનોને જન્નતથી નિરાશ બનાવી પોતાના દીનથી તેઓને ફેરવી નાખવાના પ્રયત્નો કરે છે, જેમકે પારાના અંતે તેમનું આ કથન ટાંકયું છે, وَقَالُوا كُونُوا هُودًا اَوْنَصٰرٰى تَهْتَدُوْا (બોલ્યા હિદાયત મેળવવી હોય તો યહૂદી અથવા નસરાની બની જાવ) અહીં અલ્લાહ તઆલાએ એમના આ જૂઠા ખ્યાલને રદીયો આપ્યો છે.

૧૯૬. **મસઅલો** :- આ આયતથી જાણવા મળ્યું કે નકારનો દાવો કરનાર માટે પણ દલીલ બયાન કરવી જરૂરી છે, એના વગર તેનો દાવો સાંભળવા લાયક ગણાશે નહિ.

૧૯૭. પછી ભલે તે ગમે તે સમય ગમે તે વંશ કે ગમે તે કૌમનો હોય.

૧૯૮. આમાં એ વાતનો ઇશારો છે કે યહૂદીઓ અને નસારાનો એ દાવો કે જન્નતના માત્ર તેઓ જ માલિક છે તે તદ્દન ખોટો છે, કારણ કે જન્નતમાં પ્રવેશવાનો દારોમદાર સાચી માન્યતાઓ અને સારાં કર્મો પર છે. અને એમની પોતાની પાસે તો આ વસ્તુઓ છે નહિ.

**શાને નુઝૂલ :** ૧૯૯. નજરાન મુકામના નસારાનું એક પ્રતિનિધિ મંડળ હુઝૂર ﷺની સેવામાં હાજર થયું. ત્યારે યહૂદીઓના ધર્મ ગુરૂઓ પણ આવ્યા, બન્નેમાં વાદવિવાદ થયો, અવાજો ઊંચા થયા અને ઘોંઘાટ મચી ગયો; યહૂદીઓ કહેવા લાગ્યા કે નસારાનો ધર્મ કોઇ વસ્તુ નથી, અને તેઓએ હઝરત ઇસા علیہ السلام અને ઇન્જીલનો ઇન્કાર કર્યો, એ જ રીતે નસારાએ યહૂદીઓને કહ્યું કે તમારો ધર્મ કોઇ વસ્તુ નથી, અને તવરાત તેમજ હઝરત મૂસા علیہ السلامનો ઇન્કાર કર્યો, તે વિશે આ આયત ઉતરી.

૨૦૦. એટલે કે ઇલ્મ ધરાવતા હોય છતાં તેઓએ આવી જાહિલો જેવી વાત કરી, જો કે ઇન્જીલ જેને નસારા માને છે કે તેમાં તવરાત અને હઝરત મૂસા علیہ السلامની નુબુવ્વતની સત્યતા જાહેર કરેલી છે, એવી જ રીતે તવરાત જેને યહૂદીઓ માને છે તેમાં હઝરત ઇસા علیہ السلامની નુબુવ્વત અને તેમના તમામ હુકમોની સત્યતા વર્ણવેલી છે, જે આપને ખુદા તરફથી અપાઇ હતી.

૨૦૧. અહલે કિતાબના આલિમોની જેમ તે જાહિલો જે ન તો ઇલ્મ ધરાવતા હતા ન કિતાબ, જેવા કે મૂર્તિ પૂજકો, અગ્નિ પૂજકો વિગેરે એમણે પણ તમામ ધર્મવાળાઓને જૂઠા જાહેર કર્યા. અને કહ્યું કે એ બધા કોઇ વસ્તુ નથી, એવા જ જાહિલોમાં અરબના મશ્રિકો પણ છે જેઓએ હુઝૂર ﷺ અને આપના દીનની શાનમાં આવા જ શબ્દો કહ્યા.

૨૦૨. **શાને નુઝૂલ** :- આ આયત બયતુલ મુકદ્દસની બેઅદબી વિશે ઉતરી. જેનો બનાવ ટૂંકમાં આ મુજબ છે કે રોમના નસરાનીઓએ બની ઇસરાઇલ પર ચઢાઇ કરી, એમના બહાદુર અને અનુભવી માણસોને મારી નાખ્યા. છોકરાઓને કેદ કર્યા, તવરાતને બાળી મૂકી, બયતુલ મુકદ્દસને વેરાન કર્યું, તેમાં નાપાકી નાખી, સુવ્વર ઝુબેહ કર્યા (ખુદાની પનાહ). હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہના ખિલાફતકાળ સુધી બયતુલ મુકદ્દસ આવી વેરાનીની હાલતમાં રહ્યું, આપના સમયમાં મુસલમાનોએ એનો

જીર્ણોધ્ધાર કર્યો.

એક મંતવ્ય એવુ છે કે આ આયત મક્કાના મુશ્રિકો વિશે ઉતરી, જેઓએ ઇસ્લામની શરૂઆ-તના સમયમાં હુઝૂર ﷺ અને આપના સહાબાને કાબા શરીફમાં નમાઝ પઢતા રોક્યા હતા અને હુદેબિયહના બનાવ વખતે એમાં નમાઝ પઢવાની અને હજ કરવાની મનાઇ કરી હતી.

૨૦૩. નમાઝ, ખુત્બો, તસ્બીહ, વઅઝ, નઅત શરીફ વિગેરે તમામ બાબતોને ઝિક્ર કહી શકાય છે, અને અલ્લાહના ઝિક્રની મનાઇ કરવી દરેક જગ્યાએ ખરાબ છે પણ ખાસ કરીને મસ્જિ-દમાં આમ કરવાથી રોકવું વધારે ખરાબ છે, કારણ કે મસ્જિદો એટલા કામ માટે જ બનાવવામાં આવે છે.

**મસઅલો** :- જે માણસ મસ્જિદને ઝિક્ર નમાઝ વિગેરેથી ખાલસા કરે તે મસ્જિદને વેરાન કરનાર અને મોટો જાલિમ છે.

૨૦૪. **મસઅલો** :- મસ્જિદની વેરાની જે રીતે તેમાં નમાઝ ઝિક્ર વિગેરે બંધ કરાવવાથી થાય છે. એ જ રીતે તેની ઇમારતને નુકસાન પહોંચાડવાથી અને તેની બેઅદબી કરવાથી પણ થાય છે.

૨૦૫. દુનિયામાં તેમની બેઇજજતી અને ફજેતી એ રીતે થઇ કે તેઓ કત્લ કરવામાં આવ્યા, અને દેશનિકાલ થયા, ફારૂકી અને ઉસ્માની ખિલા-ફત સમયે શામ (સિરિયા) તેમના કબ્જામાંથી જતું રહ્યું, અને બયતુલ મુકદ્દસમાંથી પણ બેઇજજતીથી કાઢવામાં આવ્યા.

**શાને નુઝૂલ :**

૨૦૬. સહાબાએ કિરામ એક અંધારી રાત્રે હુઝૂર ﷺ સાથે સફરમાં હતા, કિબ્લાની દિશા જાણી શકાઇ નહીં, દરેક માણસને જે તરફ તેના દિલે ગવાહી આપી તે તરફ નમાઝ પઢી લીધી, સવારમાં હુઝૂર ﷺની સેવામાં બનાવ કહી સંભળાવ્યો ત્યારે આ આયત ઉતરી.

**મસઅલો** :- આનાથી જાણવા મળ્યું કે જ્યારે કિબ્લાની દિશા ન યાદ હોય ત્યારે દિલ જે કિબ્લાની દિશા કહે તે તરફ મોઢું કરીને નમાઝ પઢે.

આ આયતના શાને નુઝૂલમાં એક બીજું મંતવ્ય એ છે કે આ મુસાફિર માટે ઉતરી છે જે સવારી પર બેઠો બેઠો નફલ પઢતો હોય, તેની સવારી જે દિશામાં જતી હોય તે દિશામાં એની નમાઝ દુરસ્ત છે, બુખારી અને મુસ્લિમની હદીષોથી એ સાબિત છે કે જ્યારે કિબ્લાની ફેરબદલીનો હુકમ આપવામાં આવ્યો ત્યારે યહૂદીઓ મુસલમાનોની મશ્કરી કરવા લાગ્યા, તેમને રદીયો આપવા આ આયત ઉતરી, જેમાં ફરમાવવામાં આવ્યું કે પૂર્વ અને પશ્ચિમ બધું અલ્લાહનું જ છે, તે જે દિશામાં ઇચ્છે તે તરફ કિબ્લો નક્કી કરે, કોઇને વાંધો ઉઠાવવાનો શું હક છે? *(ખાઝિન)*

એક મંતવ્ય એવું છે કે આ આયત દુઆના વિષયમાં ઉતરી, હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું કે કઇ દિશામાં મોઢું રાખી દુઆ કરવામાં આવે ? તેના જવાબમાં આ આયત ઉતરી.

એક મંતવ્ય એ છે કે આ આયત હક વાતથી નાસ ભાગ કરવા વિશે છે, અને **اَيۡنَمَا تُوَلُّوا** (જે તરફ મોઢું કરો તે તરફ) નું સંબોધન તે લોકો માટે છે જેઓ અલ્લાહના ઝિક્રથી રોકે છે અને મસ્જિ-દોને વેરાન કરવાના પ્રયત્નો કરે છે કે તેઓ દુનિયાવી ફજેતી અને આખિરતના અઝાબથી ક્યાંયે ભાગી શકતા નથી, કારણ કે પૂર્વ અને પશ્ચિમ બધું અલ્લાહનું જ છે જ્યાં નાસીને જશો ત્યાં તે તેમને પકડશે, આ અર્થમાં વજહુલ્લાહનો માયનો અલ્લાહની નજીકી થશે. (ફત્હ)

એક મંતવ્ય એવું છે કે જો કાફિરો ખાનએ કાબામાં નમાઝ પઢવાની મનાઇ કરે તો તમારા માટે સમસ્ત ધરતી મસ્જિદ બનાવી દેવામાં આવી છે, જ્યાંથી ઇચ્છો ત્યાંથી કિબ્લા તરફ મોઢું કરીને નમાઝ પઢો.

**વુઝૂની સુન્નતોનું પ્રકરણ**[૧]. : (પ્રથમ પ્રકરણ) હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ ઊંઘમાંથી જાગે તો વાસણમાં પોતાનો હાથ જ્યાં સુધી ત્રણવાર ધોઈ લે ત્યાં સુધી ન નાખે, કેમ કે તે નથી જાણતો કે તેનો હાથ ક્યાં રહ્યો[૨]. *(મુસ્લિમ, બુખારી)*

એમનાથી જ રિવાયત છે કે રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પોતાની ઊંઘમાંથી જાગે પછી વુઝૂ કરે તો ત્રણવાર નાક ખંખેરે, કેમ કે શૈતાન તેના નસકોરા પર રાત પસાર કરે છે[૩]. *(મુસ્લિમ, બુખારી)*

અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ ઈબ્ને આસિમને કહેવામાં આવ્યું કે રસૂલલ્લાહ ﷺ કેવી રીતે વુઝૂ કરતા હતા, તો આપે પાણી મંગાવ્યું પછી પોતાના હાથો પર નાખ્યું, બંનેવ હાથ બબ્બે વાર ધોયા[૪]. પછી કુલ્લી (કોગળો) કરી અને નાક ખંખેર્યુ (ત્રણવાર) પછી ત્રણવાર મો ધોયું, પછી હાથ બે વાર કોણીઓ સુધી ધોયા. પછી બંને હાથો વડે પોતાના માથાનો મસહ કર્યો કે તેને આગળ પાછળ લઈ ગયા. માથાના આગલા હિસ્સાથી શરૂ કર્યું પછી તેને બોચી સુધી લઈ ગયા, પછી પરત લાવ્યા ત્યાં સુધી કે એ જ જગાએ પરત લાવ્યા જ્યાંથી શરૂ કર્યુ હતું[૬]. પછી પોતાના પગો ધોયા[૭]. *(માલિક તથા નસાઈ)* અબૂ દાઊદની રિવાયત પણ એ જ પ્રમાણે છે જે પ્રમાણે જામેઅવાળાએ વર્ણવ્યું છે[૮]. અને મુસ્લિમમાં છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ ઈબ્ને આસિમથી કહેવામાં આવ્યું કે આપ અમારી સમક્ષ નબી ﷺનું વુઝૂ કરો, તો આપે વાસણ મંગાવ્યું, એના વડે હાથો પર પાણી લઈને ત્રણવાર ધોયા, પછી પોતાના હાથ વાસણોમાં નાખ્યા પછી કાઢયા[૯]. પછી એક ખોબા વડે કુલ્લી કરી અને નાકમાં પાણી લીધું[૧૦]. એવું ત્રણ વાર કર્યું. પછી પોતાનો હાથ નાખીને કાઢયો, પોતાનું મોઢું ત્રણવાર ધોયું પછી હાથ નાખીને કાઢયો તો કોણીઓ સુધી બન્ને વાર હાથ ધોયા. પછી હાથ નાખીને કાઢયો તો માથાનો મસહ કર્યો તો પોતાનો હાથ આગળ પાછળ લઈ ગયા, પછી ઘૂંટીઓ સુધી પોતાના પગો ધોયા[૧૧]. પછી ફર્માવ્યું, હુઝૂર ﷺનું વુઝૂ આ જ પ્રમાણે હતું[૧૨]. અને એક રિવાયતમાં છે કે બંનેવ હાથોને આગળ પાછળ લઈ ગયા, માથાના આગલા હિસ્સાથી શરૂ કર્યું પછી તેમને બોચી સુધી લઈ ગયા, પછી પરત લાવ્યા એટલે સુધી કે એ જગાએ લાવ્યા જ્યાંથી શરૂ કર્યું હતું. પછી પોતાના હાથ ધોયા. અને એક રિવાયતમાં છે કે કુલ્લી કરી, નાકમાં પાણી લીધું અને નાક ખંખેર્યુ ત્રણવાર ત્રણ ખોબા પાણી વડે[૧૩]. અને રિવાયતમાં છે કે એક હાથ વડે કુલ્લી કરી અને નાકમાં પાણી લીધું[૧૪]. આવુ ત્રણવાર કર્યું. અને બુખારીની રિવાયતમાં છે કે માથાનો મસહ કર્યો તો આથ આગળ તથા પાછળ એકવાર લઈ ગયા[૧૫]. પછી ઘૂંટીઓ સુધી પગો ધોયા. તેમની જ બીજી રિવાયતમાં છે કે ત્રણવાર કુલ્લી અને નાક ખંખેર્યુ એક ખોબા પાણી વડે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ એક એકવાર વુઝૂ કર્યું, એના પર વધારો ન કર્યો[૧૬]. *(બુખારી)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** સુનન, સુન્નતનું બહુવચન છે. સુન્નતનો શાબ્દિક અર્થ છે, તરીક઼ો અને રવિશ. રબ ફર્માવે છે : سُنَّتَ مَنْ قَدْ اَرْسَلْنَا અને ફર્માવે છે : سُنَنَ الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ શરીઅતમાં સુન્નત હુઝૂર ﷺનાં તે ફર્માનો છે જે કિતાબુલ્લાહમાં વર્ણન થયેલ નથી, અને હુઝૂર ﷺના તે અમલો જે ઉમ્મતના માટે અમલને પાત્ર થયેલ નથી, અને હુઝૂરના તે અમલો જે ઉમ્મતના માટે અમલને પાત્ર છે. જેથી મન્સૂખ તથા મખ્સૂસ અમલો સુન્નત નથી. જેમ કે હુઝૂર ﷺએ આદત પ્રમાણે કર્યા તે સુન્નતે ઝાઈદા છે, અને ઈબાદતના રૂપે કર્યા તે સુન્નતે હુદામાંથી છે, જેને હમેશાં કર્યા તે સુન્નતે મોઅક્કદા છે, કદી કદી કર્યા તે સુન્નતે ગૈર મોઅક્કદા છે, અને હમેશાં કરીને તાકીદી હુકમ પણ કર્યો તે વાજિબ ગણાશે. યાદ રાખશો કે વુઝૂમાં ફર્ઝો, સુન્નતો, મુસ્તહબો તો છે પણ વાજિબ કોઈ નથી.

**૨.** અરબવાસીઓ તેહબંદ બાંધતા હતા અને વારંવાર પેશાબનો ઈસ્તિંજા કેવળ ઢેલા વડે કરીને સૂઈ જતા હતા. હદીષનો મતલબ એ છે કે કેમ કે લોકોનો અમલ એ છે તો શક્ય છે કે સૂવાની હાલતમાં હાથ અથવા ઈસ્તિંજાની જગાએ પરસેવો થયો હોય, તેહબંદ ખુલી ગયું હોય અને તમારો હાથ ત્યાં લાગી ગયો હોય જ્યાં ઢેલા વડે પેશાબ સૂકવવામાં આવ્યો હતો, અને પરસેવાના કારણે નાપાક થઈ ગયો હોય જેથી હવે તમે માટલા કે કૂંડામાં પોતાનો હાથ રાખી દેશો તો પાણી નાપાક થઈ જશે, જેથી પ્રથમ કાંડાંઓ સુધી ત્રણવાર હાથ ધોઈ લો. આ હદીષના આધારે ઉલમાનો મોટો મતભેદ છે, અમુકે એ ધોવાને મુત્લક઼ન ફર્ઝ માન્યું, અમુકે કેવળ સૂતા પછી, અને અમુકે એ પાણીને નાપાક માન્યુ જેમાં આ રીતે હાથ નાખવામાં આવે. હનફીઓની નજીક એ ધોવું મુત્લક઼ન વુઝૂની સુન્નત છે ચાહે સૂઈને ઉઠીને હોય, અથવા સૂતા પહેલાં હોય, ચાહે ઢેલા વડે ઈસ્તિંજો કર્યા હોય કે ન કર્યો હોય, તેહબંદ બાંધ્યું હોય કે ન બાંધ્યુ હોય. કેમ કે હાથનું ત્યાં સ્પર્શવું હુકમનો સબબ નથી. સબબ તથા હુકમનો ફરક ખૂબ જ ધ્યાનમાં રાખવો જોઈએ. યાદ રાખશો કે ઊંઘ ક્યાં તો હદષ છે પેશાબની જેમ અથવા હદષનો સબબ છે સંભોગની જેમ. નહીં તો પેશાબ પછી આ હાથ ધોવું ફર્ઝ ન સંભોગ પછી છે તો પછી ઊંઘમાંથી ઉઠયા બાદ શાથી ફર્ઝ થશે ? !

**૩.** આ હદીષ પોતાના જાહેર પર છે અને શૈતાનથી મુરાદ તે ક઼રીન છે જે દર વખતે ઈન્સાનની સાથે રહે છે, જાગૃતાવસ્થામાં બુરા કામના મશ્વરા આપે છે. ઊંઘમાં નાકમાં જઈને બેસે છે જેથી દિમાગમાં બુરા ખયાલો પેદા કરે. નાક એનાથી ખરડાઈ ચૂકી જેથી વુઝૂમાં એને પણ ધોઈ લેવામાં આવે. યાદ રાખશો કે જેવી રીતે નાક ખંખેરવું દરેક વુઝૂમાં સુન્નત છે, ઊંઘ પછી હોય કે અન્ય સમયે, એવી જ રીતે કાંડાં સુધી હાથ ધોવા પણ દરેક વુઝૂમાં સુન્નત છે, કેમ કે એ ઈલ્લતે હુકમ (સબબના કારણે હુકમ) નથી બલ્કે હિકમતના લીધે હુકમ છે. એનાથી જાણવા મળ્યું કે જે જગાએ ગંદો માણસ બેસી જાય તે જગા ધોવી બેહતર છે. કેમ કે વુઝૂમાં નાક એટલા માટે ધોવામાં આવે કે એમાં ગંદો શૈતાન બેસી ગયો હતો.

**૪.** આપ અન્સારી માઝની છે. હુઝૂર ﷺને વુઝૂ કરાવ્યા કરતા હતા. અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ ઈબ્ને અબ્દુલ્લાહ, બીજા છે તે આઝાનવાળા કહેવાય છે. મશ્હૂર છે કે આપ હઝરત વહશીની સાથે મળીને મુસૈલમા કઝ્ઝાબને ક઼ત્લ કર્યો. આપ જંગે ઓહદમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. જંગે હુર્રામાં હિ.સ. ૭૩માં શહીદ થયા.

**૫.** બે વાર હાથ ધોવા જાઈઝ હોવાના વર્ણનને માટે છે જેથી જાણવા મળે કે આ રીતે પણ વુઝૂ થઈ જાય છે, નહીં તો ત્રણવાર ધોવું સુન્નત છે, કેમ કે બીજી રિવાયતમાં છે કે હુઝૂરે ત્રણવાર અંગો ધોઈને ફર્માવ્યું કે જે એના પર વધઘટ કરે તેણે બુરું કર્યું. હઝરત અબ્દુલ્લાહે કેવળ વુઝૂના અમલોનો ઉલ્લેખ કર્યો, એટલા માટે બિસ્મિલ્લાહ કે નિય્યતનું વર્ણન ન કર્યું ન અંગોની દુઆઓનો ઉલ્લેખ કર્યો. મિસ્વાક વુઝૂ સાથે ખાસ નથી, અન્ય મોક઼ાઓ પર પણ થાય છે, એટલા માટે એનો ઉલ્લેખ પણ નથી કર્યો. *(મિર્ક઼ાત)*

**૬.** જાહેર એ જ છે કે માથા મુબારકનો મસહ એકવાર જ કર્યો, ત્રણવાર મસહ કરવાથી માથુ ધોવાશે અને માથાને ધોવું સુન્નત નથી. યાદ રાખશો કે ચોથાઈ માથાનો મસહ ફર્ઝ છે અને આખા માથાનો મસહ સુન્નત છે. અહીં સુન્નત મસહનું વર્ણન છે. દરેક હાથની ત્રણ આંગળીએ ખોપડીના આગલા હિસ્સા પર રાખી પછી અંતિમ માથા સુધી લઈ જાય, પરત થતી વેળા એ આંગળીઓ અલગ કરી લે, કેવળ હથેળીઓ માથાની બંને બાજુ લગાડે અને આગળની તરફ ખેંચી લાવે. એ જ અહીં મુરાદ છે. કલમાની આંગળી વડે કાનની અંદરના ભાગે મસહ કરે અને અંગૂઠા વડે કાનના બહારના ભાગે મસહ કરે. માથાના મસહનો મુસ્તહબ તરીક઼ો આ જ છે.

**૭.** ઘૂંટીઓ સમેટ ત્રણવાર, જેવું કે બીજી રિવાયતમાં છે. જેથી આ હદીષ અમુક લેહાઝથી મુજમલ (ટૂંકાણમાં) છે.

**૮.** એટલે કે ઈબ્ને અષીરે જે જામિઉલ ઉસૂલના સંપાદક છે જેમાં સિહાહ સિત્તહની હદીષો ભેગી કરી છે, આ લખાણમાં લેખક પર વાંધો છે કે તેણે પ્રથમ વિભાગમાં તે રિવાયત નક઼લ કરી જે મુસ્લિમ તથા બુખારીની નથી.

**૯.** એટલે કે ચોથુ વાસણ મૌજૂદ ન હતું, મોટા ઘડા કે માટલામાં પાણી હતું, તો આપે કાંડા સુધી હાથ તો પાણી કાઢીને ધોયા, પછી કુલ્લી વગેરેના માટે તેમાં હાથ નાખીને પાણી લીધું. યાદ રાખશો કે હનફી મઝહબમાં મુસ્તઅમલ (વપરાયેલ) પાણી તે છે જેનાથી હદષ એટલે હુકમી નાપાકી દૂર કરવામાં આવે અથવા એને સવાબની નિય્યતથી વુઝૂ કે ગુસ્લમાં વાપરવામાં આવે. અહીં એમનામાંથી કાંઈ પણ ન થયું. કેમ કે હાથોનો હદષ તો ધોવાઈને જતો રહ્યો, અને હવે જે હાથ નાખ્યો તે પાણી લેવા માટે હતો, ન કે સવાબના માટે ધોવા માટે, જેથી આ હદીષ હનફીઓની વિરુદ્ધ નથી.

**૧૦.** એ જ પ્રમાણે કે એક ખોબાના અડધાથી કુલ્લી કરી અને અડધુ પાણી નાકમાં લીધું. આ વર્ણન જાઈઝ દર્શાવવા માટે કર્યું, નહીં તો મુસ્તહબ એ છે કે કુલ્લી (કોગળો) અલગ ખોબાથી કરે અને નાકમાં અલગ ખોબાથી (પાણી) લે. જેથી આ હદીષ હનફીઓની વિરુદ્ધ નથી. કેમ કે આપણે ત્યાં એ રીતે પણ જાઈઝ છે, ભલે મુસ્તહબની વિરુદ્ધ છે, જેવી રીતે કે બે બેવાર હાથ ધોવા જાઈઝ છે, પણ મુસ્હબની વિરુદ્ધ છે.

**૧૧.** અહીં "ષુમ્મ" મોડુ થવા માટે નથી, કેમ કે અંગોને એક પછી એક તુરત જ ધોવાં આપણે ત્યાં સુન્નત છે, ઈમામ માલિકને ત્યાં ફર્ઝ છે. બલ્કે આ "ષુમ્મ" કેવળ વર્ણનના ક્રમના માટે છે, જેવું કે ઘણી બધી જગાએ કુર્આન શરીફમાં પણ એ જ વર્ણન થયું.

**૧૨.** એટલે કે મોટા ભાગના સમયે હુઝૂર ﷺનું વુઝૂ એ જ પ્રમાણે થતુ રહેતું હતું .આ પણ હઝરત અબ્દુલ્લાહના ઈલ્મના લેહાઝથી છે, નહીં તો હુઝૂર ﷺનું મોટાભાગનું વુઝૂ ત્રણવાર અંગો ધોઈને થતુ હતું. જેમ કે હદીષોમાં છે.

**૧૩.** એટલે કે દરેક કામ અલગ ત્રણ ખોબા પાણી વડે કર્યું. કુલ્લી અલગ ત્રણ ખોબા વડે, પછી નાકમાં પાણી અલગ ત્રણ ખોબા વડે, જેથી સર્વ હદીષો મુત્તફિક઼ થઈ જાય.

**૧૪.** જેમ કે શાફઈઓ કરે છે, એમને ત્યાં એ કુલ્લી એકવાર નાકમાં પાણીથી પહેલાં હોય. આપણે ત્યાં ત્રણેવ કુલ્લીઓ ત્રણેવ નાકના પાણીથી પહેલાં હોય. પણ આ અમલ જાઈઝ હોવાના વર્ણનના માટે છે જેથી આપણી વિરુદ્ધ નથી. આપણે પણ એને જાઈઝ કહીએ છીએ.

**૧૫.** એટલે કે મસહ એકવાર કર્યો. આ હદીષ હનફીઓની દલીલ છે કે માથાનો મસહ એકવાર કરવામાં આવે. ઈમામ શાફઈને ત્યાં મસહ પણ ત્રણવાર હોવો જોઈએ.

**૧૬.** એટલે કે દરેક અંગ એકવાર ધોયું, અને એ વુઝૂમાં એકવારથી વધારો ન કર્યો. આ હદીષ તે હદીષોની વિરુદ્ધ નથી જેમાં બે વાર કે ત્રણવાર ધોવાનું વર્ણન છે, કેમ કે એકવાર ધોવું એ જાઈઝ હોવાના વર્ણન માટે છે અને ત્રણવાર ધોવું મુસ્તહબ હોવાના વર્ણન માટે છે. અથવા પાણી ઓછુ હોવા પર એકવાર અંગને ધૂએ અને પાણી પૂરતુ હોવા પર ત્રણવાર ધૂએ.

અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ કાદરી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

## اَلْمُعِزُّ، اَلْمُذِلُّ

## અલ્ મુઈઝ્ઝુ-અલ્ મુઝિલ્લુ

**(ઈઝ્ઝત આપનાર-ઝિલ્લત આપનાર)**

**સમજૂતી** : તે જ ઈજ્જત દેવાવાળો છે, જેને ચાહે તેને બાદશાહી તથા હુકમરાની અતા ફર્માવે છે. અને જેને ચાહે તેને એ હોદ્દાથી હટાવી દઈ ઝિલ્લત સુધી પહોંચાડે છે અને હકીકી ઈજ્જત એ છે કે ઝિલ્લત તથા નફ્સની ખ્વાહિશાત પર કંટ્રોલ હોય અને જેહાલતમાં ઐબથી મહેફૂઝ હોય.

**દર્સ તથા સબક** : જે મો'મિન બંદો એ પરિસ્થિતિમાં હોય કે તેનાથી ઈજ્જત મળે અને જેના વર્ચસ્વથી બીજાઓને પ્રતિષ્ઠા મળે તો સમજો કે તેને મુઈઝ્ઝનું એક પ્રતિબિંબ મળ્યું. કેટલાક આરિફોનું કહેવું છે કે આ મુબારક નામથી બંદાનો એ હિસ્સો હોવો જોઈએ કે બંદો હક્ક અને હક્કવાળા લોકોને તાકત તથા ઈજ્જત આપે અને ઈતાઅત તથા બંદગીમાં મશ્ગૂલ રહે, ગુનાહો તથા નાફર્માનીથી બચે. એટલા માટે કે ઈસ્લામમાં ઈજ્જતનો દારોમદાર આજ્ઞાપાલન પર અને ઝિલ્લતનો દારોમદાર નાફર્માની પર છે. શું કોઈ વિચારી શકે છે કે તે પોતાના રબની નાફર્માની કરે અને રબ તેને ઈજ્જત આપે ? એવું હરગિઝ નથી થઈ શકતું. સત્ય એ જ છે કે ઈજ્જતનો સંબંધ આજ્ઞાપાલનથી છે. અલ્લાહ અને તેના રસૂલ ﷺની પૈરવી જ હકીકતમાં ઈજ્જત તથા વકારની નિશાની છે.

ઈસ્મે મુબારક اَلْمُذِلُّ **(અલ્ મુઝિલ્લુ)**થી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે બાતિલ તથા બાતિલ ગ્રુપને ઝિલ્લત તથા રૂસ્વાઈ પહોંચાડે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક اَلْمُعِزُّ **(અલ્ મુઈઝ્ઝુ)**ની ખાસિયત એ છે કે મખ્લૂકના દિલોમાં ઈજ્જત તથા વકાર પૈદા કરે છે. જે શખ્સ સોમ અથવા જુમ્આના દિવસે મગરિબની નમાઝ પછી ૪૦ વાર يَامُعِزُّ **(યા મુઈઝ્ઝુ)**નો વિર્દ કરશે તો અલ્લાહ તઆલા લોકોના દિલોમાં તેની ઈજ્જત તથા ખૌફ પેદા કરશે.

ઈસ્મે મુબારક નામ اَلْمُذِلُّ **(અલ્ મુઝિલ્લુ)** ની ખાસિયત એ છે કે તેના વિર્દથી જાલિમ તથા હાસિદથી નજાત મળે છે. જે શખ્સ તેને ૭૫ વાર પઢી સજદામાં જઈ દુઆ માગશે તુરત જ જાલિમ તથા હાસિદથી અમ્ન શાંતિ હાંસલ થશે. (ઈન્શાઅલ્લાહ !)

અરબઈને ઈદરીસીયામાં છે કે :–

**يَامُذِلَّ كُلِّ جَبَّارٍ بِقَهْرِ عَزِيْزٍ سُلْطَانُهٗ (યા મુઝિલ્લ કુલ્લિ જબ્બારિન્ બિક્હરિ અઝીઝિન સુલ્તાનુહુ)** જે શખ્સ દરરોજ સાત હજારવાર પઢશે તેનો દુશ્મન દફેઅ થશે અને જેનું કોઈના પર કરજ હશે તે ટાળી રહ્યો હોય તો તેને હાંસલ કરવામાં યકીનન આસાની થશે. (ઈન્શાઅલ્લાહ !)

## અસ્સમીઅ્ السَّمِيعُ

### (દરેક વસ્તુનો સાંભળનાર)

**સમજૂતી** : રબ તઆલા એવો સાંભળનાર છે કે તેની શ્રવણ શક્તિ (સમાઅત)થી કોઈ ચીજ બહાર નથી, અને તે સાંભળવાના યંત્ર (માધ્યમ)થી પાક સાફ છે.

**દર્સ તથા સબક઼** : બેશક ! બંદો પણ સાંભળે છે પણ તેની સમાઅત (શ્રવણશક્તિ) સીમિત છે. તે તમામ સાંભળવામાં આવતી શ્રવણ શક્તિ તથા ઘેરાવથી આજિઝ છે. એ ફર્ક પણ છે કે બંદો કાનથી સાંભળે છે જે આફતોનો શિકાર બનતો રહે છે. આ મુબારક નામથી બંદામાં એ સ્પિ્રટ પેદા થવી જોઈએ કે જયારે અલ્લાહ સમીઅ છે તો પોતાની ઝુબાનની હિફાઝત કરે અને પોતાની મોટાભાગની સાંભળવાની શક્તિને કલામે ઈલાહી તથા કલામે રસૂલ ﷺ સાંભળવામાં વાપરે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરવાથી દુઆઓ મક઼બૂલ થાય છે. જે માણસ ચાશતની નમાઝ બાદ જુમેરાતના દિવસે ૫૦૦ વાર પઢશે તે મુસ્તજાબુદ્ દઅવાત (દુઆ ક઼બૂલ પામનારો) થશે.

## અલ્બસ઼ીર الْبَصِيرُ

### (દરેક ચીજને જોનાર)

**સમજૂતી** : તે એવો જોવાવાળો છે કે તેના મુશાહિદાથી (દષ્ટિથી) સૃષ્ટિનો કોઈ કણ બહાર નથી અને તેનું જોવું યંત્ર વગેરેથી પાક સાફ છે.

**દર્સ તથા સબક઼** : બંદો પણ જુએ છે પણ તેની બસારત (દષ્ટિ) તથા નજર સીમિત છે. તેમાં સબક઼ એ છે કે અલ્લાહે તેને જે નજર આપી છે તો તેના દ્વારા અલ્લાહની અજીબ તથા વિવિધ પ્રકારની નિશાનીઓ તથા આસમાનની અજાઈબીઓને જુએ, અને તેનાથી ઈબ્રત હાંસલ કરી એ યક઼ીન રાખે કે તે અલ્લાહ તઆલાની નજર સમક્ષ છે. અને એ વાતને મહત્વ આપે કે તેનું કોઈ કામ અલ્લાહના મુશાહેદા (નજર)થી બહાર નથી. જો મોમિન દિમાગમાં એ ખ્યાલ રાખે કે તેણે પોતાના કેટલાંક બુરા કામોને બંદાઓથી છુપાવી લીધાં છે તો તેણે અલ્લાહની બસારતને કોઈ એહમિયત ન આપી.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયત એ છે કે તેનાથી બંદાને ખૂબ ખૂબ તૌફીક઼ મળે છે. જે શખ્સ જુમ્આની નમાઝ પહેલાં ૧૦૦ વાર يَابَصِيرُ **(યા બસીર)** પઢશે અલ્લાહ તેની બસીરતને ખોલી દેશે અને તેને વાણી તથા વર્તનની બેહતરીન તૌફીક઼ અતા ફર્માવશે.

## અલ્હકમ الْحَكَمُ

### (સહીહ ફૈસલો ફર્માવનાર)

**સમજૂતી** : અલ્લાહ જ હાકિમે હક઼ીક઼ી છે. તેના હુકમ તથા ફૈસલાને કોઈ ટાળી નથી શકતું. બંદાઓના હક્ક઼માં તેનો ફૈસલો એ છે કે ઈન્સાનના માટે તે જ કાંઈ છે જેની તેણે કોશિશ કરી. અને ઈન્સાન જરૂર પોતાની કોશિશોનું રિઝલ્ટ જોશે. અને એ કે નેક લોકો જરૂર જન્નતમાં અને બુરા લોકો જહન્નમમાં રહેશે. નેક લોકો માટે તેનો ફૈસલો ખુશબખ્તીનો અને બુરા લોકો માટે બદકિ઼સ્મતી તથા મેહરૂમીનો છે. તેનો મતલબ એ છે કે નેકી અને બુરાઈને તે એક એવો સબબ બનાવે છે કે નેકી કરવાવાળો સઆદત તથા ખુશ કિ઼સ્મતી હાંસલ કરે છે જયારે બુરાઈ કરવાવાળો બદ્કિ઼સ્મતી તથા મેહરૂમીનો શિકાર થાય છે. તેનું ઉદાહરણ દવા અને ઝહેર છે. દવા તંદુરસ્તીનો સબબ છે તો ઝહેર હલાકતનો સબબ છે. જે દવા ખાશે તંદુરસ્તી પામશે અને જે ઝહેર ખાશે મૃત્યુ પામશે. તે જ

સબબોને પેદા ફર્માવી તેના રિઝલ્ટ સુધી પહોંચાડે છે. એટલા માટે કે તે મુત્લક઼ હુકમ તથા ફૈસલા કરવાવાળો છે. તેના હુકમ તથા ફૈસલાની એક શાખ ક઼ઝા અને ક઼દર (તક઼દીર) છે, અને કોઈ ચીજ તેની ક઼ઝા અને ક઼દરથી બહાર નથી.

**દર્સ તથા સબક઼** : મુબારક નામ **اَلحَكَمُ** **(અલ્હકમ)**થી જે સબક઼ મળે છે તે બિલ્કુલ જાહેર અને સાફ છે, અને તે એ છે કે કોઈ વસ્તુ તેના હુકમ અને ફૈસલા વગર હરકત પણ નથી કરી શક્તી. આ સિફત પર સોચ વિચાર કર્યા પછી પરિણામ એ બહાર આવે છે કે ક઼ઝા અને ક઼દર સર્વ મુકમ્મલ છે.

**جف القلم بماهو كائن** ક઼લમ બધુ જ લખી ચૂકેલ છે અને ખુશબખ્તોની નેક નસીબી તથા બદબખ્તોની બદ્‌નસીબી પણ લખાય ચૂકેલ છે. જ્યારે આ હાલત છે તો કોઈના દિમાગમાં એ સવાલ આવી શકે કે હવે કામકાજ તથા કોશિશની શું જરૂરત છે ? તેનો જવાબ સરકારે દો આલમ ﷺ આપે છે કે **اِعْمَلُوا فَكُلٌّ مُيَسَّرٌ لِمَا خُلِقَ لَهُ** "અમલ કરો દરેક શખ્સને તે અમલ આસાન કરી આપશે જેના માટે તેને પૈદા કરવામાં આવ્યો છે."

તેનો મતલબ એ છે કે જે શખ્સ માટે સઆદત લખાય ચૂકેલી છે તો યક઼ીનન તે કોઈ કારણથી મુક઼દ્દર થયેલ છે, અને તે કારણ ઈતાઅત (આજ્ઞાપાલન) છે. અને જેના માટે શક઼ાવત થતા બદબખ્તી મુક઼દ્દર કરી દીધેલ છે તે કારણ બેઅમલી અને ગુનોહ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયત એ છે કે જે શખ્સ એક અરસા સુધી મધ્ય રાત્રે વુઝૂ કરી પૂરા ધ્યાનથી તથા લગનથી આ નામનો વિર્દ કરશે અલ્લાહ તેના બાતિનને ભેદોનો ખજાનો બનાવી દેશે.

પેજ નં. **૦૨**નું ચાલુ...

શબ્દો નીકળ્યા તે આ જ તો હતાઃ **قَدْ رَضِيْتُ بِقَضَائِكَ يَارَبِّى** "હે મારા રબ ! હું તારા ફૈસલાથી રાજી છું."

યાદ રાખશો કે સબ્ર એક મહાન શક્તિનું નામ છે, જે એને અપનાવી લે તે એકલો નથી હોતો પણ એની સાથે અલ્લાહ ﷻ હોય છે. એનાથી ઉલ્ટુ જેને સબ્રના ઘૂંટડા પણ કડવા લાગે છે કે જેને તે આસાનીપૂર્વક ગળા નીચે ઉતારવાની હિંમત નથી ધરાવતો, એવા ઈન્સાનને કુર્આને મુક઼દ્દસે નુકસાન પામનાર બતાવ્યો છે. ઈર્શાદ ફર્માવ્યો, "નુકસાનમાં છે તે ઈન્સાન જે ઈમાન તથા નેક અમલ અને હક્ક઼ તથા સબ્રની વસિયત નથી કરતો." *(સૂરએ અસ્ર)*

આપણે જોઈએ કે સબ્રના દામનને પકડીએ અને મુસીબતના મોક઼ા પર નમાઝ અને સબ્રથી મદદ માગીએ અને દરેક હાલતમાં સબ્રના દામનને પકડેલો રાખવાની કોશિશ કરીએ. આપણને એ ખબર હોવી જોઈએ કે માનવમાં અમુક જૌહર (ખૂબીઓ) અલ્લાહે એવા રાખેલા છે કે જો તેને કામે લગાડે તો દરેક મોક઼ા પર તે તેને હિંમત આપે છે અને કામયાબીથી મિલાવી શકે છે. જેટલા પણ મહાન પયગંબરો عَلَيْهِمُ السَّلَام તશરીફ લાવ્યા સૌએ પોતાના અનુયાયીઓ, ઘરવાળાંઓ અને પોતાની ઔલાદને તે જૌહરને સમજવાની તા'લીમ આપી જેનો ઉલ્લેખ કુર્આન મજીદમાં ઠેકઠેકાણે મૌજૂદ છે. અલ્લાહ આપણને સબ્ર તથા અડગતાની તૌફીક઼ અતા ફર્માવે અને આપણા થકી તે જ કામ લે જે એની તથા એના પ્યારા મહબૂબ ﷺની રઝાને પાત્ર હોય. માહે મુહર્રમુલ્ હરામમાં કર્બલાના શહીદોની યાદમાં મહેફિલોનું આયોજન કરીએ, તેમાં શરીક થઈએ અને દરેક તે કામથી પોતે પોતાને બચાવીએ જેનાથી કર્બલાના શહીદોની રૂહોને તકલીફ પહોંચે. અંતમાં વિનંતિ છે કે "સુન્ની દા'વતે ઈસ્લામી"નો ભરૂચ તથા મુંબઈનો ઈજતેમા નજીક થઈ રહ્યો છે તો ગુઝારિશ છે કે આપ પોતે પણ ઈજતેમામાં શરીક થવાનો પાકો નિશ્ચય કરશો અને આપના સંબંધીઓમાં એની દા'વત આમ કરશો.

# અહલે સુન્નતના અક઼ીદા કુ઼ર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી કાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*
અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## અંબિયા તથા અવલિયાના આસ્તાનાઓ પર દુઆ કબૂલ થાય છે

**★ હઝરત મરયમ رضی اللہ عنہاના હુજ્રા (ઓરડી)માં હઝરત ઝકરિયા علیہ السلامનું દુઆ કરવું અને અલ્લાહ તઆલા તરફથી દુઆ કબૂલ થવાની બશારત ★**

هُنَا لِكَ دَعَازَكَرِيَّارَبَّهٗ ۔ قَالَ رَبِّ هَبْلِيْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً اِنَّكَ سَمِيْعُ الدُّعَآءِ ۔

"અહીં ઝકરિય્યા પોતાના પરવરદિગારને પોકારી ઉઠયા, બોલ્યા; હે મારા પાલનહાર ! મને પોતાના પાસેથી સ્વચ્છ સંતાન આપ, બેશક ! તું જ દુઆ સાંભળનાર છે."

*–(સૂરએ આલે ઈમરાન, ૩/૩૮)*

فَنَادَتْهُ الْمَلٰٓئِكَةُ وَهُوَ قَآئِمٌ يُّصَلِّىْ فِى الْمِحْرَابِ أَنَّ اللّٰهَ يُبَشِّرُكَ بِيَحْيٰى مُصَدِّقًا بِكَلِمَةٍ مِّنَ اللّٰهِ وَسَيِّدًا وَّ حَصُوْرًا وَّ نَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ ۔

"તો ફરિશ્તાઓએ તેને સાદ આપ્યો અને તે પોતાની નમાઝની જગ્યાએ ઊભો રહીને નમાઝ પઢી રહ્યો હતો (કે) બેશક ! અલ્લાહ આપને યહ્યા (ના જન્મ)ની ખુશખબર આપે છે જે અલ્લાહ તરફના એક કલ્માની સત્યતા જાહેર કરશે અને સરદાર અને સદા માટે સ્ત્રીઓથી વેગળો રહેનાર અને નબી અમારા ખાસ બંદાઓમાંથી."

*–(સૂરએ આલે ઈમરાન, ૩/૩૯)*

**★ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના દર પર કરવામાં આવતી દુઆ કબૂલ થાય છે ★**

وَلَوْ أَنَّهُمْ إِذْ ظَّلَمُوْٓا أَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَلَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّا بًارَّحِيْمًا ۔

"અને જયારે તેઓ પોતાના પ્રાણો પર જુલ્મ કરે, તો હે મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય પછી અલ્લાહ પાસે માગે, અને રસૂલ તેની શફાઅત ફર્માવે, તો અવશ્ય અલ્લાહને ખૂબ તૌબા કબૂલ કરનાર મહેરબાન પામે. *(સૂરએ નિસાઅ, ૫/૬૪)*

**★ અલ્લાહની રહમત અલ્લાહના નેક બંદાઓથી નિકટ હોય છે ★**

وَادْعُوْهُ خَوْفًا وَّ طَمَعًا ۔ إِنَّ رَحْمَتَ اللّٰهِ قَرِيْبٌ مِّنَ الْمُحْسِنِيْنَ

"અને તેની પાસે બ્હીતા બ્હીતા (ડરની સાથે) અને લાલચ કરતાં દુઆ કરો. બેશક ! અલ્લાહની રહમત નેક લોકોની નજીક છે." *(સૂરએ અઅ્રાફ, ૮/૫૬)*

## અલ્લાહના નેક બંદાઓની ઝિયારત તથા તેમનો ફયઝ મેળવવા માટે સફર કરવું

**★ હઝરત મૂસા علیہ السلامનું હઝરત ખિઝર علیہ السلامની મુલાકાત માટે જવું ★**

وَ إِذْ قَالَ مُوْسٰى لِفَتٰهُ لَآ أَبْرَحُ حَتّٰٓى أَبْلُغَ مَجْمَعَ الْبَحْرَيْنِ أَوْ أَمْضِىَ حُقُبًا ۔

"અને યાદ કરો જ્યારે મૂસાએ પોતાના સેવકને કહ્યું હું રોકાઈશ નહીં જ્યાં સુધી કે ત્યાં પહોંચુ નહીં જ્યાં બે દરિયાઓ એકત્ર થાય છે અથવા સદીઓ સુધી ચાલ્યા કરું." *(સૂરએ કહફ, ૧૫/૬૦)*

**★ હઝરત ખિઝર علیہ السلام ની બરકતથી શેકેલી માછલી જીવંત થઈને દરિયામાં તરવા લાગી ★**

فَلَمَّا بَلَغَا مَجْمَعَ بَيْنِهِمَا نَسِيَا حُوْتَهُمَا فَاتَّخَذَ سَبِيْلَهٗ فِی الْبَحْرِ سَرَبًا۔

"પછી જ્યારે તે બંને પેલા દરિયાઓના એકત્ર થવાની જગ્યાએ પહોંચ્યા (ત્યારે) પોતાની માછલી ભૂલી ગયા અને તેણે દરિયામાં સુરંગ બનાવતા પોતાનો રસ્તો બનાવી લીધો." *(સૂરએ કહફ, ૧૫/૬૧)*

**★ અલ્લાહવાળાઓના આસ્તાનાઓથી રોકવું શૈતાનનો તરીકો છે ★**

قَالَ أَرَئَيْتَ إِذْ أَوَيْنَآ إِلَى الصَّخْرَةِ فَإِنِّیْ نَسِيْتُ الْحُوْتَ وَمَآ أَنْسٰنِيْهُ إِلَّا الشَّيْطٰنُ أَنْ أَذْكُرَهٗ۔ وَاتَّخَذَ سَبِيْلَهٗ فِی الْبَحْرِ عَجَبًا

"બોલ્યો, જુઓ ખરા ! જ્યારે આપણે પેલી શીલા પાસે સ્થાન લીધું હતું ત્યારે હું બેશક ! માછલી ભૂલી ગયો અને મને શૈતાને જ ભૂલાવી દીધું કે હું તેની વાત કરું અને તેણે તો દરિયામાં પોતાનો રસ્તો પકડયો, અજબ કહેવાય." *(સૂરએ કહફ, ૧૫/૬૩)*

**★ હઝરત ખિઝર علیہ السلام થી હઝરત મૂસા علیہ السلام ની મુલાકાત અને ફૈઝ મેળવવું ★**

قَالَ ذٰلِكَ مَا كُنَّا نَبْغِ۔ فَارْتَدَّا عَلٰٓى اٰثَارِهِمَا قَصَصًا۔

"મૂસા علیہ السلام એ કહ્યું એ જ તો આપણે ઢુંઢતા હતા તો પોતાના પગલાં જોતા જોતા પાછા વળ્યા." *(સૂરએ કહફ, ૧૫/૬૪)*

فَوَجَدَا عَبْدًا مِّنْ عِبَادِنَآ اٰتَيْنٰهُ رَحْمَةً مِّنْ عِنْدِنَا وَعَلَّمْنٰهُ مِنْ لَّدُنَّا عِلْمًا

"તો અમારા બંદાઓમાંથી રહમત આપી અને તેને પોતાનું 'ઈલ્મે લદુન્ની' આપ્યું." *(સૂરએ કહફ, ૧૫/૬૫)*

**★ અલ્લાહની ઈજાઝતથી અલ્લાહના મક્બૂલ બંદાઓ ઔલાદ અતા ફર્માવે છે ★**

قَالَ إِنَّمَآ أَنَا رَسُوْلُ رَبِّكِ لِأَهَبَ لَكِ غُلٰمًا زَكِيًّا

"બોલ્યો, હું (જિબ્રઈલ) તારા પરવરદિગારનો મોકલેલો છું કે હું તને એક સ્વચ્છ પુત્ર આપું." *(સૂરએ મયરમ, ૧૬/૧૯)*

## :: તશરીફે જહાં-ખુશઆમદિદ ! ::

**દયાદરા :** ખાતે નઝીર અલી ઈસ્માઈલ પટેલ (તંત્રી બરકાતે ખ્વાજાના સગાભાઈ)ની પુત્રી તસ્નીમબાનુ (તે ઉષ્માનગની ઈબ્રાહીમ ખાન બાબુભાઈ હેપ્પી ગારમેન્ટવાળા, દયાદરાના પુત્ર મોહસિહનનાં પત્ની)ને પુત્ર 'મુહમ્મદ હુસૈન'ના જન્મની ખુશીમાં મુહમ્મદ હુસૈનની નાનીઓ મેરૂન નઝીર પટેલ તથા સિદ્દીકા શબ્બીર પટેલ રઝવી તરફથી ૫૦૦,૫૦૦ રૂા. બરકાતે ખ્વાજા (મંથલી)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ અમારા નવાસાને તથા ઘરના સર્વને નેક સીરત નેક સૂરત તથા દીનદારી અતા કરે, એમની કયામત સુધી પેદા થનારી ઔલાદને ઈમાન પર રાખે અને દીને હક્કની ખાદિમ બનાવે, સર્વને બંને જહાનની ખુશીઓથી નવાઝે, બંને જહાનની આફત, બલાઓ, મુસીબતો, દુનિયવી ઉખરવી, આસ્માની, ઝમીની, શારીરિક, માનસિક સર્વ બીમારીઓથી મેહફૂઝ રાખે. (આમીન) *બિજાહિન્નબી કરીમ* ﷺ *–તંત્રી : બરકાતે ખ્વાજા, માસિક*

ફવાઈદુસ્સાલિકીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### *(મલ્ફૂઝાતે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہ)*

*(સંપાદક : હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

ખ્વાજા કુત્બુદ્દીન દામુત્તક્વાએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે હે ફરીદ ! આ રાહમાં અહલે સુલૂકના દરમ્યાન એવા લોકો પણ છે જેઓ અસ્રાર (ભેદો)ના લાખો દરિયા પી જાય છે, અને તેમને ખબર નથી હોતી કે અમે શું પીધું, બલ્કે તેમ છતાં પણ هَلْ مِنْ مَّزِيْدٍ "આનાથી વધારે"ની ફરિયાદ કરે છે.

એ જ મોક્ પર આપે ફર્માવ્યું કે એક બુઝુર્ગે કોઈ અન્ય બુઝુર્ગને પત્ર લખ્યો કે તે શખ્સ કેવો છે જે મહોબ્બતના એક જ પ્યાલાથી મસ્ત થઈ જાય અને ખુદાઈ રહસ્યો જાહેર કરી આપે ? એ બુઝુર્ગે જવાબમાં લખ્યું કે તે ઘણો જ કમ હિમ્મત તથા ટૂંકા હોંસલાવાળો છે, પરંતુ અહીં એવા મર્દ છે કે અઝલથી અબદના દરિયા અને દોસ્તના અસ્રાર તથા મહોબ્બતના પ્યાલા પીધા છે, અને આજે લગભગ પચાસ વરસનો અરસો થવા આવ્યો છે છતાં هَلْ مِنْ مَّزِيْدٍ "આનાથી વધારે"ની ફરિયાદ કરે છે. એ શું વાત છે જે તેં કહી છે ?! હું તને મના કરું છું કે એ વાત ન કહેતો કે અહલે સુલૂકના પીર જે રહસ્યો જાહેર કરી આપે છે તે કાંઈ હાંસલ નથી કરતા, કેમ કે એનાથી અમને શરમ આવે છે.

એના પછી ફર્માવ્યું કે જ્યાં સુધી દુરવેશ સૌથી એકલો ન થઈ જાય અને દરેક વખતે મુજર્રદ ન રહે, અને કોઈ દુનિયાની ખરાબી બાકી ન રહે, તો તે હરગિઝ કુર્બના મક઼ામ પર નથી પહોંચતો.

પછી એ મોક઼ા પર ફર્માવ્યું કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ સિત્તેર વરસ પછી મક઼ામે કુર્બ પર પહોંચ્યા, તો હુકમ થયો કે એને પરત કરી દો ! કેમ કે દુનિયાવી ખરાબી હજી તેનામાં બાકી છે. ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہએ પોતાની તરત જ તલાશી લીધી તો જૂની ગોદડી અને તૂટેલો કૂજો પોતાની સાથે જોયો, એના સબબે નવાઝિશ ન પામ્યા. જ્યારે આવા બુઝુર્ગોની આ હાલત છે તો તમારી જેવા કેવી રીતે નવાઝિશ પામી શકે જેમનામાં આટલી બધી ખરાબી જોવા મળે છે ! તો હે ભાઈ ! દુરવેશીની રાહ પર ચાલવું અલગ વાત છે અને ઝખીરો જમા કરવો અલગ વાત છે, ક્યાં તો દુરવેશ બન ક્યાં તો ઝખીરો જમા કરનારો બન.

### ★ કુદરતની અજાયબીનો નઝારો ★

એ જ મોક઼ા પર આપે ફર્માવ્યું કે જ્યારે દુરવેશ કામિલ થઈ જાય છે તો જે કાંઈ કહે છે તે થાય છે અને રજમાત્ર પણ એ વાતમાં ફરક નથી આવતો.

પછી ફર્માવ્યું કે એકવારનું વર્ણન છે કે હું અને ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી જે આ દુઆગોના યારે ગાર છે, દરિયાની તરફ સૈર કરી રહ્યા હતા અને અલ્લાહ

તઆલાની કુદરતની અજાયબીઓના નઝારા કરી રહ્યા હતા જેની ખૂબી વર્ણન નથી થઈ શકતી. દરિયાની નજીક એક સ્થળ હતું જ્યાં અમે બંનેવ બેસી ગયા અને ભૂખે અમને બંનેવને લાચાર કરી નાખ્યા. ત્યાં જંગલમાં ખાવા ક્યાંથી મળી શક્તુ હતું. સારાંશ કે થોડા અરસા બાદ એક બકરી મોઢામાં બે રોટીઓ લઈને આવી અને રોટીઓ અમારી સમક્ષ રાખીને પરત થઈ ગઈ. અમે બે રોટીઓ ખાય લીધી. ત્યારબાદ અમે આપસમાં કહ્યું કે અલ્લાહ તઆલાએ એ બંનેવ રોટીઓ પોતાના ગેબી ખજાનાથી અતા કરી છે. તે બકરી ન હતી બલ્કે મર્દાને ગયબથી કોઈ હશે. અમે એ જ વાતો કરી રહ્યા હતા એવામાં એક વીછી એક મોટા ઊંટના કદનો જાહેર થયો એ જ રીતે જેવી રીતે કમાનથી તીર નીકળે છે. જે દરિયાની પાસે પહોંચ્યો તો પોતાને બેધડક પાણીમાં ફેંક્યો. મેં કાઝીની તરફ જોયું અને કાઝીએ મારી તરફ જોયું. અમે બંનેવે કહ્યું કે આમાં કોઈ ભેદ છે ! જે વીછી જલ્દી જલ્દી આવી રહ્યો છે, મુનાસિબ છે કે આપણે પણ તેની પાછળ ચાલીને જોઈએ. પરંતુ દરિયાના એ કિનારા પર કોઈ નાવડી મૌજૂદ ન હતી જેના પર સવાર થઈને અમે પાર જતા. જ્યારે આજિઝ થઈ ગયા તો દુઆ કરી કે, હે પરવરદિગાર ! જો અમે દુરવેશીમાં મુકમ્મલ થઈ ચૂક્યા છીએ તો અમને દરિયો માર્ગ આપી દે જેથી અમે ચાલીને એ વીછીનો તમાશો જોઈએ કે ક્યાં જાય છે ?! જેવી આ દુઆ અમે કરી તો અલ્લાહ તઆલાના હુકમથી એ દરિયો ફાટી ગયો અને સૂકી જમીન નીકળી આવી. અમે બંનેવ પાર ગયા. તે વીછી અમારી આગળ હતો અને અમે પાછળ પાછળ ચાલી નીકળ્યા. અમે એક ઝાડની પાસે પહોંચ્યા જ્યાં એક માણસ સૂતેલો પડયો હતો અને ઝાડથી એક મોટો સાપ નીચી ઉતરી રહ્યો હતો જેથી તે શખ્સને મારી નાખે. તે વીછીએ સાપને દંશી લીધો અને મારી નાખ્યો. અમારી સામેથી તે વીછી ગાયબ થઈ ગયો અને સાપ તે માણસ પાસે જ મુર્દા થઈને ગબડી પડયો. અમે નજીક જઈને સાપને જોયો જે લગભગ અઢી મણ વજનમાં હશે. અમે કહ્યું, જ્યારે એ માણસ જાગે તો આપણે પૂછીએ કે અલ્લાહ તબારક વ તઆલાએ જે એને બચાવ્યો તો એ જરૂર કોઈ બુઝુર્ગ હશે. જ્યારે અમે તેની પાસે ગયા તો જોયું કે તે શરાબ પીને પડયો છે અને ઉલ્ટી કરેલી છે. અમે ખૂબ જ શર્મિંદા થયા અને કહ્યું કે કાશ ! અમે આવતા જ નહીં જેથી આ રીતની હાલત ન જોવા પામત. ત્યારબાદ અમે બંનેવે કહ્યું કે અલ્લાહ તઆલાએ આવા શરાબી નાફર્માનને બચાવ્યો ! હજી આ ખયાલ પૂર્ણપણે અમારા દિલેથી ગુજર્યો ન હતો એવામાં ગયબથી અવાજ આવ્યો કે હે અઝીઝ ! જો અમે કેવળ પરહેઝગારો અને સાલેહ માણસોને બચાવીએ તો ગુનહગારો અને ખતાવારોને કોણ બચાવશે ? હજી અમે આ ચર્ચામાં જ હતા એવામાં તે પુરૂષ જાગી ઉઠયો અને સાપને પાસે મરેલો પામ્યો તો ખૂબ જ ગભરાયો અને એ કૃત્યથી તૌબા કરી. કહે છે કે તે યુવાન ખુદારસીદા બની ગયો અને સિત્તેર હજો ઉઘાડા પગે કરી.

ત્યારબાદ આપે ફર્માવ્યું કે જ્યારે લુત્ફે ઈલાહીની નસીમ (હવા) ચાલે છે તો લાખો શરાબીઓને સાહિબે સજ્જાદા બનાવી દે છે અને બખ્શી દે છે, અને ખુદા ન કરે, જો કહેરની હવા ચાલે તો લાખો સજ્જાદાનશીનોને પોતાની બારગાહના મરદૂદ બનાવી દે છે ! અને સૌને શરાબખાનાઓમાં ધકેલી દે. તો હે ભાઈ ! આ રાહમાં બે ગમ ન થવું જોઈએ, એટલા માટે કે આ રાહમાં કામિલ સુલૂકવાળા દિન રાત દરેક સમયે ફિરાકના ડર તથા ખૌફથી ગભરાયેલા તથા ગમગીન રહે છે, કેમ કે કોઈને ખબર નથી કે કેવું થશે ?!

### ★ શૈતાનનો અંજામ અને અલ્લાહવાળાઓની હાલત ! ★

આ મોકા પર આપે ફર્માવ્યું કે જો લઅનતી શૈતાન પોતાના અંજામને વધુ પેજ નં. ૨૯....પર

# વેપારનું મહત્વ અને તેના નિયમો

## તવક્કુલ (અલ્લાહ પર ભરોસો)

અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે :–

وَمَن يَّتَوَكَّلُ عَلَى اللهِ فَهُوَ حَسْبُهٗ "અને જે અલ્લાહ પર ભરોસો રાખે તો અલ્લાહ તેને પૂરતો છે."

ખુદા પર ભરોસો કરવાને તવક્કુલ કહેવામાં આવે છે. તવક્કુલ શું છે ? અને તવક્કુલનો મતલબ લોકોએ શું સમજ્યો છે, તેનું આ પ્રકરણમાં ટૂંકમાં વર્ણન કરીશું.

### ★ તક્દીર અને તવક્કુલ ★

(لَيْسَ لِاِنْسَانِ مَا سَعٰى) કુર્આન પાકમાં ઈર્શાદે ખુદાવંદી છે કે ઈન્સાનને તે જ મળે છે જેના માટે તે કોશિશ કરે છે. આ એક મહાન સિધ્ધાંત છે જે દુનિયાની જિંદગી પર કાબૂ મેળવનાર છે અને આખેરતની જિંદગી પર પણ. કોશિશ અને મહેનત વગર ન દુનિયામાં કાંઈ મળે છે અને ન તો આખેરતમાં કાંઈ મળશે. મારા નિકટ મુસલમાનોની બર્બાદીનું સૌથી મોટુ કારણ એ છે કે તેમણે કુર્આનની આ તા'લીમને ભૂલાવી દીધી છે અને કોશિશ અને મહેનતથી હાથ ઉઠાવી લીધો છે. પરિણામરૂપે તેમની જિંદગી મેહરૂમી, નિષ્ફળતા, લાચારી અને બેઅમલીનો શિકાર થઈને રહી ગઈ છે અને તે તવક્કુલ અને તક્દીરની એક જૂઠી કલ્પનાના આધાર પર દુનિયા તથા આખેરત બંનેની કામયાબીથી વંચિત થઈ ગયા છે. તવક્કુલનો ગલત અર્થ એ છે કે ખુદાને જે કાંઈ કરવું છે તે કરશે, ઈન્સાનને કાંઈ કરવાની જરૂરત નથી ! એ જ રીતે તક્દીરનો પણ ગલત અર્થ એ છે કે જે કાંઈ થવાનું છે તે આપોઆપ જ થઈ જશે. તવક્કુલ અને તક્દીરની આ બંનેવ કલ્પનાઓ વર્તમાનકાળની પૈદાવાર છે. નહીં તો ઈસ્લામના પ્રારંભિક સમયમાં જ્યારે મુસલમાનો જિંદગીના દરેક ક્ષેત્રમાં તરક્કી મેળવી રહ્યા હતા, તવક્કુલ અને તક્દીરના સિધ્ધાંતો મુસલમાનોની સૌથી મહાન તાકત હતી. તવક્કુલ એલલ્લાહ (અલ્લાહની જાત પર ભરોસા)નો સાચો અર્થ એ છે કે ઈન્સાન પોતાની શક્તિ અને તાકતભર કોશિશ કરે અને પોતાની સંપૂર્ણ પાત્રતા, આવડત, મક્સદની પૂર્ણહૂતિમાં લગાડી દે અને કામનું ફળ અલ્લાહ તઆલા પર છોડી દે. મસ્નવી શરીફમાં મૌલાના રૂમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :

**ગર તવક્કુલ મીકુની દર કાર કુન**
**કસબ કુન તકિય્યા બર જબ્બાર કુન**

મતલબ તવક્કુલનો એ અર્થ છે કે, "તું કોશિશ, મહેનત અને લગનથી કામ કર અને પછી અલ્લાહ તઆલાની જાત પર ભરોસો કર. ભરોસો એ નથી કે તું ઊંટને છૂટુ મૂકી દે કે તે જંગલમાં ચાલ્યું જાય, અને સિંહ તેને ખોરાક બનાવી લે." તવક્કુલ એ છે કે ઊંટનો પગ તેની જગ્યાએ બાંધી દો અને પછી અલ્લાહ પર ભરોસો કરો કે તે તારા ઊંટની રક્ષા કરે. અલ્લાહની જાત પર સંપૂર્ણ ભરોસાનું નામ તવક્કુલ છે.

### ★ તવક્કુલનો સહી અર્થ અને મતલબ ★

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رَضِیَ اللهُ عَنْهُ નું ફર્માન છે કે કોઈ મુસલમાનને એ શોભા નથી દેતું કે તે સુસ્ત, એદી અને નકામો બનીને અને હાથ પર હાથ દઈને તવક્કુલ એલલ્લાહ કરીને બેસી જાય અને મહેનત

✪ અઝ : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર) ✪ અનુવાદક : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)

કોશિશ ન કરે, રોજીની તલાશમાં ન જાય અને દુઆ કરે કે ખુદા ! તું મને રિઝ્ક઼ આપ ! આને તવક્કુલ નથી કહેતા. પરંતું **તવક્કુલ તેને કહે છે કે ઈન્સાન મહેનત પણ કરે અને ખુદા પર ભરોસો પણ કરે.** કેમ કે તમે જાણો છો કે **આસ્માનથી સોનુ ચાંદી નથી વરસતું જેથી તમારું રિઝ્ક઼ શોધીને હાંસલ કરો.**

તવક્કુલનો મતલબ એ પણ નથી કે સબબો અને માધ્યમોને ત્યજી દેવામાં આવે, રોજી મેળવવાના દરેક ઉપાયો છોડી દેવામાં આવે. આગ લાગે તો તેને પાણીથી બુઝાવવામાં આવે, બીમારી લાગુ પડે તો તેનો ઈલાજ કરવામાં આવે, એવું નહીં કે બસ તવક્કુલ અલલ્લાહ પર છોડી દેવામાં આવે. સરકારે દોઆલમ ﷺએ ફર્માવ્યું, **"અલ્લાહના બંદાઓ દવા કરો, કેમ કે મૌત સિવાય કોઈ એવી બીમારી નથી બની જેની દવા ન હોય."** સહાબાએ કિરામે પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ શું દવા તક઼દીર બદલી શકે છે ? ફર્માવ્યું, તદબીર પણ તક઼દીરે ઈલાહીથી છે, દવા કરવું તમારું કામ છે અને શિફા આપવું અલ્લાહનું કામ છે."

રિવાયતમાં છે કે હઝરત મૂસા علیہ السلامને એક બીમારી થઈ ગઈ. આપના સાથીઓએ કહ્યું કે દવા લઈ લો. આપે ફર્માવ્યું, હું દવા નહીં લઈશ ! અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامની પાસે હઝરત જિબ્રઈલને મોકલ્યા અને કહ્યું, હે મૂસા ! જ્યાં સુધી દવા નહીં લો ત્યાં સુધી શિફા નહીં આપીશ. ત્યારે હઝરત મૂસા علیہ السلامએ દવા લીધી અને આપને શિફા મળી. હઝરત મૂસા ગમગીન થયા તો અલ્લાહ તઆલાએ કહ્યું, તું તારી તવક્કુલથી મારી હિકમતને બર્બાદ કરવા ઈચ્છે છે ? દવા કર ! તાષીર અને તેનો ફાયદો મારા જ હાથમાં છે. મારો હુકમ દરેક ચીજ પર નિશ્ચિત છે. હઝરત મૂસા علیہ السلامએ પૂછયું, હે મારા મૌલા ! બીમારી કોનાથી છે ? અને શિફા કોનાથી છે ? ફર્માવ્યું, બીમારી અને તંદુરસ્તી બંને મારા હુકમથી છે. હઝરત મૂસા علیہ السلامએ અર્ઝ કરી, મૌલા ! તો પછી હકીમ અને તબીબની શી જરૂરત છે ? ફર્માવ્યું, હકીમ અને તબીબ એટલા માટે છે કે તેઓ ઈલાજના કારણે રોજી મેળવે અને મારા બંદાઓનું દિલ ખુશ કરે.

આ હક઼ીક઼તોથી જાણવા મળ્યું કે સબબો અને માધ્યમો શોધવા એ તવક્કુલના વિરૂદ્ધ નથી, બલ્કે દરવાજો બંધ કરીને તવક્કુલ પર બેસી રહેવું અને કાંઈ ન કરવું તવક્કુલના વિરૂદ્ધ છે. જેમ કે કિમિયાએ સઆદતમાં હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જે કોઈ શખ્સ પોતાના ઘરમાં એકાંતવાસ થઈ જાય અને દરવાજો બંધ કરીને ઘરમાં બેઠો રહે અને તવક્કુલ કરવાવાળો બની જાય તો એવું તવક્કુલ હરામ છે.

## ★ તદબીર કરીને અને તવક્કુલ કરો ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે એકવાર એક શખ્સ બારગાહે રિસાલતમાં ઊંટણી પર સવાર થઈને આવ્યો અને સરકારે દો આલમ ﷺથી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું આ ઊંટણીને છોડી દઉં છું અને (તેની સુરક્ષા માટે) અલ્લાહ પર તવક્કુલ કરું છું. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તેના પગ બાંધી દો અને પછી અલ્લાહ પર તવક્કુલ કરો.

રિવાયતમાં છે કે એક શખ્સ જંગલમાં બકરીઓને એકલી ચરતી છોડી પોતે કોઈ કામ માટે શહેરમાં ચાલ્યો ગયો જ્યાં એકાએક મોટો ભાઈ તેને મળી ગયો. તેણે પૂછયું, જંગલમાં બકરીઓને કોના હવાલે કરીને આવ્યો છે ? તેણે કહ્યું, અલ્લાહના ભરોસે છોડીને આવ્યો છું ! મોટા ભાઈએ કહ્યું, તેં આ ખૂબ જ મોટી ભૂલ કરી છે. નાના ભાઈએ કહ્યું, અલ્લાહના તવક્કુલ પર બકરીઓને છોડી આવવાને ભૂલ કહેવું સખત બેઅદબી છે ! એવું ના કહો. મોટા ભાઈએ કહ્યું, કમનસીબ ! જો બકરીઓ ખુદાના તવક્કુલ પર છોડીને આવ્યો છે તો પછી વાઘ પણ તો અલ્લાહના

તવક્કુલ પર જ ફરી રહ્યા છે ! તમે તવક્કુલના અર્થનો દુરૂપયોગ કર્યો છે. તવક્કુલને પ્રયોગ કરતા પહેલાં રસૂલુલ્લાહ ﷺના ફર્માનને નજર સમક્ષ રાખવું જોઈએ કે ઊંટને એકલું ચરવા માટે પગ બાંધીને તવક્કુલ પર છોડી દો અને આવા સંજોગોમાં તદબીરથી કામ ન લો તો આ શરીઅતના વિરૂદ્ધ છે. શરીઅત કહે છે કે તદબીર કરીને તવક્કુલ કરો.

ભાઈઓ ! ઈન્સાન જે અમલ કરે છે, પરિશ્રમ અને મહેનત કરે છે તેનું પરિણામ હમેશાં સારું આવતું નથી, કેટલાક કામોમાં આપણને કામયાબી મળે છે અને કેટલાક કામોમાં નાકામી. કામયાબીની સૂરતમાં માણસ ઘમંડી બની જાય છે અને નાકામીની સૂરતમાં નિરાશ થઈ જાય છે. તવક્કુલ અલલ્લાહ કામની બંને ખરાબીઓથી માણસને બચાવે છે, જ્યારે આપણે કોશિશ કરીએ છીએ, મહેનત અને પરિશ્રમ કરીએ છીએ અને પરિણામ ખુદા પર છોડી દઈએ છીએ તો આપણે ન તો કામયાબી પર ઘમંડ કરીએ છીએ અને ન તો નાકામીથી નિરાશ થઈએ છીએ. એ જ રીતે તક઼દીરની કલ્પના પણ આપણને કામ કરવાથી નથી રોકતી પરંતું આપણને એવું શિખવે છે કે આપણા કામો અને મહેનતના સર્વ પરિણામો તક઼દીરે ઈલાહીના પાબંદ છે, કેમ કે તકદીરે ઈલાહી આપણા કામો અને તેના પરિણામોમાં જાહેર થાય છે જેથી અમલની જે દિશા ઈન્સાન પકડે છે તે જ તક઼દીરે ઈલાહી હોય છે.

ઈમામ હંબલ رحمة الله عليهથી લોકોએ પૂછયું, આપ તે માણસના વિશે શું ફર્માવો છો જે ઈબાદત માટે મસ્જિદમાં બેઠો રહે અને કહે અલ્લાહ મને રિઝ્ક઼ આપશે. આપે ફર્માવ્યું, આવો આદમી જાહિલ છે, તે શરીઅતને નથી જાણતો. એટલા માટે કે સરકારે મદીના ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મારી રોજી મારા નેઝાની નીચે રાખી છે. મતલબ એ છે કે રિઝ્ક઼ માટે મહેનત અને કોશિશ અને ભાગદોડ કરવું જરૂરી છે, વગર મહેનતે અને વિના કોશિશે તવક્કુલનું કોઈ અસ્તિત્વ નથી. આ દુનિયા આલમે અસ્બાબ છે અહીં કાંઈકને કાંઈક કરવું જરૂરી છે.

## ★ અપંગ શિયાળ ★

મષ્નવી શરીફમાં મૌલાના જલાલુદ્દીન રૂમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان ફર્માવે છે કે એક સોદાગર વેપાર માટે ઘરેથી નીકળ્યો. રસ્તામાં એક જંગલ આવ્યું. તેણે એક શિયાળ જોયું જે અપંગ છે, જેના હાથપગ બિલ્કુલ નથી અને તે ખૂબ જ તંદુરસ્ત અને તાજી છે. સોદાગરે વિચાર્યું કે આ તો ચાલવા ફરવાથી વંચિત છે તો પણ આ ક્યાંથી ખાય છે ?! એટલામાં તેણે જોયું કે એક સિંહ એક જંગલી ગાયનો શિકાર કરીને એ તરફ આવી રહ્યો છે. એ વેપારી બીકનો માર્યો એક ઝાડ પર ચઢી ગયો. સિંહ શિયાળની પાસે બેસીને તે ગાયને ખાવા લાગ્યો અને ખાઈને બાક઼ી બચેલ ગાયને ત્યાં જ છોડીને ચાલ્યો ગયો. શિયાળે પોતાની જગાએથી ખસવાનું શરૂ કર્યું અને ધીરે ધીરે તે ગાયની તરફ વધ્યું અને સિંહનું છોડેલુ ખાણુ પેટ ભરીને ખાઈ લીધું. સોદાગર આ દશ્ય જોઈને વિચારવા લાગ્યો કે અલ્લાહ તઆલા જ્યારે આ પ્રકારના અપંગ શિયાળ ને પણ રિઝ્ક઼ આપે છે, તો પછી મને ઘરથી નીકળીને રિઝ્ક઼ હાંસલ કરવા મહેનતની શું જરૂરત છે ? હું પણ ઘરે જઈને બેસુ છું ! આમ વિચારીને ઘરે પરત થઈ ગયો અને બેકાર, નકામો બનીને ઘરમાં બેસી ગયો. કેટલાયે દિવસો પસાર થઈ ગયા પણ કાંઈ આવકનું નામ નિશાન ન જણાયુ. એક દિવસ ગભરાઈને બોલ્યો, ઈલાહી ! અપંગ શિયાળને તો તું રિઝ્ક઼ આપે છે અને મને કાંઈ નથી આપતો ! શું આ જ તારો ઈન્સાફ છે ? અચાનક તેને એક ગૈબી અવાજ સંભળાયો કે નાદાન ! તને અમે બે ચીજો બતાવી હતી, એક મોહતાજ અને અપંગ શિયાળ જે અન્યોના ટુકડાઓ પર જીવે છે અને એક સિંહ જે જાતે શિકાર કરે છે, જાતે પણ ખાય છે અને બીજા મોહતાજોને પણ ખવડાવે છે. પણ હે બેવકૂફ ! તેં મોહતાજ, અપંગ શિયાળ બનવું પસંદ કર્યું પરંતું બહાદુર સિંહ બનવું

પસંદ ન કર્યું ! તું અપંગ શિયાળ બનીને ઘરમાં બેઠો છે, સિંહ કેમ નથી બનતો જેથી જાતે પણ કમાઈને ખાય અને બીજાઓને પણ ખવડાવે" આ સાંભળીને સોદાગરની ભાવના જાગી ઉઠી અને પછી તે વેપાર કરવા માટે ચાલી નીકળ્યો.

આ બનાવથી તે લોકોએ બોધ લેવો જોઈએ જે કામકાજ પર નથી જતા, મહેનત, મજૂરીથી ભાગે છે, બચેલું અને વાસી ખાઈને ગુજારો કરે છે અને કહે છે, અલ્લાહ પર ભરોસો રાખો જે તકદીરમાં હશે તે મળશે ! આવા લોકો કુદરતની વ્યવસ્થાને ભૂલેલા છે. આ તવક્કુલ નથી બલકે સુસ્તી અને એદીપણુ છે, જે ઈન્સાનને તબાહ અને બર્બાદ કરી દે છે. જિંદગી મહેનત અને કોશિશનું નામ છે, સતત કોશિશનું નામ છે, જેથી ઈન્સાને ક્યારેક પણ બેકાર ન બેસવું જોઈએ પરંતું તેણે જોઈએ કે જાઈઝ તરીકાથી કમાઈને પોતાનો પણ ગુજારો કરે અને મોહતાજો પર પણ ખર્ચ કરે. આ જ ઈસ્લામની અપેક્ષા તથા ડિમાન્ડ છે.

### ★ હઝરત શફીક઼ બલ્ખી رحمۃ اللہ علیہ અને તવક્કુલ ★

હઝરત ઈબ્રાહીમ બિન અદહમ અને હઝરત શફીક઼ બલ્ખી رضی اللہ عنہماની મક્કા મુકર્રમામાં મુલાકાત થઈ. હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ પૂછયું, હે શફીક઼ ! તમે આ ઉચ્ચ હોદ્દો કેવી રીતે મેળવ્યો ? જનાબ શફીક઼ બલ્ખીએ જવાબ આપ્યો કે એક વખત હું એક મેદાનથી પસાર થયો ત્યાં મેં એક એવું પંખી પડેલું જોયું જેની બંને પાંખો કપાએલી હતી. મારા દિલમાં એવો ખયાલ અને વિચાર આવ્યો કે જોવું કે તેને કઈ રીતે રિઝ્ક઼ મળે છે. હું ત્યાં બેસી ગયો. થોડીવાર પછી એક પંખી આવ્યું તેની ચાંચમાં એક ટીડ હતું અને તેણે તે ખાવા પંખીના મોંમાં નાખી દીધું. મેં વિચાર્યું કે તે કાઈનાતનો પાલનહાર એક પંખીથી બીજા પંખીને રોજી પહોંચાડે છે તો મારી રોજી પણ દરેક હાલમાં પહોંચાડી શકે છે. જેથી મેં બધા કારોબાર છોડી દીધા અને અલ્લાહની ઈબાદતમાં લાગી ગયો. ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ કહ્યું, હે શફીક઼ ! તમે મજબૂર પંખી બનવું પસંદ કર્યું અને તંદુરસ્ત પંખી બનવું પસંદ ન કર્યું કે તમને બુલંદ મક઼ામ હાંસલ થતો ?! શું તમે આ ફર્માને નબવી નથી સાંભળ્યું કે ઉપરવાળો હાથ નીચેવાળા હાથથી અફઝલ અને બેહતર છે. મોમિન તો હમેશાં બુલંદ દરજ્જાનો ઈચ્છુક રહે છે ત્યાં સુધી કે તે નેક લોકોની સફમાં જગા મેળવી લે છે. હઝરત શફીક઼ બલ્ખી رحمۃ اللہ علیہએ આ સાંભળીને હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہના હાથને ચૂમી લીધા અને કહ્યું, બેશક ! તમો મારા ઉસ્તાદ છો.

અહીં એક વાતની સ્પષ્ટતા કરું કે સામાન્ય લોકો અને ખાસ લોકો (અલ્લાહના વલીઓ)ના તવક્કુલમાં તફાવત છે. તસવ્વુફવાળા અને અવલિયા અલ્લાહનો તવક્કુલ અલ્લાહ પર અનહદ હોય છે, અને એટલા પ્રમાણમાં હોય છે કે તેઓ પોતાના અને ખુદાના દરમિયાન કોઈ ચીજને આડે નથી આવવા દેતા. અને આપણો તવક્કુલ અત્યારે એટલો મજબૂત નથી. જે લોકોનો તવક્કુલ અલ્લાહ પર મજબૂત હોય છે તો અલ્લાહ તેમની સારસંભાળ કરવા લાગે છે. આમ તો તવક્કુલનો રસ્તો જાહેરી રીતે જોતાં ખૂબ જ કઠણ છે, પણ અલ્લાહના જે બંદાઓએ આ રસ્તો પકડયો, અલ્લાહ તઆલાએ તેમને દરેક નેઅમતોથી નવાઝયા.

બુઝુર્ગોનો ક઼ૌલ છે કે જયારે ઈન્સાન રિઝ્ક઼ની તલબ માટે સબબોનો સહારો લે તો સબબોની જગાએ તે ખાલિકે કાઈનાતને પોતાનો નસબુલ ઐન બનાવે જે વાસ્તવમાં સૌના માટે રોજી પહોંચાડનાર છે. ભીખારી જે ભિક્ષાનો કટોરો લઈને ભીખ માગતો રહે છે તે કટોરાને નહીં બલ્કે હમેશાં દેવાવાળા દાનવીરની તરફ ધ્યાનને કેન્દ્રિત રાખે છે. તવક્કુલ એવું હોવું જોઈએ કે માણસ માધ્યમોથી મુખ ન ફેરવે, પણ રોજીને માધ્યમો પર જ આધારિત ન સમજે પરંતું તેને મુસબ્બિબુલ અસ્બાબ (સબબો અને માધ્યમો

ઉપસ્થિત કરનાર) તરફથી સમજે, કેમ કે આખી દુનિયાને રોજી આપનાર રઝ્ઝાક મૌજૂદ છે.

**ખુદાકો ભૂલ ગએ લોગ ફિક્રે રોઝીમેં**
**ખયાલે રિઝ્ક હૈ રઝ્ઝાક કા ખયાલ નહીં**

## ★ દાણા દાણા પર નામ ★

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "રિઝ્ક બંદાને એ રીતે શોધે છે જેવી રીતે મૌત તેને શોધે છે."

અલ્લાહનું રિઝ્ક કોઈ જગા સાથે ખાસ નથી બલ્કે અલ્લાહનું રિઝ્ક દરેક જગાએ આમ છે, જે જ્યાં છે ત્યાં તેને પહોંચી જાય છે. અલ્લાહના જે બંદા એક જગાએથી બીજી જગાએ હિજરત કરીને જાય છે તો અલ્લાહ તેમના તવક્કુલના કારણે તેમને ત્યાં જ રોજી પહોંચાડવાના સબબો અને માધ્યમો પૈદા કરી દે છે.

હુઝૂરે પાક ﷺએ ફર્માવ્યું કે જમીનનો કોઈ દાણો એવો નથી જેના પર અલ્લાહ તરફથી એવું ન લખ્યું હોય, "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ આ રિઝ્ક ફલાણા બિન ફલાણાનું છે." મતલબ દરેક દાણા પર ખાનારનું નામ લખેલું હોય છે. પણ એનો એ મતલબ સમજવો જોઈએ કે બસ ! મોં ખોલી લાચારની જેમ બેસી રહીશું અને કહીશું અલ્લાહ રોજી આપનારો છે ! અત્યારે તે આકાશથી મારા મોંમાં નાખશે ! અથવા રિઝ્ક અમને મૌતની જેમ શોધે છે તો હવે આપણે રોજીની તલાશ ન કરીએ. નહીં નહીં ! તવક્કુલ અને ભરોસાનો મતલબ એ છે કે કોશિશ કરો, મહેનત કરો, કામ કરો અને પછી તેના મહેનતાણા માટે ખુદા પર ભરોસો રાખો. તવક્કુલ એનું જ નામ છે કે દરેક કામ માટે અલ્લાહ પર ભરોસો કરવો જોઈએ. આના અનુસંધાને ખૂબ જ વાકિઆ તથા બનાવો ઈસ્લામી કિતાબોમાં ઉપસ્થિત છે જેને લંબાઈના કારણે અહીં લખવાથી લાચાર છું. બસ ! સમજનાર માટે આટલું પૂરતું છે.

**અંદાઝ મેરા ગરચે બહુત શોખ નહીં હૈ**
**શાયદ કે ઉતર જાએ તેરે દિલમેં મેરી બાત**

પેજ નં. ૨૪નું ચાલુ...

જાણતો તો હઝરત આદમ علیہ السلامને સજદો કરવાથી ઈન્કાર ન કરત અને વિના શંકાએ સજદો કરત. પરંતુ કેમ કે એ લઅનતીને અંજામ માલૂમ હતો અને પોતાની ઈબાદત પર ઘમંડ હતો એટલા માટે એવું કહી આપ્યું કે હું હરગિઝ ખાકી (માટીના બનેલા)ને સિજદો કરીશ નહીં, એટલા માટે તે વિના શંકાએ લઅનતી થઈ ગયો, અને તેની સર્વ ઈબાદતો બેકાર થઈ ગઈ અને તેના મોઢા પર પરત મારી દેવામાં આવી.

એ જ મોકા હેઠળ આપે ફર્માવ્યું કે હું એકવાર શહેરમાં ગયો. અહલે ઈસ્લાહના એક ગિરોહને જોયો કે વીસની ટોળી આલમે તહય્યુરમાં ઉભેલી છે, અને તેમની આંખો આસમાનની તરફ લાગેલી છે. જ્યારે નમાઝનો સમય થતો તો નમાઝ અદા કરીને ફરી આલમે તહય્યુરમાં મશગૂલ થઈ જતા. હું પણ અમુક મુદ્દત સુધી તેમની પાસે રહ્યો. એક દિવસે એમનામાંથી અમુક માણસ સહવમાં આવ્યા તો આ દુઆગોએ તેમની ખિદમતમાં અર્ઝ કરી કે આપ ક્યારથી આ આલમમાં મશગૂલ છો ? તેમણે કહ્યું, લગભગ ૬૦ કે ૭૦ વરસનો અરસો ગુજરી ચૂક્યો છે કે અમે લઅનતી શૈતાનના કિસ્સાના ખયાલમાં છીએ કે છ લાખ છત્રીસ હજાર વરસો સુધી તેણે અલ્લાહ તઆલાની ઈબાદત કરી, પરંતુ જ્યારે હઝરત આદમ علیہ السلامને સજદો કરવાથી ઈન્કાર કર્યો તો મરદૂદ થઈ ગયો ! આ ખૌફ તથા ગભરાટહથી અમે કાંપી રહ્યા છીએ, અને આ આલમે તહય્યુરમાં પડેલા છીએ. અને એ જ સોચ વિચારમાં પડયા છીએ. અને અમને એ ખબર નથી કે અંજામ શું થશે ? આ ખૌફથી ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ રડી પડયા અને ઝબાન મુબારકથી ફર્માવ્યું કે કામિલ મર્દોનો હાલ એવો છે કે તેઓ ખૌફે ઈલાહીના માર્યા ગભરાયેલા રહે છે ! મને ખબર નથી કે અમે કયા ગિરોહમાં છીએ.

જેવા કે ખ્વાજા સાહબે (બખ્તિયાર કાકીએ) આ ફવાઈદ ખત્મ કર્યા આપ ઉઠીને આલમે તહય્યુરમાં મશ્ગૂલ થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ



# મોબાઈલની માનસિક, શારીરિક, સામાજિક બર્બાદીઓથી ચેતો !

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી**
*(સદર મુદર્રિસીન : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા, આમોદ)*

મનુષ્યનું શરીર બીમાર થઈ જાય તો એ વાત એટલી ચિંતાની નથી, પરંતુ મનુષ્યની રૂહ અને દિમાગ બીમારીમાં સપડાય જાય તો એ બાબત અત્યંત દુઃખદ અને અફસોસજનક છે. મોબાઈલે ઈન્સાનના શરીરની સાથે તેની રૂહ અને દિમાગને પણ બીમારીમાં સપડાવી દીધાં છે. રૂહની બીમારી ઈન્સાનને અસભ્યતા અને બિભત્સતા તરફ લઈ જાય છે અને દિમાગનો રોગ ઈન્સાનને એક અજીબ કશમકશ તથા અજંપાની કૈફિયતમાં ધકેલી મૂકે છે અને ઈન્સાનના ઉજ્જવળ ભવિષ્ય પર કાળો ધબ્બો લગાવી દે છે. મનુષ્ય પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે તનતોડ પ્રયાસ કરે છે અને પોતાની સોચ સમજ અને કાર્યક્ષમતાને આગળ વધારે છે પરંતુ તેનો દિમાગી રોગ તેના માટે રૂકાવટ બને છે.

### ★ મોબાઈલના અતિરેકથી ઘરની શાંતિ જોખમાય છે ★

આધુનિક મેડિકલ સંશોધન પ્રમાણે મોબાઈલના કારણે દિમાગી અને માનસિક રોગીઓની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. મોબાઈલના કારણે બ્લડ પ્રેશર, હાર્ટએટેક, અને ડિપ્રેશન જેવી બીમારીઓ પહેલા કરતાં વધતી જઈ રહી છે અને આ ડિપ્રેશન ઘરેલુ ઝઘડાઓનું કારણ બની રહ્યું છે.

પતિ પત્નીમાં ઝઘડા થઈ રહ્યા છે અને પારિવારિક વ્યવસ્થા ખોરવાઈ રહી છે. મોબાઈલના કારણે ઉત્પન્ન થયેલ આ ડિપ્રેશનનો અંત અપશબ્દો, ધક્કા મુક્કી અને મારપીટ પર થાય છે. સારાંશ કે મોબાઈલના પરિણામે ઉદભવેલ આ ડ્રામો એકથી એક દ્રશ્યો સર્જી રહ્યો છે. આગે આગે દેખિયે હોતા હૈ ક્યા !

મોબાઈલ ફોન માનસિક તણાવ, ડિપ્રેશન અને ઘરેલુ ઝઘડાનું કારણ કઈ રીતે બની રહ્યો છે ? એના સંદર્ભમાં દૈનિક ''ઈન્કેલાબ''નું આ લખાણ વાંચવા લાયક છે. :–

''હાલના સંશોધન પ્રમાણે મોબાઈલ ફોન ઉપયોગ કરવાવાળા લોકો સ્ટ્રેસ એટલે કે માનસિક તાણના ઉચ્ચતમ સ્તરથી પીડિત હોય છે. આ સ્તર એ લોકો કરતાં અધિક હોય છે જેઓ મોબાઈલનો ઉપયોગ બહુ ઓછો અથવા બિલ્કુલ નથી કરતા. ફોનના ઉપયોગની આદતવાળા લોકો ઓફિસોની પરેશાનીઓ પણ ફોનની સાથે જ ઘરે પણ લઈ આવે છે જેનાથી ઘરોમાં સ્ત્રીઓ ખૂબ ચિડાય છે. પતિ જ્યારે પોતાના કામ (જોબ) વિશે ઘરમાં મોબાઈલ પર વાત કરે છે અને દરેક સમયે તેનો ફોન આવ્યા કરે છે તો પત્ની અને બાળકો બંનેવને શિકાયત રહે છે. સોશ્યલોજીસ્ટ ડોકટર નૂઈલ ચેઝીના અનુસાર મોબાઈલ ફોન પુરૂષો ઉપયોગ કરતા હોય કે સ્ત્રીઓ એનાથી ઘરેલુ જીવન પર દુષ્પ્રભાવ થવાના ઉદાહરણો પણ જોવા મળે છે.

નિષ્ણાતોના અનુસાર મોબાઈલ ફોનનો અધિક ઉપયોગ ઘરેલુ ઝઘડાનું કારણ બની રહ્યો છે. એ દિન પ્રતિદિન માનસિક તાણની સાથે ગભરાહટનો શિકાર બનાવી રહ્યો છે. તેનો વધતો જતો ઉપયોગ એ ખતરાનો નિર્દેશ પણ કરીને રહ્યો છે કે આવનારી પેઢીઓ ઘર અને બહારની જવાબદારીઓને અલગ કરીને જોવામાં પણ નિષ્ફળ થઈ જશે અને સામાન્ય જીવન પણ મુસીબતો અને તકલીફોનું શિકાર થઈ જશે.''
*(દૈનિક ઈન્કિલાબ, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૩)*

સ્ત્રીઓ ઘરેલુ બાબતોની જવાબદાર હોય છે એટલા માટે સ્ત્રીઓના હક્માં મોબાઈલનો અધિક

ઉપયોગ ઝેહરે કાતિલ અને અત્યંત ખતરનાક છે. જો સ્ત્રીઓ અધિક સમય મોબાઈલમાં વ્યસ્ત રહેશે તો ઘરેલુ જવાબદારીઓને કોણ સંભાળશે ?

સ્ત્રીઓ નીચેનું લખાણ ધ્યાનથી વાંચે અને પોતાની ઘરેલુ જવાબદારીઓ બાબતે જાગૃત રહે અને મોબાઈલના અધિક ઉપયોગથી બચે.

"એક ઘરેલુ સ્ત્રી પણ મોબાઈલ દ્વારા ઘણા રિશ્તેદારો અને સહેલીઓથી સંપર્ક બનાવી લે છે તો સમજી લો કે તેણે પણ મફતમાં મુસીબત વહોરી લીધી. કદી કોઈ સહેલીનો ફોન તો કદી કોઈ સહેલીનો મેસેજ, કદી કોઈ સંબધી દા'વત આપશે તો કદીક કોઈ શિકાયત કરશે. સારાંશ કે ઘરની એક સ્ત્રીને ઘરના કામકાજ અને શિડયુલ પર ધ્યાન આપવા સિવાય પોતાના મોબાઈલના કૉલ લૉગ (Call Log) અને ઈન બોક્સ (Inbox) પર પણ ધ્યાન આપવું પડે છે, જેનાથી દિમાગના ઉપર બિનજરૂરી દબાણ પડે છે. " *(દૈનિક ઈન્કિલાબ, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૩)*

એક દશક પહેલાં આપણે T.V.ના દુષ્પ્રભાવ અને ભયાનક પરિણામોથી પરેશાન હતા. બ્રિટિશ સાયકોલોજીકલ સોસાયટીના ફેલો ડૉ. એરિક્સ્મેગીને "ટેલીવિઝન"ને સૌથી મોટુ સ્વાસ્થ્ય હાનિકારક સ્કૅંડલ ઠરાવ્યું હતું અને હવે એ જ સ્વાસ્થ્ય હાનિકારક અને સંસ્કારોને ભ્રષ્ટ કરનાર સ્કૅંડલ મોબાઈલ બની ચૂક્યો છે. મોબાઈલ અને ઈન્ટરનેટે મનુષ્યના સંસ્કારિક મૂલ્યો તથા ધાર્મિક પરંપરાઓ પર હુમ્લો કર્યો છે. (સંસ્કાર તથા ધાર્મિકતાથી જાણે માનવી નીચોવાઈ રહ્યો છે. ફેસબુક પર ગૈર પુરૂષોથી, ગૈર સ્ત્રીઓથી બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડના બેહયાઈભર્યા નાજાઈઝ સંબંધો, અને અસભ્યતા, બિભત્સતા, બેવફાઈ તથા અધર્મતા અને બેબાકીપણુ મોબાઈલના મિસયુઝ તથા અતિ યુઝથી તેનામાં ઘર કરી રહ્યું છે.)

### ★ મોબાઈલ અને ઈન્ટરનેટ ઉપયોગ કરવાવાળાઓની સંખ્યા ★

દૈનિક ઈન્કિલાબ ૧૮ ઓક્ટોબર ૨૦૧૩ના પ્રમાણે ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યાના આધારે હિંદુસ્તાન વિશ્વનો ત્રીજો મોટો દેશ છે. ચીનમાં ૫૬ કરોડ આઠ લાખ, અમેરિકામાં ૨૫ કરોડ ૪૨ લાખ અને હિંદમાં ૧૫ કરોડ ૧૬ લાખ ઈન્ટરનેટ યુઝર્સ છે. અને મોબાઈલ ફોનનો ઉપયોગ કરવામાં હિંદુસ્તાન બીજા સ્થાને છે. હિંદુસ્તાનમાં ૮૬ કરોડ ૮૭ લાખ મોબાઈલના ઉપયોગમાં પુખ્તવયના લોકો ઉપરાંત કાચી ઉમરના બાળકો તથા બાળાઓ પણ મોબાઈલનો દુરૂપયોગ કરી રહ્યાં છે. મોબાઈલ ફોનના કારણે ઈશ્ક઼ તથા આશિક઼ી તથા એકબીજાના સંપર્ક તથા મિલનના મામલાને ખૂબ જ ઉત્તેજન મળ્યું છે. ટીવી એક ઉઘાડુ રહસ્ય હતું જ્યારે મોબાઈલ એક "અભેદ રાઝ" છે જેમાં ન જાણે ક્યાં કેવાં ગંભીર રાઝો છુપાં છે. જરૂરી છે કે મા બાપ પોતાનાં બાળકો તથા બાળાઓના મોબાઈલ ફોનમાં છુપાએલ સંગીન હક઼ીક઼તો સુધી પહોંચે અને સખતી સાથે એની નોટિસ લે, નહીં તો એ જ બાળકો આગળ ચાલીને બદચલન, આવારા અને અસભ્ય બનશે.

### ★ મોબાઈલની માનસિક બીમારી તથા તબાહીનો ચિતાર ★

મોબાઈલની દિમાગી તથા માનસિક બીમારી અને તબાહી તથા બરબાદી સંબંધે "સપ્તાહિક નઈ દુનિયા" ૩ માર્ચ ૨૦૧૪નું આ લખાણ પણ વાંચન પાત્ર છે, જેનું શિર્ષક છે. "હોશિયાર ! ખબરદાર ! ઘર ઘરમાં આગ લગાવી રહ્યો છે મોબાઈલ ફોન !"

જે ઝડપથી મોબાઈલ મનુષ્ય જીવનનો એક ભાગ બન્યો છે એટલી ઝડપથી કોઈ વસ્તુ મનુષ્ય જીવનમાં દાખલ નથી થઈ શકી. મોબાઈલે જેવી રીતે લોકોના જીવનમાં સુવિધાઓ પ્રદાન કરી છે, ત્યાં જ એ જ મોબાઈલના કારણે જૂઠને પણ વેગ મળ્યો છે. ઈન્ડિયા ગેટ પર ઉભેલી વ્યક્તિ પોતાને રેલ્વે સ્ટેશન પર હોવાનું જણાવી રહી છે તો જરૂર ક્યાંક ન ક્યાંક તેણે બેઈમાની કરી છે. એ જ રીતે પતિ પત્નીમાં તકરાર અને એક બીજા પર શકની તલવાર ખેંચવાનું હથિયાર પણ આ જ મોબાઈલ બની ચૂક્યો છે. હાલમાં આવી અનેક ઘટનાઓ બની ચૂકી છે જેમાં ઈમેઈલ તથા મોબાઈલના કારણે અંગત તથા સામાન્ય જીવન બર્બાદ થઈ ચૂક્યું

છે. આત્મહત્યા અને કત્લનું કારણ બનનાર આ યુગની સોશિયલ વેબસાઈટો અને મોબાઈલે સુસભ્ય જગતને પરેશાનીમાં નાખી દીધું છે. પ્રથમ તો એને સ્વાસ્થ્ય માટે હાનિકારક ઠરાવવામાં આવ્યો. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ પણ તે બાળકોના વાલીઓને સખત ચેતવણી આપી ચૂક્યા છે જેમનાં બાળકો મોબાઈલ પર પોતાનો અધિકતમ સમય ખપાવે છે. રમત રમતમાં કલાકો સુધી વાતો કરવાવાળા બાળકો નથી જાણતા કે મોબાઈલ ફોનથી થતા ખતરા તેમના સ્વાસ્થ્ય માટે કેટલા ખતરનાક થઈ શકે છે. આ વિશે કેટલાક ટેસ્ટ પણ કરવામાં આવ્યા અને જાણવા મળ્યું કે જે સ્થળોએ મોબાઈલનો સતત ઉપયોગ કરવામાં આવે છે ત્યાં વિધૃત ચુંબકીય કિરણો પણ અધિક હોય છે.

હાલમાં જ ફિનલેંડના વૈજ્ઞાનિકોએ એક શોધમાં જણાવ્યું કે મોબાઈલ ફોનથી ઉત્પન્ન થતી વિઘટનશીલતાથી દિમાગમાં પરિવર્તન આવી જાય છે. નિષ્ણાતોનું માનવું છે કે તેનાથી બચવાનો એક જ ઉપાય છે કે મોબાઈલ પર કમ સે કમ અને જરૂરત પૂરતી જ વાત કરવામાં આવે.

આજના ટેકનિકલ યુગમાં મોબાઈલ ફોન આપણા જીવનનું અનિવાર્ય અંગ બની ચૂક્યો છે. અધિકતમ લોકો મોબાઈલ ફોન વિના પોતાને મજબૂર તથા એકલા અનુભવે છે અને એના માટે આપણે તેની આડઅસરોને પણ ધ્યાનમાં નથી લેતા. આપણે ન્યુઝ પેપર વગેરેમાં રોજ મોબાઈલ ફોનથી સંબધિત સેંકડો બીમારીઓ વિશે વાંચીએ છીએ. એટલા માટે એ કહેવું ગલત નથી કે મોબાઈલ ફોન ઘણી સમસ્યાઓની જડ છે. મોબાઈલ ફોન બ્રેઈન કૅન્સર જેવી ભયાનક બીમારીનું કારણ છે, મોબાઈલ ફોનને દિલ પાસે એટલે ઉપરના પોકેટમાં ન રાખવો જોઈએ કેમ કે તેનાથી દિલ પર નેગેટિવ અસર પડે છે. જરૂરતથી અધિક સમય સુધી મોબઈલ પર વાત કરવાથી કાન પર તો એની બુરી અસર થાય જ છે, સાથોસાથ દિમાગ પણ તેની અસરથી બચી નથી શકતું. વિશેષ રૂપે બાળકોના ઉછેર તથા દિમાગ માટે મોબાઈલનો અધિક ઉપયોગ હાનિકારક છે.

### ★ મોબાઈલનો અતિ ઉપયોગ અનેક મુસીબતોનું ઘર છે ! ★

સમસ્યા જો માત્ર બીમારીની જ હોત તો પણ લોકો તેના ઉપયોગમાં સાવચેતી રાખત, હકીકતમાં મોબાઈલ વ્યક્તિને માનસિક બીમારીનો શિકાર બનાવી દે છે.

આ ઘેલી લતનું અનુમાન એ વાતથી કરી શકાય છે કે ૨૦% (વીસ) ટકા નવયુવાન જોડાઓ સંભોગ દરમિયાન પણ મોબાઈલનો ઉપયોગ બંધ નથી કરતા. જ્યારે કે ૩૦% (ત્રીસ) ટકા લોકોનું માનવું છે કે મોબાઈલ યુઝ કરનારાઓની મેરેજ લાઈફમાં (દાંપત્ય જીવનમાં) ટેકનોલોજીથી કેટલાયે તણાવો (ટેન્શનો) ઉભાં થાય છે. સર્વેમાં ૧૨% (બાર) ટકા લોકોએ એ વાતનો સ્વીકાર કર્યો છે કે તેમની લવ લાઈફમાં (કે જે નાજાઈઝ તથા હરામ કાર્ય છે) વારંવાર ફોન ચેક કરવો એક સમસ્યા બની ગઈ હતી. ૨૯% લોકોનું કહેવું છે કે તેમણે પોતાના દોસ્ત તથા પાર્ટનરનો ફોન ચેક કરીને તેમનો ભરોસો તોડી નાખ્યો છે. ૧૫% એવા લોકો છે જેઓ દરેક જગાએ મોબઈલ ફોન પોતાની સાથે લઈ જાય છે, ભલે ને તે બાથરૂમ હોય, ડિનર ટેબલ હોય કે પછી બેડરૂમ હોય, એક સર્વે મુજબ ૧૫% લોકો નહાતી વખતે પણ કોઈ પણ રીતે પોતાનો મોબાઈલ ફોન યુઝ કરે છે !

મોબાઈલ ફોન રોડ એક્સિડન્ટનું કારણ પણ બનતો જઈ રહ્યો છે. સખત કાનૂન હોવા છતાં ૫૫% લોકો ડ્રાઈવિંગ કરતી વખતે પણ હેન્ડ સેટની સાથે લાગેલા રહે છે. એવી દુઘર્ટનાઓ જોવામાં આવી છે કે પાછળથી આવનાર ગાડીઓના હોર્ન ન સંભળાવાના કારણે ખતરનાક એક્સિડન્ટો થઈ ચૂક્યાં છે, મોબાઈલ પર ચોંટી રહેવાને કારણે રેલ્વે ટ્રેન નીચે લોકો કચડાય જવાના બનાવો બન્યા છે. મોબાઈલ એક બાજુથી આપણા માટે રહમત છે તો બીજી બાજુથી ઝેહમત પણ છે જેથી તેનો ઉપયોગ સાવચેતીથી માપ પૂરતો કરવા જોઈએ.

### ★ મોબાઈલથી સગર્ભા સ્ત્રીને થતાં નુકસાનો ★

મોબાઈલનું એક ખતરનાક પાસુ આ પણ છે. તેના

દ્વારા (સગર્ભા મહિલા)ના પેટમાં ઉછેર પામનાર બાળ કના સ્વાસ્થ્ય તથા અખ્લાક઼ (સંસ્કાર) ઉપર પણ ઘણી બુરી અસર પડે છે. મોબાઈલ વીજળીથી ચાલે છે. મોબાઈલને પહેલાં વીજળીથી ચાર્જ કરવામાં આવે છે જેમાં કરંટ તથા વીજ કિરણો સંગ્રહિત હોય છે અને વીજળીના આ કિરણો સામાન્ય વ્યક્તિ માટે હાનિકારક છે. એટલા માટે જ ડોકટરો મોબાઈલને છાતી પાસે ખિસ્સામાં રાખવાથી મનાઈ કરે છે, કેમ કે તેનાથી હાર્ટમાં બીમારીઓ પેદા થવાનો સંભવ રહે છે. આજે મોબાઈલથી પ્રગટ થનાર (ઈલેક્ટ્રોનના) કારણે સગર્ભા સ્ત્રીને તથા તેના પેટમાં ઉછેર પામનાર બાળકના સ્વાસ્થ્યને નકામાં તથા હાનિગ્રસ્ત (ડેમેજ) બનાવી રહ્યાં છે.

એટલા માટે સગર્ભા સ્ત્રીઓ તે હાલતમાં મોબાઈલનો ઉપયોગ ઓછો કરે અને જો કરે તો પણ તેને પોતાના શરીરથી દૂર રાખીને, માથા પાસે અથવા તકિયા નીચે મોબાઈલ ન રાખે. આધુનિક મેડિકલ સાયન્સના સંશોધન મુજબ ગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ ચાર અઠવાડિયામાં ગર્ભમાં ઉછરી રહેલ બાળકના કાનોમાં તેની માના તથા આસપાસના અવાજો પહોંચવા માંડે છે. આજની માઓ જ્યારે સગર્ભા હોય છે ત્યારે તે દિવસોમાં દુઃખ તથા તકલીફનું બહાનું કાઢી ફર્ઝો, વાજિબો, નમાઝ, રોઝા તથા અન્ય વિર્દ વઝીફાઓ છોડીને ફુઝૂલ વાતો તથા બેકાર કામોમાં (શરીઅત વિરુદ્ધનાં કામોમાં) વ્યસ્ત રહે છે. ફિલ્મો તથા અશ્લિલતાથી ભરપૂર સિરિયલો, મૂવીઓ જુએ છે, ફિલ્મી ગીતો સાંભળે છે, મોબાઈલની પાછળ જ લાગેલી રહે છે, તેવી માઓ તથા સ્ત્રીઓને ખબર હોવી જોઈએ કે તેમનું ફિલ્મો જોવું, ગીતો સાંભળવું તથા બિભત્સ વાતો, ગીબતો, કરવાની ખરાબ અસર તેમના પેટમાં ઉછેર પામનાર માસૂમ બાળક ઉપર પડે છે. આ માત્ર એક દાવો નથી સચ્ચાઈ છે, તેનું એક ઉદાહરણ વાંચો :–

હુઝૂર સરકારે ગૌષે પાક رحمۃ اللہ علیہ જ્યારે પોતાનાં વાલિદા (મા)ના પેટમાં હતા ત્યારે આપના વાલિદા કુર્આને પાકની તિલાવત ફર્માવ્યા કરતા હતા. લગભગ ૧૭ સિપારા સુધી પહોંચ્યાં હતાં કે સરકાર ગૌષે પાક رحمۃ اللہ علیہની વિલાદત (જન્મ મુબારક) થઈ, અને ગૌષ પાક رحمۃ اللہ علیہ વિશે મશ્હૂર છે કે આપ ૧૭ સિપારાના પેદાઈશી હાફિઝ હતા. માની હરકતો તથા કામોને પેટમાં ઉછેર પામનાર બાળક ઉપર આ અસર નથી તો શું છે ? એ કોઈ જરૂરી નથી કે મા ગર્ભાવસ્થા દરમિયાન કુર્આનની તિલાવતે કરશે તો બાળક હાફિઝે કુર્આન જ પેદા થશે, પરંતુ એટલુ જરૂર છે કે તિલાવત કુર્આન તથા માના સારાં કામોનો અસર બાળક ઉપર જરૂર પડશે. જેથી માઓ તથા સગર્ભા સ્ત્રીઓએ આ વિશે ખાસ ધ્યાન આપવાની જરૂરત છે અને જેટલુ બની શકે તેટલુ મોબાઈલ વગેરેથી દૂર રહેવાની પણ જરૂરત છે.

ફારસીમાં કહેવત છે કે :–

*"હર શૈ કે બિસ્યાર શવદ ખ્વાર શવદ"*

**અર્થાત** : જે વસ્તુ જેટલી વધી જાય છે, તે તેટલી જ બેકિંમત તથા ઝલીલ થઈ જાય છે.

એ જ સ્થિતિ મોબાઈલની પણ છે, મોબાઈલની સંખ્યામાં વધારો તથા તેના પર ફેસબુક, વોટસ એપ વગરે પરના બેકાર તથા ખોટા ઉપયોગે બેહયાઈ, વ્યભિચાર, બદ્‌માશી, બદ્‌નામી, રૂસ્વાઈ અને તબાહી તથા બર્બાદીના તમામ દ્વારો ખોલી દીધાં છે. ઈન્ટરનેટનો ૮૦% પ્રયોગ મોબાઈલ ઉપર થાય છે અને ઈન્ટરનેટની નુકસાનકારક અસરો તેની ફાયદાકારક અસરો ઉપર ગાલિબ આવી (સવાર થઈ) ગઈ છે અને તેના કારણે સમાજમાં ખરાબીઓ તથા અશ્લિલતાનું પુર આવ્યું છે તેનાથી જાણકાર તથા ભણેલો ગણેલો વર્ગ ખૂબ જ વાકેફ છે. હા ! આજે એ જ મોબાઈલે તથા ઈન્ટરનેટે બાળકોને સમયથી પહેલાં જવાન અને જવાનોને સમયથી પહેલાં ઘરડા (વૃદ્ધ) બનાવી દીધા છે ! બળાત્કારો, આત્મહત્યાઓ, ખૂનો, દંગલો કરાવવામાં મોબાઈલ ખૂબ જ મોટો રોલ ભજવી રહેલ છે. મોબાઈલ તે સમયે અધિક ખતરનાક તા ઘાતક સાબિત થાય છે જ્યારે તે અય્યાશ, આવારા તથા બદ્‌ચલન લોકોના હાથનું રમકડુ બની જાય છે. એટલા માટે શાસન તરફથી પણ મોબાઈલના સંબંધે હદથી વધુ સ્વતંત્રતા પ્રત્યે રોક તથા પ્રતિબંધ લાવવાની જરૂરત છે.

*(હવાલો : અશરફિયા મંથલી–મુબારકપુર, ઓગસ્ટ–૨૦૧૪)*

# શિર્ક શું છે?

લેખક : **હઝરત અલ્લામા મુહમ્મદઅહમદ મિસ્બાહી (મુબારકપુર)**
અનુવાદક : **મૌલાના અબ્દુર્રઊફ રઝવી (પાલેજ)**

ગતાંકથી ચાલુ...

હવે અમે અહીં બંદાઓને અલ્લાહની અતાથી અપ્રાકૃતિક અને આદત વિરુદ્ધ કુવ્વત પ્રાપ્ત હોવાની કેટલીક દલીલો રજૂ કરીએ છીએ જેથી વાત પૂરેપૂરી સમજમાં આવી જાય.

(૧) કુર્આન કરીમમાં હઝરત ઈસા علیہ السلام નો આ કૌલ છે :–

**اَنِّیۡۤ اَخۡلُقُ لَکُمۡ مِّنَ الطِّیۡنِ کَہَیۡـَٔۃِ الطَّیۡرِ فَاَنۡفُخُ فِیۡہِ فَیَکُوۡنُ طَیۡرًا بِاِذۡنِ اللّٰہِ وَاُبۡرِیُٔ الۡاَکۡمَہَ وَالۡاَبۡرَصَ وَاُحۡیِ الۡمَوۡتٰی بِاِذۡنِ اللّٰہِ وَاُنَبِّئُکُمۡ بِمَا تَاۡکُلُوۡنَ وَمَا تَدَّخِرُوۡنَ فِیۡ بُیُوۡتِکُمۡ ۔**

''હું તમારા માટે માટીમાંથી પક્ષીની આકૃતિ બનાવું છું પછી તેમાં ફૂંક મારૂં છું તો તે તરત જ પક્ષી બની જાય છે અલ્લાહના હુકમથી અને હું સારૂં કરી આપું છું જન્મજાત અંધ અને સફેદ ડાઘવાળાઓને સાજા અને હું મરેલાઓને જીવતા કરું છું અલ્લાહના હુકમથી, અને તમે જે કાંઈ ખાઓ છો અને જે કાંઈ તમારા ઘરોમાં એકઠુ કરીને રાખો છો તે તમને કહી આપું છું.'' *(સૂ. આલે ઈમરાન્ આયત નં. ૪૯)*

પક્ષીને પૈદા કરવું, પેદાઈશી આંધળા અને સફેદ ડાઘવાળાને શિફા આપવી, મરેલાઓને જીવન આપવું અને ગૈબની ખબર આપવી આ સર્વ અસાધારણ અને આદત વિરુદ્ધ કામો છે, અને તે સૈયદના ઈસા علیہ السلام ને પ્રાપ્ત છે.

ઈમામ બુખારીએ તારીખમાં અને તિબ્રાની, ઓકૈલી, ઈબ્ને નજ્જાર, ઈબ્ને અસાકિર અને અબુલ ક઼ાસિમ અસ્બહાનીએ અમ્માર બિન યાસિર رضی اللہ عنہ થી રિવાયત કરી :–

**قال سمعت رسول الله صلى الله تعالىٰ عليه وسلم يقول: ان لله تعالىٰ ملكا اعطاه اسماع الخلائق (زاد الطبرانى) قائم على قبرى (زاد: الى يوم القيامة) فما من احد يصلى على صلاة الا ابلغنيها۔**

''તેમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યું છે કે અલ્લાહનો એક ફરિશ્તો છે જેને અલ્લાહ તઆલાએ દરેક મખ્લૂક઼ની વાતો સાંભળવાની શક્તિ અતા કરી છે, તે ક઼યામત સુધી મારી ક઼બ્ર પાસે ઉભો રહેશે અને જે કોઈ પણ મારા પર દુરૂદ મોકલશે તે મારી સમક્ષ રજૂ કરશે.''

અલ્લામા ઝુર્કાનીએ ''શર્હે મુવાહિબ''માં અને અલ્લામા મનાવીએ ''શર્હે જામેઅ સગીર''માં ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ તે ફરિશ્તાને મખ્લૂક઼નો અવાજ સાંભળવાની એવી શક્તિ અતા ફર્માવી છે કે તે જિન તથા ઈન્સાન વગેરેમાંથી દરેક મખ્લૂક઼ની વાત સાંભળવા પર શક્તિમાન છે. અને અલ્લામા મનાવીએ આટલુ વધું કહ્યું છે : ''ભલે તે કોઈ પણ જગાએ હોય.''

**(૨) :–**

**قَالَ یٰۤاَیُّہَا الۡمَلَؤُا اَیُّکُمۡ یَاۡتِیۡنِیۡ بِعَرۡشِہَا قَبۡلَ اَنۡ یَّاۡتُوۡنِیۡ مُسۡلِمِیۡنَ ۝ قَالَ عِفۡرِیۡتٌ مِّنَ الۡجِنِّ اَنَا اٰتِیۡکَ بِہٖ قَبۡلَ اَنۡ تَقُوۡمَ مِنۡ مَّقَامِکَ وَ اِنِّیۡ عَلَیۡہِ لَقَوِیٌّ اَمِیۡنٌ قَالَ الَّذِیۡ عِنۡدَہٗ عِلۡمٌ مِّنَ الۡکِتٰبِ اَنَا اٰتِیۡکَ بِہٖ قَبۡلَ اَنۡ یَّرۡتَدَّ اِلَیۡکَ طَرۡفُکَ فَلَمَّا رَاٰہُ مُسۡتَقِرًّا عِنۡدَہٗ قَالَ ہٰذَا مِنۡ فَضۡلِ رَبِّیۡ**

"સુલૈમાને કહ્યું, હે દરબારીઓ ! તમારામાં કોણ છે કે જે સિંહાસન મારી પાસે લઈ આવે તેઓ મારી પાસે તાબેદાર બનીને હાજર થાય તેના પહેલાં. એક મોટો ખવીસ જિન બોલ્યો : હું તે સિંહાસન સેવામાં હાજર કરીશ હુઝૂર દરબાર બરખાસ્ત કરે ત્યાર પહેલાં, અને હું બેશક ! એ બાબત પર શક્તિમાન અમાનતદાર છું. તેણે કહ્યું, જેની પાસે કિતાબનું ઈલ્મ હતું કે હું તેને સેવામાં હાજર કરીશ એક પલક ઝપકતાં પહેલાં. પછી જ્યારે સુલૈમાને સિંહાસનને પોતાની પાસે મૂકાએલું જોયું, કહ્યું : આ મારા રબની કૃપાથી છે." *(પા. ૧૯ સૂ. નમલ આ. ૩૮,૩૯,૪૦)*

પલક ઝપકમાં બિલ્કીસનું સિંહાસન સબા શહેરથી હઝરત સુલૈમાન عليه السلامની પાસે લાવનાર હઝરત આસિફ બિન બર્ખિયા હતા જે હઝરત સુલૈમાન عليه السلامના સહાબી અને તેમના વઝીર હતા. એક વિશાળ સિંહાસનને "સબા"થી "શામ" સુધી પલક ઝપકમાં હાજર કરી દેવું એ ખરેખર અપ્રાકૃતિક અને આદત વિરૂદ્ધ કામ છે, અને આ શક્તિ એક મકબૂલ બંદાને પ્રાપ્ત છે.

(૩) આજે એકથી એક સાધનો, યંત્રો અને મશીનોની શોધ થઈ ચૂકી છે પરંતુ કોઈ એવું સાધન કે મશીન નથી જેનાથી કીડીના ચાલવાનો પગરવ અને કીડીનો અવાજ સાંભળી શકાય, કીડીની ભાષા સમજવી તો દૂરની વાત છે ! કોઈ એવુ સાધન કે યંત્ર તૈયાર થઈ જાય જેનાથી કીડીનો પગરવ સાંભળી લેવામાં આવે, તેમ છતાં પણ એવા સાધનની તો કલ્પના કરી જ નથી શકતા કે જેનાથી તેની ભાષા સમજી લેવામાં આવે ! જોર જોરથી ચીસો પાડનાર પંખીડાંઓ ઉપસ્થિત છે જેમનો અવાજ આપણે રાત દિવસ સાંભળતા રહીએ છીએ પરંતુ એવા સાધનનું સંશોધન નથી થઈ શક્યું જે તેને ભાષા સમજાવી શકે. ટૂંકમાં એ કે કીડીનો અવાજ સાંભળવો સામાન્ય લોકો માટે અપ્રાકૃતિક અને આદત વિરૂદ્ધ છે, પરંતુ હઝરત સુલૈમાન عليه السلامમાટે એ શક્તિ બલ્કે તેની ભાષા સમજવાની પાત્રતા પણ ખુદાની અતાથી હાંસલ છે, જેમ કે તેમને પંખીઓની ભાષા સમજવાની અને હવા પર હુકૂમત કરવાની શક્તિ હાંસલ છે.

કુર્આન કરીમમાં છે :–

**حَتّٰی اِذَآ اَتَوْا عَلٰی وَادِالنَّمْلِ قَالَتْ نَمْلَةٌ یّٰاَیُّهَا النَّمْلُ ادْخُلُوْا مَسٰكِنَكُمْ لَا یَحْطِمَنَّكُمْ سُلَیْمٰنُ وَ جُنُوْدُهٗ وَ هُمْ لَا یَشْعُرُوْنَ ۔ فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا۔**

"એટલે સુધી કે જ્યારે કીડીઓના નાળા પર આવ્યા, એક કીડી બોલી : હે કીડીઓ ! પોતાનાં ઘરોમાં પેસી જાવ ! તમને સુલૈમાન અને તેમનું સૈન્ય અજ્ઞાનતામાં કચડી ન નાખે. તો તેની વાતથી તેણે સ્મિત વેર્યું." *(સૂ. નમલ્ આ. ૧૮,૧૯)*

હઝરત સુલૈમાન عليه السلامએ ત્રણ માઈલની દૂરીથી ન કેવળ એ કે કીડીનો અવાજ સાંભળ્યો બલ્કે તેની વાત પણ સમજી અને રબની નેઅમતનો શુક્ર અદા કર્યો. જેમ કે આ જ આયતમાં આગળ ઉલ્લેખ છે.

ધ્યાન રહે કે એહલે સુન્નતના નજીક નાફર્માન જિનો અને ઈન્સાનોના સિવાય કાઈનાત (જગત)ની દરેક વસ્તુ રબ તઆલા પર ઈમાન રાખે છે અને તેની તસ્બીહ કરે છે.

કુર્આન કરીમમાં છે :–

**وَ اِنْ مِّنْ شَیْءٍ اِلَّا یُسَبِّحُ بِحَمْدِهٖ وَلٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِیْحَهُمْ ۔**

"દરેક ચીજ તેની હમ્દ સાથે તેની પાકી બયાન કરે છે પરંતુ તમે તેઓની તસ્બીહ નથી સમજતા." *(સૂ. ઈસ્રા આ. ૪૪)*

**تسبیحهم**માં **هُمْ** સમજદાર બહુવચનની ઝમીરથી દરેક ચીજનું સમજદાર અને જાણકાર હોવું પણ જાહેર કરી દીધું.

એ જ રીતે દરેક ચીજનું આપણા રસૂલ ﷺની રિસાલત પર પણ ઈમાન છે અને સર્વ મખ્લૂક તથા સર્વ જહાનો માટે રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા. કુર્આનમાં છે :–

تَبٰرَكَ الَّذِىْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰى عَبْدِهٖ لِيَكُوْنَ لِلْعٰلَمِيْنَ نَذِيْراً۔

''મહાન બરકતવાળો છે તે કે જેણે ઉતાર્યું કુર્આન પોતાના બંદા પર જે સમગ્ર જગતને ડર સંભળાવનાર બને.'' *(સૂ. ફુર્કાન આ. ૧, પા.૧૮)*

મુસ્લિમ શરીફની હદીષ સહીહમાં છે :–

**ارسلت الی الخلق کافة** ''હું સમગ્ર જગત માટે રસૂલ બનાવીને મોકલવામાં આવ્યો છું.''

હઝરત યઅલા બિન મુર્રા رضی اللہ عنہથી તિબ્રાની વગેરેની રિવાયત છે.

સરકાર ﷺ ફર્માવે છે :–

**ما من شئی الا یعلم انی رسول الله الا مردة الجن والانس**

''દરેક ચીજ જાણે છે કે હું અલ્લાહનો રસૂલ છું પરંતુ નાફર્માન જિનો અને ઈન્સાનો નથી જાણતા.''

**صدق الله جل جلاله ورسوله صلی الله تعالیٰ علیه وسلم**

(૪) અલ્લાહ તઆલાની ઝાતી સિફત છે :–

يُدَبِّرُ الْاَمْرَ۔ ''અલ્લાહ કામની તદબીર ફર્માવે છે.'' *(સૂ. રઅદ, આ. ૨)*

પરંતુ ફરિશ્તાઓ માટે પણ આ સિફત સાબિત ફર્માવી છે. ઈર્શાદ ફર્માવે છે : فَالْمُدَبِّرٰتِ اَمْراً ''તો કામની તદબીર કરનારા.'' –*(સૂ. નાઝિઆત, આ. ૫)*

કામની તદબીર હેઠળ જમીન અસ્માનનાં દરેક કામ આવે છે. બંદાઓ માટે સંસારિક બંધારણની તદબીરની સાબિતી ખૂદ કુર્આન મજીદમાં મૌજૂદ છે.

આ આયતનું બીજુ કારણ એ પણ છે અને કુર્આન અધિક માયના ધરાવે છે. જેમ કે અબૂ નુઐમે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના વાસ્તાથી નબી કરીમ ﷺથી રિવાયત કરી છે અને અઈમ્માએ કિરામ હમેશાં તેનાથી તેના અર્થો પર દલીલ કરતા રહ્યા છે. અને અલ્લામા બયઝાવીએ સૂરએ નાઝિઆતમાં ઝિક્ર કરેલ સિફતોનું એક અલગ કારણ બતાવ્યું :–

**أوصفات النفوس الفاضلة حال المفارقة فانها تنزع عن الابدان غرقاً ای نزعا شديداً من اغراق النازع فی القوس۔ فتنشط الیٰ عالم الملكوت وتسبح فيه فتسبق الی حظائر القدس فتصير لشرفها وقوتها من المدبرات۔**

અથવા આ સિફતો નુફૂસે ફાઝિલાની છે. શરીરથી અલગ થતી વખતે આ રૂહો અત્યંત સખ્તી સાથે શરીરોથી ખેંચાતી જાય છે. આ **اغراق النازع فی القوس**થી માખૂઝ (લીધેલું) છે. (એમાં એ વાત તરફ ઈશારો છે કે ''**غرقا**'' **غراق**નો મસ્દર છે.) પછી તે રૂહો આલમે મલકૂત તરફ રવાના થાય છે અને ફઝાએ બસીત (વિસ્તૃત વાતાવરણ) માં તરતી તરતી હઝાઈરે કુદસ તરફ ઝડપથી ઉડે છે. પછી પોતાની પ્રતિષ્ઠા અને કુવ્વતના આધારે મુદબ્બિરાતે અમ્રમાંથી થઈ જાય છે.

નસબ, ઈલ્મ અને તરીકતમાં શાહ ઈસ્માઈલ દહેલ્વીના પૂર્વજ શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીએ ફર્માવ્યું :–

**فاذا مات انقطعت العلاقات ورجع الیٰ مزاجه فيلتحق بالملائكة وصارمنهم وألهِمَ كالهامهم، ويسعى فيما يسعون وربما اشتغل هولاء باعلاء كلمة الله، ونصر حزب الله وربما كان لهم لمة خير بابن آدم، وربما اشتهى بعضهم الیٰ صورة جسدية اشتياقاً شديداً، ناشئاً من اصل جبلته فخرع ذلك بابا من المثال، واختلطت به قوة منه بالنسمة الهوائية، وصار كالجدس النورانی، وربما اشتاق بعضهم الیٰ مطعوم ونحوه فامد فيما اشتهی قضاءً لشوقها**

"જ્યારે મૌત આવે છે તો રૂહનો સંબંધ શરીરથી વિભાજિત થઈ જાય છે. અને તે પોતાની અસ્લ તરફ જતી રહે છે, પછી ફરિશ્તાઓ સાથે જોડાઈને તેમનામાંથી થઈ જાય છે. અને ફરિશ્તાઓની જેમ ઈલ્હામ અને તેમના કામોમાં કોશિશ કરે છે. કેટલીક વખત આ રૂહો એ'લાએ કલિમતુલ્લાહ(હક્ક કલમાની જાહેરાત)માં મશ્ગૂલ થઈ જાય છે અને અલ્લાહની જમાઅતની મદદ કરે છે અને કેટલીક વખત તેઓનો માણસથી સારો સંબંધ હોય છે અને કેટલીક રૂહોને શરીરની આકૃતિનો શોખ થાય છે. આ એવો શોખ છે જે તેમની બુનિયાદી ખસ્લત (ખાસિયત)માંથી પેદા થાય છે. તો એ એક મિષાલી શરીર બનાવી લે છે અને તેની સાથે હવાઈ જાનના કારણે શક્તિ જોડાઈ જાય છે અને તે એક નૂરાની શરીરની જેમ બની જાય છે. અને કેટલીક રૂહો અમુક વખત ખાવા વગરેની ઈચ્છા કરે છે તો તેમની ઈચ્છાનુસાર મદદ કરવામાં આવે છે.

(૫) **મૌત આપવું અલ્લાહની સિફત છે.**

**اَللّٰهُ يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا۔** "અલ્લાહ જીવને મૃત્યુ આપે છે તેના મૌતના સમયે." *(સૂરએ ઝુમર, આ. ૪૨)*

પરંતુ કુર્આનમાં જ આ સિફત મલકુલ મૌત માટે સાબિત કરવામાં આવે છે. ફર્માવે છે :–

**قُلْ يَتَوَفّٰكُم مَّلَكُ الْمَوْتِ الَّذِىْ وُكِّلَ بِكُمْ۔**

"તમે ફર્માવી દો, તમને મૌત આપે છે મૌતનો ફરિશ્તો જે તમારી ઉપર નિયુક્ત છે." *(સૂરએ સજદહ, આ. ૧૧)*

(૬) **કોઈને છોકરો છોકરી આપવું અલ્લાહની સિફત છે.**

કુર્આન શરીફમાં છે :–

**يَهَبُ لِمَنْ يَّشَآءُ اِنَاثًا وَّيَهَبُ لِمَنْ يَّشَآءُ الذُّكُوْرَ۔**

"અલ્લાહ જેને ચાહે પુત્ર અતા ફર્માવે અને જેને ચાહે પુત્રી આપે." *(સૂરએ શૂરા, આ. ૪૯)*

પરંતુ જુઓ ! હઝરત જિબ્રઈલ عليه السلامએ છોકરો આપવાની નિસ્બત પોતાની તરફ કરી. કુર્આન શરીફમાં છે :–

**اِنَّمَآ اَنَا رَسُوْلُ رَبِّكِ لِاَهَبَ لَكِ غُلٰمًا زَكِيًّا۔**

"હું તારા રબનો મોકલેલો છું જેથી હું તને એક પાકીઝા પુત્ર આપું." *(સૂરએ મયરમ, આ. ૧૯)*

**બતાવો ! શું હઝરત જિબ્રઈલ** عليه السلام **પોતાની તરફ આ નિસ્બત કરીને મઆઝલ્લાહ ! મુશ્રિક થઈ ગયા ?** અને કુર્આને તેમનું શિર્ક નકાર વિના બાકી રાખ્યું ?!

(૭) કોઈ મુસલમાને જો મક્બૂલે બારગાહની (રબની બારગાહના મક્બૂલ બંદા નબી કે વલીની) તરફ કોઈ કુદરત અને અધિકારની નિસ્બત કરી તો (વહાબી દેવબંદીઓ) તરત જ તેના પર શિર્કનો હુકમ લગાડી દે છે, પરંતુ કુર્આનમાં ગની કરવા, નેઅમત આપવી અને અતા કરવાની નિસ્બત અલ્લાહ અને રસૂલ બંને તરફ કરવામાં આવી છે તો શું આ શિર્ક છે જે ખૂદ રબ્બુલ ઈઝ્ઝતના કલામમાં છે ?! જુઓ નીચેની આયત :–

**(અ) :–**

**وَمَا نَقَمُوْٓا اِلَّآ اَنْ اَغْنٰهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ ۔**

"અને તેમને શું ખોટુ લાગ્યું ?! એ જ કે અલ્લાહ અને રસૂલે તેઓને પોતાના ફઝલથી ગની કરી દીધા." *(સૂરએ તૌબા, આ. ૭૪)*

**(બ) :–**

**وَلَوْ اَنَّهُمْ رَضُوْا مَآ اٰتٰىهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ وَقَالُوْا حَسْبُنَا اللّٰهُ سَيُؤْتِيْنَا اللّٰهُ مِنْ فَضْلِهٖ وَرَسُوْلُهٗٓ اِنَّآ اِلَى اللّٰهِ رٰغِبُوْنَ**

"અને કેટલું સારું થાત જો તેઓ એના પર રાજી થાત જે અલ્લાહ અને રસૂલે તેઓને આપ્યું અને કહેતા અમોને અલ્લાહ પૂરતો છે. હવે આપે છે અમને

અલ્લાહ પોતાના ફઝલથી અને તેનો રસૂલ, અમોને અલ્લાહની જ તરફ અભિલાષા છે." *(સૂરએ તૌબા, આ. ૫૯)*

**(ક) :-** **اَنۡعَمَ اللّٰهُ عَلَيۡهِ وَاَنۡعَمۡتَ عَلَيۡهِ** **-:** "જેને અલ્લાહે નેઅમત આપી અને તમે તેને નેઅમત આપી." *(સૂરએ અહઝાબ, આ. ૩૭)*

રહ્યું વહાબી દેવબંદીઓનું એ વિચારવું કે અંબિયા વફાત પછી નિર્જીવ પદાર્થ અને પથ્થરની જેમ થઈ ગયા અને તેમના માટે સાંભળવા, સમજવા, મદદ કરવા અને ચાલવા ફરવાની શક્તિ (કુવ્વત) બાકી નથી રહી, તો **આ સર્વ વિચારો કુર્આનની સ્પષ્ટ આયતોના સરાસર વિરુદ્ધ છે.** અલ્લાહ તબારક વ તઆલાએ શહીદોની શાનમાં ફર્માવ્યું છે જ્યારે કે તેઓ અંબિયાના દરજાથી નીચા છે :-

**وَلَا تَقُوۡلُوۡا لِمَنۡ يُّقۡتَلُ فِىۡ سَبِيۡلِ اللّٰهِ اَمۡوَاتٌ بَلۡ اَحۡيَآءٌ وَّلٰكِنۡ لَّا تَشۡعُرُوۡنَ ۔**

"અને જે અલ્લાહની રાહમાં માર્યો જાય તેમને મુડદા ન કહો બલ્કે તેઓ જીવંત છે, હા! તમને ખબર નથી." *(સૂરએ બકરહ, આયત : ૧૫૪)*

**وَلَا تَحۡسَبَنَّ الَّذِيۡنَ قُتِلُوۡا فِىۡ سَبِيۡلِ اللّٰهِ اَمۡوَاتًا بَلۡ اَحۡيَآءٌ عِنۡدَ رَبِّهِمۡ يُرۡزَقُوۡنَ٥فَرِحِيۡنَ**

"અને જે અલ્લાહની રાહમાં મૃત્યુ પામ્યા ક્યારેય પણ તેમને મુડદા ન જાણવા, બલ્કે તેઓ પોતાના રબની પાસે જીવંત છે, રોજી મેળવે છે, ખુશ છે." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૯૬)*

**તો જો આ લોકો (શહીદો) પથ્થર છે તો આ આયતમાં દર્શાવેલ હયાત (જીવંત), રોજી અને ખુશ હોવાનો શું મતલબ ?!**

**સહીહ હદીષોમાં મુસલમાન મર્હૂમોને સલામ કરવાનો હુકમ સાબિત છે, તો જો તેઓમાં સાંભળવા અને સમજવાની શક્તિ નથી તો આ હુકમથી શું મુરાદ છે ?!** મેઅરાજની હદીષોમાં મરવી છે કે નબી કરીમ ﷺએ **બયતુલ મુકદ્દસમાં અંબિયા (નબીઓ)ની ઈમામત ફર્માવી, પછી તેમનાથી આસ્માનોમાં મુલાકાતો થઈ !** તો બતાવો, બયતુલ મુકદ્દસમાં ઈમામત અને આસ્માનોમાં મુલાકાતનો શું મતલબ ? **શું નબી કરીમ ﷺએ મુડદાઓ અને પથ્થરોની ઈમામત ફર્માવી હતી ?! અને પથ્થરોથી આસ્માનોમાં મુલાકાત કરી હતી ?! કે જીવંત લોકોની ઈમામત ફર્માવી હતી જેઓ ઈખ્તિયારવાળા છે ? અને આલમે મલકૂતમાં ચાલવા ફરવાની એક મહાન શક્તિ ધરાવે છે કે કોઈ સમયે તે જમીન પર રહે, અને બીજી જ ક્ષણમાં આસ્માનની બુલંદીઓમાં ફરતા હોય.** અને આનો શો મતલબ છે કે **હઝરત મૂસા عليه السلامએ આપણા નબી ﷺથી મુલાકાત કરી અને રાત દિવસમાં પચાસ વખતની નમાઝના હુકમમાં ઘટાડો કરવાની ઈચ્છા વ્યક્ત કરી.** જો (મઆઝલ્લાહ !) હઝરત મૂસા عليه السلام મુડદા છે તો મુલાકાત કેવી ?! અને સવાલ કેવો ?! અને જો રસૂલુલ્લાહ رضى الله عنه ઉમ્મત માટે સિફારિશ કરવા અને અમરે ઈલાહી (રબના કામો)માં વાતચીત કરવા પર શક્તિમાન નથી તો કેવી રીતે આપે ઉમ્મતના ખાતિર નમાઝમાં ઘટાડાની સિફારિશ કરી, અને આ મામલામાં વારંવાર પોતાના રબની તરફ પાછા ફર્યા ત્યાં સુધી કે પચાસમાંથી કેવળ પાંચ નમાઝો બાકી રહી ગઈ !

શું બુખારી તથા મુસ્લિમની હદીષો અને અન્ય સિહાહ તથા કિતાબો એ આગલાઓની ધડ માથા વિનાની દાસ્તાનો છે જેને વર્ણવીને મુહદ્દિષોએ રમત કરેલ છે ?! જેવો કે અહલે કુર્આન ફિર્કાનો ખયાલ છે. કોઈ મુસલમાન એ અગણિત હદીષોને રદ કરવાની હિંમત નથી કરી શક્તો કે સહાબાના દૌરથી લઈને આજ સુધીની સર્વ મુસ્લિમ ઉમ્મતને મુશ્રિક, કાફિર અને ઈમાન તથા શિર્કના અર્થથી

અજાણ કહે ! હા ! વહાબીઓ દેવબંદીઓ દીન પર, સહાબીઓ પર, અને સામાન્ય (આમ) મુસલમાનો પર, બલ્કે અંબિયા તથા રસૂલો પર, ત્યાં સુધી કે અલ્લાહ ﷻ પર ખૂબ હિંમતવાળા તથા દિલેર છે જેથી એમનાથી એ વાત દૂર નથી કે તમામ મખ્લૂક઼ બલ્કે ખૂદ ખાલિક઼ને પણ મુશ્રિક ઠરાવે ! حدوث الفتن وجهاد أعيان السنن "અને અલ્લાહની જ બારગાહમાં ફરિયાદ છે."

હું સંક્ષિપ્તમાં વાત કરવા ચાહતો હતો પણ ક્રમ લંબાતો ગયો. ઉલમાએ અહલે સુન્નતની કિતાબોમાં અધિક વિગતવાર ચર્ચાઓ મૌજૂદ છે. મેં "હુદૂષૂલ ફિતન વ જિહાદિ અઅ્યાનિસ્સુનન" (હિ.સ. ૧૪૨૧)માં પણ કેટલીક દલીલો તથા ચર્ચાઓ વર્ણવી છે. આ કિતાબ હિંદુસ્તાનમાં "રઝા એકેડમી–મુંબઈ" અને "અલ્ મજમઉલ ઈસ્લામી–મુબારકપુર"થી પ્રકાશિત થઈ ચૂકી છે. મિસ્ર, બૈરૂત તથા યમનના વિવિધ ઈદારાઓએથી પણ એની કેટલીયે આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. મૌલાના અબ્દુલગફ્ફાર આ'ઝમી મિસ્બાહીએ એનો ઉર્દૂ અનુવાદ પણ કર્યો છે જેનું નામ છે : "ફિત્નોં કા ઝહૂર ઔર અહલે હક્ક઼ કા જેહાદ" આ અનુવાદ પણ "અલ્ મજમઉલ ઈસ્લામી–મુબારકપુર"થી કેટલીયેવાર પ્રકાશિત થઈ ચૂકેલ છે. તેનો અભ્યાસ કરશો.

*(સુન્ની દા'વતે ઈસ્લામી–મંથલી, ઓકટોબર–૨૦૧૪)*

**શું આપ જાણો છો ?**

**મસઅલહ** : એવી દીની કિતાબ જે અગર છાપવામાં આવે તો દુનિયાના તમામ મુસલમાનોને લાભકારક પૂરવાર થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ ઝકાતથી ચંદો મેળવીને તેવી કિતાબ આમ લોકોની ભલાઈના માટે છપાવે તો તે ચંદો આપનાર વ્યક્તિઓની ઝકાત અદા થશે કે નહીં ?

**અલ્જવાબ** : જાઈઝ છે અને તેમાં ચંદો આપનારાઓ માટે અજરે અઝીમ (મહાન સવાબ) અને સવાબે જારિયહ છે. જ્યાં સુધી તે કિતાબ અસ્તિવમાં રહેશે અને પેઢી દર પેઢી જે જે મુસલમાનોને ફાયદો પહોંચાડશે હમેશાં તે બધાનો અજર એક ચંદો આપનારને તેની જિંદગીમાં અને તેની ક઼બરમાં પહોંચતો રહેશે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે,

**અર્થ** : જ્યારે કે માણસ મૃત્યુ પામે તો તેના અમલ સમાપ્ત થઈ જાય છે પણ ત્રણ વસ્તુ **સદક઼એ જારિયહ** અથવા **તે અમલ કે જે નફો પહોંચાડે** તેનાથી અને **નેક ઔલાદ** એને બુખારીએ અદાબુલ મુફ઼રદમાં તથા મુસ્લિમે પોતાની સહીહમાં અને અબૂદાઊદ અને તિર્મિઝી અને નિસાઈએ અબૂ હુરયરહ رضی اللہ عنہ થી રિવાયત કરી.

પણ સૌ પ્રથમ ફકીર (જે ઝકાતનો હક઼દાર હોય તેવા)ને ઝકાતની નિય્યતથી આપીને માલિક બનાવી દેવો જરૂરી છે. પછી તે ફક઼ીર કિતાબ છપાવવામાં જાતે આપી દે અથવા તેની પાસેથી દેવડાવી દે. જેમ કે દુર્રે મુખ્તાર તથા બહરૂર્રાઈકના લખાણમાં આવી ગયું. અથવા જે જે તરીકાઓ અઈમ્માએ ફિક઼હની કિતાબોમાં લખ્યા છે તે મુજબ કરે.

દુર્રે મુખ્તારમાં છે, (અર્થ) : એવો ફક઼ીર જેને પહેલાં કર્ઝ આપ્યું હોય તેને ઝકાતની રકમ આપે પછી તેને વસૂલ કરે (ક઼ર્ઝના બદલામાં પાછી લઈ લે) અને જો તે કર્ઝદાર ફક઼ીર આપવાથી ઈન્કાર કરે તો પોતાની આપેલી કરજવાળી રકમ તેની પાસેથી જબરદસ્તીથી મેળવે પોતાના હક્ક઼ પ્રમાણે. જો તે જબરદસ્તીથી પણ ન આપે (ના પાડે) તો કાઝી પાસે રજૂ કરે.

અને સૌથી આસાન એ છે કે એક દીનદાર શખ્સની પાસે સૌ ઝકાત દેનારા પોતાનો ચંદો ભેગો કરી દે અને તેને કહી દે કે ઝકાતનો માલ છે. શરીઅતના તરીકા મુજબ તમ્લીક પછી (કોઈ ગરીબને તેનો માલિક બનાવ્યા બાદ) છાપકામમાં અમારા સવાબ અર્થે ખર્ચ કરશો. તે એ પ્રમાણે કરે (તો) સૌ ઝકાતો પણ અદા થઈ જશે અને તે દીની જરૂરી લાભકારક કામ પણ થઈ જશે. અને આ માલોનું ભેગું કરવું માલિકોની ઈજાઝતથી છે, કે ચંદાનો આ જ તરીકો મશહૂર તથા મઅરૂફ છે, કોઈ મનાઈ નથી. દુર્રે મુખ્તારમાં છે કે, લવ ખલત ઝકાતન.........અંત સુધી.

*–(ફતાવાએ રિઝવિય્યહ, ભાગ–૪, પેજ–૪૬૯)*




:: રજૂકર્તા :

**મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, આમોદ)*

તિર્મિઝી શરીફમાં યઅ્લા બિન મુર્રહ رضی اللہ عنہથી રિવાયત છે : હુઝૂર પુરનૂર ﷺએ ફર્માવ્યું :–

"હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. અર્થાત ઈમામ હુસૈન رضی اللہ عنہ હુઝૂરે અકરમ ﷺથી અને હુઝૂર ﷺ ઈમામ હુસૈન رضی اللہ عنہથી અત્યંત નિકટ છે જાણે બન્ને એક જ છે. હુસૈન رضی اللہ عنہનું ઝિક્ર હુઝૂર ﷺ નું ઝિક્ર છે, હુસૈન رضی اللہ عنہથી મહોબ્બત હુઝૂર ﷺથી મહોબ્બત છે, હસૈન رضی اللہ عنہથી દુશ્મની હુઝૂર ﷺથી દુશ્મની છે."

રહ્મતે આ઼લમ ﷺએ ફર્માવ્યું :–

"જેણે હુસૈન رضی اللہ عنہથી મહોબ્બત કરી તેણે અલ્લાહ તઆ઼લાથી મહોબ્બત કરી." *(મિશ્કાત, પે. ૫૭૧)*

એટલા માટે હુસૈન رضی اللہ عنہથી મહોબ્બત હુઝૂર ﷺથી મહોબ્બત છે અને હુઝૂર ﷺથી મહોબ્બત અલ્લાહ તઆ઼લાથી મહોબ્બત છે. *(મિર્કાત શર્હે મિશ્કાત ૬૦૫)*

હઝરત ઈમામ હસૈન رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે જેની ઈચ્છા હોય કે જન્નતી નવયુવાનોના સરદારને જુએ તો તે હુસૈન બિન અ઼લી رضی اللہ عنہને જુએ. *(નુરૂલ અબ્સાર, ૧૧૪)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મસ્જિદમાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, નાનું બાળક ક્યાં છે ? હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ દોડતા આવ્યા અને હુઝૂર ﷺની ગોદમાં બેસી ગયા અને આંગળીઓ આપ ﷺની દાઢી મુબારકમાં નાખી. હુઝૂર ﷺએ એમનું મોઢું ખોલી બોસો લીધો અને ફર્માવ્યું : અલ્લાહ ! હું તેનાથી મહોબ્બત કરૂં છું તું પણ તેનાથી મહોબ્બત ફર્માવ અને જે તેની સાથે મહોબ્બત કરે તેનાથી પણ તું મહોબ્બત ફર્માવ. *(ઉપર મુજબ)* આ હદીષથી જાણવા મળ્યું કે નબીએ રહમત ﷺએ કેવળ દુનિયાવાળાઓથી જ મહબ્બતે હુસૈન رضی اللہ عنہની માંગણી નથી કરી બલ્કે અલ્લાહ તઆ઼લાથી પણ અરજ કરી કે હે અલ્લાહ ! તું પણ હુસૈનથી મહોબ્બત ફર્માવ, અને એ પણ ફર્માવ્યું કે હુસૈન رضی اللہ عنہથી મહોબ્બત કરવાવાળાઓ સાથે પણ મહોબ્બત ફર્માવ.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"હસન અને હુસૈન رضی اللہ عنہ દુનિયાનાં મારાં બે ફૂલ છે." *(મિશ્કાત શરીફ ૫૭૦)* આ હદીષે પાકનો ભાવાર્થ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ઘણા જ પ્યારા અંદાઝમાં વ્યક્ત કર્યો છે.

**ક્યા બાત 'રઝા' ઉસ ચમનિસ્તાને કરમ કી**
**ઝહ્રા હૈ કલી જિસ મેં હુસૈન ઔર હસન ફૂલ**

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

"પોતાની મન્નતો પૂરી કરે છે અને તે દિવસથી ડરે છે જેનું અનિષ્ટ પ્રસરાય ચૂક્યું છે અને તેના પ્રેમમાં મિસ્કીન અને યતીમ તેમજ કેદીને ખાવા ખવડાવે છે. તેમને કહે છે, અમે તમને ખાસ ખુદા ખાતર જ ખાવાનું આપીએ છીએ, તમારી પાસેથી કોઈ બદલાની કે આભાર માનવાની માગણી કરતા નથી. બેશક ! અમને પોતાના રબ તરફથી એક એવા દિવસનો ભય છે જે ખૂબ જ અઘરો અને ઘણો જ માઠો છે. તો તેમને અલ્લાહે તે દિવસના

અનિષ્ટથી ઉગારી લીધા અને તેમને ઉલ્લાસ અને આનંદ આપ્યાં." *(સૂ. દહ્ર, પા. ૨૯, આ. ૭ થી ૧૧)*

આ આયતોનું શાને નુઝૂલ એ છે કે હસ્નૈન કરીમૈન (ઈમામ હસન, ઈમામ હુસૈન رضی اللہ عنہ) એકવાર બીમાર થઈ ગયા તો હઝરત અલી, હઝરત ફાતેમા ઝહ્‌રા અને આપની કનીઝા ફિઝ્ઝા رضی اللہ عنہاએ હસનૈન કરીમૈન رضی اللہ عنہની સિફા માટે ત્રણ રોઝાની મન્નત માની. અલ્લાહ તઆલાએ તેમને શિફા આપી તો સૌએ રોઝો રાખ્યો. હઝરત અલી رضی اللہ عنہ એક યહૂદી પાસેથી ત્રણ સાઅ જવ લાવ્યા. ખાતૂને જન્નત رضی اللہ عنہاએ ત્રણ દિવસ એક એક જવની રોટીઓ પકાવી પરંતું ઈફતારના સમયે પહેલા દિવસે મિસ્કીન, બીજા દિવસે યતીમ અને ત્રીજા દિવસે કૈદીએ આવી સવાલ કર્યો તો ત્રણેવ દિવસ બધી રોટીઓ તેમને આપી દેવામાં આવી અને માત્ર પાણીથી ઈફતારી કરી બીજા રોઝા રાખી લેવામાં આવ્યા. તો અલ્લાહ તઆલાની બારગાહમાં તેમનો આ અમલ એટલો મક્‌બૂલ થયો કે અલ્લાહ તઆલાએ આ આયતો ઉતારી ઘણા જ ઈન્આમો ઈકરામ તથા જન્નતની બશારતથી નવાઝયાં. જેનાથી અલ્લાહ તઆલાની બારગાહમાં હસ્નૈન કરીમૈનના વાલિદૈનની ફઝીલત તથા મક્‌બૂલિયત જાણી શકાય છે. સય્યદુશ્શોહદા ઈમામ આલી મક્‌ામ رضی اللہ عنہની પૈદાઈશની સાથે જ આપની શહાદતની ખબર પણ પ્રચલિત થઈ ગઈ હતી. હઝરત ઉમ્મુલ ફઝ્‌લ બિન્તે હ્‌ારિષ رضی اللہ عنہا ફર્માવે છે કે એકવાર હું હુઝૂર ﷺની બારગાહમાં હાજર થઈ અને ઈમામ હુસૈન رضی اللہ عنہને આપની ગોદમાં આપ્યા પછી મેં જોયું કે હુઝૂરે અનવર ﷺની મુબારક આંખોથી આંસૂ વહી રહ્યાં છે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા માબાપ આપ પર કુર્બાન ! આ શું છે ? આપ ﷺએ ફર્માવ્યું, મારી પાસે હઝરત જિબ્રઈલ علیہ السلام આવ્યા અને જણાવ્યું કે મારી ઉમ્મત મારા આ પુત્રને શહીદ કરશે. હઝરત ઉમ્મુલ ફઝ્‌લ ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ શું આ પુત્રને શહીદ કરશે ? ફર્માવ્યું, હા ! પછી જિબ્રઈલ علیہ السلام મારી પાસે તેના શહીદ થવાની જગ્યાની લાલ માટી પણ લાવ્યા. *(મિશ્કાત ૫૭૨)*

ઈબ્ને સઅ્‌દ અને તબ્રાની હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરે છે કે હુઝૂરે ﷺએ ફર્માવ્યું : મારો પુત્ર મારા બાદ તિફની ધરતી પર શહીદ કરવામાં આવશે. અને જિબ્રઈલ મારી પાસે ત્યાંની માટી પણ લાવ્યા અને મને કહ્યું કે આ હુસૈન رضی اللہ عنہની શહાદતગાહની માટી છે. *(સવાઈકે મુહર્રકા, ૧૧૮)* તિફ કૂફા નજીક એ સ્થળનું નામ છે જેને કરબલા કહેવામાં આવે છે. આવી બીજી પણ ઘણી હદીષો છે.

શહીદે આઝમ ઈમામે હુસૈન رضی اللہ عنہની ફઝીલત માટે એટલું જ પૂરતુ છે કે ઈમામુલ અંબિયા સય્યદે આલમ ﷺએ આપને આ જ દુનિયામાં જન્નતી હોવાની બલ્કે જન્નતનો ભાગ બતાવી ફર્માવ્યું કે, "હે ખુદા ! હું હુસૈન رضی اللہ عنہની સાથે મહોબ્બત કરૂં છું તું પણ તેમનાથી મહોબ્બત કર અને જે પણ હસન હુસૈન رضی اللہ عنہماથી મહોબ્બત કરે તેનાથી પણ મહોબ્બત કર".

કરબલામાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ પછી હિ.સ. ૫૬માં યઝીદ વલી અહમદ થયો. તેના ખલીફા બનતાંની સાથે જ ઈસ્લામી ખિલાફતના બદલે રાજાશાહી જોર પકડવા લાગી તો દીને ઈસ્લામની સરબુલંદી માટે ઈમામ હુસૈન رضی اللہ عنہએ કમર કસી અને એલાન કરી દીધું કે મો'મિન હુકૂમતો, સલતનત, જુલ્મો જબ્ર અને બાતિલ તાકાતો સામે હથિયાર નથી નાખી શક્તો અને યઝીદની ખિલાફત ન સ્વીકારી.

**मर्दे हक़ बातिल से हरगिज़ खौफ खा सकता नहीं**
**सर कटा सक्ता है लेकिन सर झुका सकता नहीं**

હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ સમક્ષ યઝીદી

લશ્કરના બદઈરાદા જાહેર થઈ ગયા તો કા'બા શરીફની હુરમતના ખાતર ત્યાંથી નીકળવાનો ઈરાદો કર્યો. એ જ દરમિયાન કૂફાવાસીઓ તરફથી હજારો મહોબ્બતભર્યા પત્રો મળ્યા. સંતોષ માટે મુસ્લિમ બિન અક઼ીલ رضی اللہ عنہને ત્યાં મોકલ્યા. તેમના હાથ પર અઢાર હજાર લોકોએ અને એક રિવાયત મુજબ સત્તાવીસ હજાર લોકોએ બયઅત કરી. આ જોઈને ઈમામ મુસ્લિમે ઈમામ હુસૈન رضی اللہ عنہને આવવા માટે પત્ર લખ્યો. ઈમામ હુસૈન رضی اللہ عنہ કૂફા જવા તૈયાર થયા તો હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ બિન જઅ્ફર رضی اللہ عنہما વગેરે સહાબાએ કિરામે કૂફા જવાથી રોક્યા, પરંતુ આપ દીને હક્ક માટે જાન પણ કુર્બાન કરવામાં અડગ રહ્યા. યઝીદના ગવર્નર ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે હઝરત મુસ્લિમ બિન અક઼ીલ رضی اللہ عنہને શહીદ કરી દીધા. આપની શહાદતની ખબરથી ઈમામે હુસૈન رضی اللہ عنہને દુઃખ થયું.

ઈમામે હુસૈન رضی اللہ عنہએ પોતાના સાથીઓને ઈજાઝત આપી કે જે પાછો જવા ઈચ્છે એ જઈ શકે છે. હુર્ર બિન યઝીદે એક ભારે લશ્કરની સાથે આપનો ઘેરાવ કર્યો જેથી આપને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ સામે રજૂ કરવામાં આવ્યા. એવામાં ઝોહરની નમાઝનો સમય થઈ ગયો આપે નમાઝ અદા કરી. નમાઝ પછી ઈમામ હુસૈન رضی اللہ عنہએ હૂર અને તેની ફૌજ સમક્ષ ખુત્બો (પ્રવચન) કરી સંપૂર્ણ વાત રાખી. કૂફાવાસીઓ તરફથી લખાએલા પત્રો વિશે બતાવ્યું. હૂર હેરાન જરૂર થયો પરંતુ પત્રો વિશે અજ્ઞાનતા જાહેર કરી અને આપના કાફલાને રોકી લીધો. અહિંયા પણ ઈમામ હુસૈન رضی اللہ عنہએ ખુત્બો આપ્યો જે તારીખની કિતાબોમાં મૌજુદ છે. ખુત્બામાં આપે ફર્માવ્યું : હે લોકો ! રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે કોઈ પણ એવા હાકિમ શાસકને જુએ જે જુલ્મ કરે છે, અલ્લાહની (બાંધેલી) હદોને તોડે છે, સુન્નતે નબીની વિરૂધ્ધ કરે છે. અને તેને જોવા છતાં કોઈ એનો વિરોધ નથી કરતું ન તેને રોકે છે તો તેવા આદમનું ઠેકાણુ સારું નથી. જુઓ ! આ લોકો શૈતાનના અનુયાયી છે. અલ્લાહ તઆલાથી એમનો કોઈ લગાવ નથી. અલ્લાહની નિશ્ચિત કરેલ હદો તોડવામાં આવી રહી છે, હરામને હલાલ અને હલાલને હરામ ઠરાવવામાં આવી રહ્યું છે, હું એમની સરકશીને હક્ક઼ અને અદલથી બદલવા ઈચ્છું અને એના માટે હું સૌથી અધિક હક઼દાર પણ છું. જો તમે લોકો તમારી (ઈમામ મુસ્લિમના હાથો પર કરેલ) બયઅત પર ક઼ાયમ રહો તો તમારા માટે હિદાયત છે, નહીં તો વાયદા ખિલાફી મોટો ગુનોહ છે. હું હુસૈન છું. મને પોતાનો આગેવાન બનાવો, મારાથી મોઢું ન ફેરવો, મારો રસ્તો ન છોડો, આ સિરાતે મુસ્તક઼ીમનો રસ્તો છે."

આ ખુત્બાનો લોકો પર ઘણો પ્રભાવ પડયો પરંતુ લાલચ અને ખૌફના કારણે ચુપ રહ્યા. ૯ મુહર્રમુલ હરામની રાત હતી. આપ રાતભર ઈબાદતમાં વ્યસ્ત રહ્યા. ૧૦ મુહર્રમના રોજ બંને તરફથી ફૌજો તૈયાર હતી. ફજ્રની નમાઝ પછી અમ્ર બિન સઅદ પોતાની ફૌજ લઈ નીકળ્યો, આ તરફ ઈમામ હુસૈન رضی اللہ عنہ પણ પોતાનાં જાંનિષારો સાથે તૈયાર હતા. આપની સાથે ૭૨ લોકો હતા જે બાળકો, સ્ત્રીઓ, આધેડો પણ હતા અને બીજી તરફ ૨૩ હજારનું ભારેખમ લશ્કર હતું. કૂમળાં અને દૂધ પીતાં બાળકોએ પોતાની જાનના નઝરાણાં અલ્લાહ રબ્બુલ ઈઝઝતની બારગાહમાં અર્પી દીધાં, તંબૂ સળગાવી દેવામાં આવ્યા પરંતુ ભૂખા અને પ્યાસા નવાસાએ રસૂલ કરબલાના મૈદાનમાં સબ્રના પહાડ બની અડગ રહ્યા. યઝીદીઓ દૂર દૂરથી તીર વરસાવતા રહ્યા. અંતે એક ઘડી આવી કે બદબખ્ત શિમ્ર ઝિલ્ જવશન ઈમામ આલી મુકામ رضی اللہ عنہના નજીક આવ્યો તો આપ સમજી ગયા કે આ સફેદ દાગવાળો બદબખ્ત એ જ છે જેના વિશે મુખ્બિરે સાદિક ગૈબદાં નબી ﷺએ ફર્માવ્યું હતું કે મારા

અહલે બૈતના લોહીથી તેનું મોઢું રંગાએલુ જોઉં છું. તે પેશીનગોઈ સત્ય સાબિત થઈ અને સદા માટે બદબખ્તી શિમ્ર લઈનનું દુર્ભાગ્ય બનીને રહી ગઈ. સય્યદશ્શોહદા ઈમામે આલી મુકામ رضی اللہ عنہ સજદામાં ગયા અને શિમ્ર લઈનની તલવારે ઈમામનું સર મુબારક જિસ્મે અક્દસથી અલગ કરી દીધું. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ

*હમારી સારી નમાઝેં કુર્બાં, ઉસ એક સજદે કી અઝમતોં પર*
*વો સજદા જો ફાતિમા કે બેટેને કરબલામેં અદા કિયા હૈ*

મુહર્રમુલ હરામ હિ.સ. ૬૧ તે આશૂરા અને જુમ્આનો દિવસ હતો. આપની ઉમ્ર શરીફ ૫૫ વરસ હતી.

સય્યદુશ્શોહદા ઈમામે આલી મક઼ામ ઈમામે હુસૈન رضی اللہ عنہની શહાદત આપણને પયગામ આપે છે કે ઈમાનવાળા લોકો જીવનની અંતિમ શ્વાસ અને લોહીના અંતિમ ટીપા સુધી હક્ક઼ અને સત્ય પર અડગ રહે અને બાતિલ તાક઼તોથી ભયભીત ન થાય. યઝીદી કિરદારથી પોતાને દૂર રાખે જુલ્મ, અત્યાચાર, અન્યાય, જૂઠ, ધોકો તથા અન્ય ગુનાહિત કાર્યો ન કરે. યઝીદી કિરદારવાળા લોકોનો સાથ ન દે. એ પણ જાણવા મળ્યું કે જીત હમેશાં સત્યની થાય છે, ત્યારે જ તો શહીદે આ'ઝમ ઈમામે હુસૈન رضی اللہ عنہના નામ પર લાખો લોકો જાન કુર્બાન કરવા તૈયાર છે પરંતુ યઝીદનું નામ સુધ્ધાં લેવું કોઈ પસંદ નથી કરતું.

હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની શહાદત ઉમ્મતે મુસ્લિમા માટે અમલી નમૂનો છે જેના પર અમલ પોતાના જીવનને ઈસ્લામી શૈલી અને ઈસ્લામી રંગરૂપમાં ઢાળી સચ્ચાઈ, હક્ક઼ાનિયત, હુસૈની કિરદાર તથા દીન માટે સર્વસ્વ કુર્બાની કરવાના જઝબાથી દુનિયા વ આખેરતમાં સફળતા મેળવે.

સત્તાની તાકત જાન તો લઈ શકે છે પરંતુ ઈમાન નથી લઈ શક્તી. જો ઈમાની તાકત કાર્યરત હોય તો તેને કોઈ ચેલેંજ નથી કરી શકતું. એક અંગ્રેજ મુફક્કિર લૉર્ડ હેડલીના કથન મુજબ ''જો હુસૈનમાં સાચો ઈસ્લામી જઝ્બો કાર્યરત ન હોત તો પોતાના જીવનની અંતિમ ઘડીઓમાં રહમો કરમ, સબ્ર, અડગતા અને હિંમત તથા બહાદુરી કદી અમલમાં ન આવી શકત, જે આજે પણ જીવંત છે.''

જરૂરત એ વાતની છે કે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہની શહાદતની ફિલોસોફી, હક઼ીકત અને હેતુને સમજવામાં આવે અને તેનાથી જે બોધ મળે છે એને દુનિયામાં આમ કરવામાં આવે, કારણ કે જવાહરલાલ નેહરૂના કથનાનુસાર ''હુસૈનની કુર્બાની દરેક ક઼ૌમ માટે દીવાદાંડી છે. સાચુ કહ્યું છે જંગે આઝાદીના મુજાહિદ મૌલાના મુહમ્મદ અલી જૌહરે કે :–

**ક઼ત્લે હુસૈન અસ્લમેં મર્ગે યઝીદ હૈ**
**ઈસ્લામ ઝિંદા હોતા હૈ, હર કરબલા કે બાદ**

*(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી ઉર્દૂ, નવેમ્બર–૨૦૧૪, અઝઃ હાશિમ ક઼ાદરી સિદ્દીક઼ી મિસ્બાહી)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૨૫/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૪૧૧

# સૈયદુશ્શોહદા હઝરત અમીરે હમ્ઝા رحمۃ اللہ علیہ

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَ لَا تَقُوْلُوْا لِمَنْ یُّقْتَلُ فِیْ سَبِیْلِ اللّٰهِ اَمْوَاتٌ ؕ بَلْ اَحْیَآءٌ وَّ لٰكِنْ لَّا تَشْعُرُوْنَ

"જે અલ્લાહની રાહમાં માર્યા જાય તેમને મુર્દા ન કહો તેઓ તો જીવંત છે પણ તમને ખબર નથી." –(સૂ. બકરહ, ૧૫૪)

આ સૈયદુશ્શોહદા, અલ્લાહની બારગાહમાં સિફારિશ કરનારાઓના સરદાર, અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺના શેર, રસૂલુલ્લાહ ﷺના મુબારક કાકાના ફઝાઈલ છે, જેનાં મોતીઓને પરોવવા અને જેના ચળકાટને દેખાડવાનું કામ ખાનદાને નુબુવ્વત અને ઈલ્મી ખાનદાનના સભ્યો તથા બદ્રના શહીદોના નામો નોંધાયેલી કિતાબ "જાલિયતુલ કદ્ર ફી નઝમી અસ્માઈ શોહદાઈ બદ્ર"ના લેખક અને બીજી મહાન કિતાબોના લેખક હઝરત અલ્લામા સૈયદ જાફર બિન હસન બરઝંજી رحمۃ اللہ علیہએ પૂરૂ પાડયું છે.

આ સૈયદુશ્શોહદા رضی اللہ عنہની ફઝીલતો છે જેમણે રસૂલુલ્લાહ ﷺની રક્ષા કરવામાં પોતાની જાનની બાજી લગાડી દીધી, ગઝવએ ઉહદમાં જેમની શહાદત પર નબીએ કરીમ ﷺ ગમગીન થયા. આ લડાઈની ઈસ્લામી ઈતિહાસમાં ઊંડી અસરો નોંધાયી, તે ઈતિહાસ જેનો પાયો તે બહાદુરોએ નાખ્યો. આ ફઝાઈલ (હઝરતે હમ્ઝાના) દિલથી વાંચનારાઓ માટે કેટલાય પાઠ અને નસીહતોનો સામાન ધરાવે છે.

આ બગીચો છે જેની હવામાં સૈયદુશ્શોહદા رضی اللہ عنہના જીવનની ખુશ્બુ છે જેમાં આપ رضی اللہ عنہની સામે શહીદ થવાવાળા ખુશનસીબોનાં મોતી જેવાં નામો ફેલાયેલાં છે જે શહીદોએ દીને મુસ્તફા ﷺની મદદ માટે પોતાની જાનો કુર્બાન કરી દીધી અને ઈસ્લામ ફેલાવવાનો રસ્તો સાફ કરી દીધો.

મારા દિલમાં આ બગીચામાં દાખલ થઈ તેના મોતીઓ મેળવી નીચેની લાઈનોની હારમાં પરોવવાની ઈચ્છા થઈ, જેથી તેને હઝરત અમીર હમ્ઝાના મઝાર પર ઈસાલે સવાબ પછી પઢી શકું, મક્સદ ફક્ત એ જ છે કે અલ્લાહ તઆલાના પાક તથા નેક બંદાઓનો ઝિક્ર કરી તેની રહમતની વર્ષા મેળવી શકાય.

હું કહું છુ કે તે સૈયદુના હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ, નબીએ કરીમ ﷺના કાકા તથા રઝાઈ (દૂધના રિશ્તાથી) ભાઈ છે. અબૂ લહબની આઝાદ કરેલી કનીઝ ષુવૈબાએ તે બંને હસ્તીઓ તથા હઝરતે અબૂ સલ્મા બિન અબ્દુલ અસદ મખ્ઝૂમી (ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاના પ્રથમ પતિ) ને દૂધ પીવડાવ્યું હતું.

હઝરત હમ્ઝા رضی اللہ عنہની ઉમર નબીએ કરીમ ﷺથી બે વર્ષ અને એક વર્ણન પ્રમાણે ચાર વર્ષ વધુ હતી. તે બંને હસ્તીઓને અલગ અલગ સમયમાં દૂધી પીવડાવવામાં આવ્યુ. હઝરત સૈયદુશ્શોહદા અને હઝરત સફિય્યા (નબીએ કરીમ ﷺનાં ફોઈ)ની માતા હાલા બિન્તે ઉહૈબ બિન અબ્દે મનાફ બિન ઝહરા, નબીએ કરીમ ﷺનાં વાલિદા હઝરત આમેના رضی اللہ عنہاનાં પિતરાઈ બહેન હતાં.

આપની ઔલાદમાંથી પાંચ છોકરા હતા, ચારનાં નામ આ પ્રમાણે છે : (૧) યઅ્લી (૨) અમ્મારા (૩) અમ્ર અને (૪) આમિર

બે છોકરીઓ હતી : (૧) ઉમ્મુલ ફઝલ્ (૩) ઉમામા. આ સમયે આપની ઓલાદમાંથી કોઈ પણ નથી.

રજૂ. **હાફિઝ અબ્દુર્રહમાન નકશબંદી–પારખેત** (મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)

હે અલ્લાહ ! તેમના પર રહમતની વર્ષા કર અને તેમને અર્પણ કરેલ અમાનતોથી અમારી મદદ ફર્માવ.

હઝરત સૈયદુશ્શોહદા બહાદુર, સખી, સંસ્કારમાં ઉચ્ચ, કુરૈશના મહાન જવાન તથા ઘણા જ ગૈરતમંદ વ્યક્તિ હતા. એલાને નુબુવ્વતના બીજા વર્ષે અને એક બયાન પ્રમાણે છઠ્ઠા વર્ષે ઈસ્લામ લાવ્યા. મુસલમાન બન્યા તે દિવસે તેમણે સાંભળ્યું કે અબૂ જહલ હુઝૂર ﷺની શાનમાં ગુસ્તાખી કરી રહ્યો છે તો આપે કા'બાના હરમમાં તેને એટલા જોરથી કમાન મારી કે તેનું માથું ફૂટી ગયું.

હઝરત હમ્ઝા رضی اللہ عنہએ હુઝૂર ﷺની બારગાહમાં ગુઝારિશ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ પોતાના દીનનો ખુલ્લેઆમ પ્રચાર કરો ! અલ્લાહની કસમ ! મને આખા જગતનું ધન આપી દેવામાં આવે તો પણ હું મારી કોમના ધર્મને પસંદ નહીં કરું. તેમના ઈસ્લામ લાવવાથી રસૂલુલ્લાહ ﷺને ટેકો મળ્યો અને કાફિરો તરફથી પહોંચતી તકલીફોમાં પણ ઘટાડો થયો. ત્યારબાદ હિજરત કરી મદીના ચાલ્યા ગયા.

રસૂલુલ્લાહ ﷺએ જે પ્રથમ ઝંડો તૈયાર કર્યો તે સૈયદુશ્શોહદા માટે જ હતો. જ્યારે સ. હિ. ૨ ઈ.સ. ૬૨૩માં હુઝૂર ﷺએ તેમને કૌમે જહીનાના વિસ્તારમાં (એક ટુકડી સાથે) મોકલ્યા, જેવું કે મદાઈનીએ કહ્યું છે.

ઈબ્ને હિશામે સૈયદુના હમ્ઝા رضی اللہ عنہના આ શેઅરો નકલ કર્યા છે :– (અર્થ) : "તે ઈસ્લામની દુશ્મનીથી પાછા ન હટયા ત્યાં સુધી કે હું તેમના દરેક ઠેકાણે હુમ્લા માટે આગળ વધ્યો, ફઝીલતની રાહત મેળવવી મારો ધ્યેય હતો.

રસૂલુલ્લાહ ﷺના હુકમ પર હું પ્રથમ તલ્વાર ચલાવનારો હતો જેના માથા પર ઝંડો હતો, આ ઝંડો મારાથી પહેલાં કોઈના માટે ન હતો."

હઝરત સૈયદુશ્શોહદા જંગે બદ્રમાં એ હાલતમાં સામેલ થયા કે આપે શુતુરમુર્ગ (શાહમૃગ)ની પાંખો પોતાના ઉપર નિશાન રૂપે લગાડેલી હતી, તેમણે આ જંગમાં જબદસ્ત બહાદુરી દેખાડી, રસૂલુલ્લાહ ﷺની આગળ બે તલ્વારો લઈ લડતા રહ્યા. કાફિરોના બહાદુરોને વિખેરી નાખ્યા અને મુશ્રિકોને ઊંડા ઘા માર્યા.

હઝરત સૈયદશ્શોહદા رضی اللہ عنہ જંગે ઓહદના દિવસે ફાડી ખાનાર સિંહ જણાતા હતા, પોતાની તલ્વારથી તેમણે કાફિરોને ડરાવી દીધા, કોઈ તેમની સામે ટકતુ જ ન હતું.

ઉહદની લડાઈમાં આપે એકત્રીસ કાફિરોને જહન્નમ રસીદ કર્યા જેવું કે ઈમામ નવવી رضی اللہ عنہએ બયાન કર્યું છે, પછી આપનો પગ લપસી જતાં આપ તીરંદાઝોના પહાડ નજીકની વાદીમાં પાછલી પીઠે પડયા, બખ્તર પેટ પરથી ખુલી ગયું, જુબેર બિન મુત્અમના ગુલામ વહશી બિન હર્બે થોડે દૂરથી ખંજર નાખ્યું, અને અલ્લાહ તઆલાએ તેના હાથથી આપને શહાદત અતા ફર્માવી. આ બનાવ શનિવારના દિવસે ૧૫મી શવ્વાલે સ.હિ. ૩ અથવા ૪માં બન્યો. તે સમયે આપની વય ૫૭ વર્ષ હતી. એક બયાન પ્રમાણે ૫૯ વર્ષ અને બીજા એક વર્ણન પ્રમાણે ૫૭ વર્ષ હતી.

પછી મુશ્રિકોએ આપનાં અંગો કાપી પેટ ચીરી નાખ્યું. એક સ્ત્રીએ આપનું કાળજુ કાઢી ચાવ્યું, પરંતુ તેને ગળાની નીચે ન ઊતારી શકી, મજબૂરીથી થૂકી દીધું.

જ્યારે રસૂલુલ્લાહ ﷺને આ ખબર મળી તો ફર્માવ્યું : **જો આ કાળજુ તેના પેટમાં પહોંચી જાત તો તે સ્ત્રી આગમાં દાખલ ન થાત !** કેમ કે **અલ્લાહની બારગાહમાં હમ્ઝાની એટલી ઈજ્જત છે કે તેમના શરીરના કોઈ પણ ભાગને આગમાં નહીં નાખે.**

જ્યારે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને આપના વિકૃત કરેલા શરીરને જોયું, તો આ દ્રશ્ય આપના માટે એટલુ દુઃખજનક હતુ કે આનાથી વધુ દર્દનાક દ્રશ્ય આપે જોયું ન હતું, આ જોઈ આપને જલાલ આવી ગયો, આપે ફર્માવ્યું :–

"તમારી જેવા વ્યક્તિ દ્વારા આમને ક્યારેય

તકલીફ નહીં આપવામાં આવે, હું કોઈ એવી જગ્યાએ ઊભો નથી રહ્યો જે આનાથી વધુ ક્રોધજનક હોય.''

તેના પર અલ્લાહ તઆલાએ આયત નાઝિલ ફર્માવી : (અર્થ) ''અને જો તમે સજા આપો તો એટલી જ આપો જેટલી તમને તકલીફ આપવામાં આવી અને જો સબ્ર કરો તો તે સબ્ર કરનારાઓ માટે બેહતર છે. આપ સબ્ર કરો ! અને આપનો સબ્ર અલ્લાહના ભરોસે જ છે, અને આપ તેમના વિશે ગમગીન અને દુઃખી ન થાવ તેમના પ્રપંચોના કારણે, બેશક ! અલ્લાહ તે લોકો સાથે છે જે મુત્તકી છે અને તેમની સાથે જે નેક છે.''

નબીએ કરીમ ﷺએ અર્ઝ કરી, ''બલ્કે અમે સબ્ર કરીશું.''

નબીએ અકરમ ﷺએ ફર્માવ્યું :– હે કાકા ! આપના પર અલ્લાહની રહમત થાય, કેમ કે જ્યાં સુધી અમલ કરતા રહ્યા, ઘણા જ નેકી કરનાર અને ઘણા જ માફ કરનાર (મહેરબાની કરનાર) હતા.

પછી તેમના શરીર મુબારકને કિબ્લા તરફ મૂક્યું અને તેમના જનાઝાની સામે ઊભા થયા અને એટલા સખત રહ્યા કે નજીક હતું કે આપ બેહોશ થઈ જતા.

નબીએ અકરમ ﷺ ફર્માવી રહ્યા હતા :–

હે અલ્લાહ રસૂલના કાકા ! અલ્લાહ તઆલા અને તેના રસૂલના સિંહ ! હે હમ્ઝા ! હે નેક કામ કરનાર ! હે હમ્ઝા ! મુસીબતોને દૂર કરનાર ! હે હમ્ઝા ! રસૂલુલ્લાહ ﷺની રક્ષા કરનાર !''

અને આ પણ ફર્માવ્યું : મારી પાસે જિબ્રઈલે અમીન علیہ السلام તશરીફ લાવ્યા અને મને જણાવ્યું કે હઝરત હમ્ઝા વિશે સાતેય આસ્માનોમાં લખેલુ છે : ''હમ્ઝા બિન અબ્દુલ્ મુત્તલિબ, અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺના સિંહ છે.''

હાકિમ નિશાપૂરી, મુસ્તદરકમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી મરફૂઅન (એટલે હુઝૂર ﷺનું ફર્માન) રિવાયત કરે છે : કયામતના દિવસે અલ્લાહ તઆલાની બારગાહમાં હઝરત હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબ શફાઅત કરનારાઓના સરદાર છે.

અલ્લાહ તઆલાએ ફર્માવ્યુ : ''શું જે શખ્સને અમે સારો વાયદો કર્યો છે તે એનાથી મુલાકાત કરનાર છે.''

સદી કહે છે કે આ આયત હઝરત હમ્ઝા વિશે નાઝિલ થઈ અલ્લાહ તઆલા ફર્માવે છે : ''હે સંતોષવાળા જીવ ! તું પોતાના રબની તરફ તે હાલતમાં પરત ફરી જા કે તું તેનાથી રાજી તે તારાથી રાજી.''

સલ્ફી કહે છે કે આનાથી મુરાદ હઝરત હમ્ઝા છે. નબીએ અકરમ ﷺએ તેમને એવી ચાદરનું કફન પહેરાવ્યું કે જ્યારે આપના માથા પર ઓઢાડતા તો પગ ખુલી જતા અને પગ પર ઓઢાડતા તો માથુ ખુલી જતું, આખરે ચાદર માથા પર ઓઢાડી દેવામાં આવી અને પગ પર અઝખર (ખુશ્બુવાળી ઘાસ) નાખી દેવામાં આવી.

નબીએ અકરમ ﷺ એ આપની નમાઝે જનાઝા નથી પઢી, આ જ વધુ સહીહ છે. તેમને એક ટેકરી પર દફન કર્યા, જ્યાં આજે તેમની કબર મશહૂર છે, અને તેના પર મોટો ગુંબદ છે. આ ગુંબદ ખુદાના દીનના ખલીફા અહમદ બિન અલમુસ્તઝઈ અલ્ અબ્બાસીનાં વાલિદાએ સ.હિ. ૫૯૦માં બંધાવ્યો. ઈ.સ. ૧૯૨૫ પછી (નજદી વહાબી સઊદી બદબખ્તોએ એ ગુંબદને તોડી પાડી ત્યાં સપાટ મેદાન કરી આપ્યું છે. –તંત્રી)

કહેવાય છે કે કબ્રમાં તેમની સાથે હઝરત અબ્દુલ્લાહ બિન જહશ અને હઝરતે મુસ્અબ બિન ઉમૈર, કેટલાક ઉલમાએ કહ્યું કે હઝરત શમ્માસ બિન ઉષ્માન છે, આપના મઝાર શરીફના કિનારે માથા તરફ હસન બિન મુહમ્મદ બિન અલી નમીના પુત્ર અકીલની કબ્ર છે, મસ્જિદના સહેનમાં કેટલાક સાદાતની કબરો છે.

જ્યારે નબીએ કરીમ ﷺ ઉહદની લડાઈ પછી મદીના મુનવ્વરા પાછા આવ્યા તો અન્સારની ઔરતોને પોતાના શહીદો પર રડતી જોઈને આપે ફર્માવ્યું :''પરંતુ હમ્ઝા પર કોઈ રડનારી નથી !''

અને આપ ﷺ રડવા લાગ્યા, અન્સારોએ પોતાની ઔરતોને હુકમ આપ્યો કે પોતાના શહીદો પહેલાં હઝરત હમ્ઝા પર રડે. એક સમય સુધી અન્સારની સ્ત્રીઓનો તરીક઼ો રહ્યો કે જ્યારે પણ કોઈ મૈયતવાળા ઘરે જતી તો પ્રથમ હઝરત હમ્ઝા પર રડતી.

હઝરત કઅ્બ બિન માલિક અન્સારી પોતાના ક઼સીદામાં શોક જાહેર કરતાં કહે છે :–

''હઝરત હમ્ઝાના જતા રહેવાથી મને એવો આઘાત લાગ્યો કે મારું દિલ અને જિગર ધ્રૂજી ઊઠયાં, આવો આઘાત જો હિરાના પહાડને લાગતો તો તેની ટેકરીઓના બંને કિનારા ધ્રૂજી જાત, તેઓ હાશ્મી ખાનદાનના ઈજ્જતદાર સરદાર હતા, જ્યાં નુબુવ્વત, સખાવત અને સરદારી છે, તે તાકતવર જાનવરોનુ ગળુ કાપનારા હતા જ્યારે ઠંડીના કારણે પાણી ઠરી જવા પર હોતું (એટલે સખત ઠંડીની ઋતુ સમયે), જંગના દિવસે જ્યારે ભાલા તૂટી રહ્યા હોય ત્યારે તે બહાદુર તલવારથી સામેવાળાને ક઼તલ કરી દેતા.

તું તેમને હથિયારબંધ ફખ્રથી ચાલતા જોતો (તો કહેતો) તે ઘઉંવર્ણા રંગવાળો, મજબૂત પંજાવાળો સિંહ છે.

તે નબીએ કરીમ ﷺના કાકા અને ઉચ્ચ સહાબામાંથી છે, તેમણે મોતના મોમાં કૂદકો માર્યો તો તે જગ્યા ભાગ્યવાન થઈ ગઈ.

તેમણે એ હાલતમાં ખુદાની મુલાકાત કરી કે તેમની ઉપર શુતુરમુર્ગ (શાહમૃગ)ની પાંખનું નિશાન લાગેલું હતું, તે મુજાહિદોની એવી જમાઅતમાં હતા જેમણે આપ ﷺની મદદ કરી અને તેમનામાંથી કેટલાક શહાદતના દરજ્જે પહોંચ્યા.

તેમના સિવાય જે હઝરાત માટે કહેવામાં આવ્યું છે કે તે દિવસે શહાદત પામ્યા અને અલ્લાહ તઆલા તરફથી તેમના સારા અમલોની સારી ખબર અને વધુ બદલો આપવામાં આવ્યો. હે અલ્લાહ ! રોશન બારગાહના માલિક ! (હઝરત હમ્ઝા)ના તુફૈલ અમારી દુઆ છે કે અમને સૌને જહન્નમથી નજાત અતા ફર્માવ, મુસીબતો દૂર ફર્માવ, બર્બાદીથી હિફાઝત ફર્માવ, વરસાદ અતા ફર્માવ, જરૂરતની વસ્તુઓ સસ્તી ફર્માવ, આસપાસમાં શાંતિ અતા ફર્માવ, પડોશીઓ પર રહમ ફર્માવ, હાકિમો તથા પ્રજાની ઈસ્લાહ ફર્માવ, ઈસ્લામી લશ્કરને તારી મદદ અતા ફર્માવ, પોતાના દુશ્મન કાફિરો પર અઝાબ નાઝિલ ફર્માવ અને તેમને મુસલમાનો માટે ગનીમતનો માલ બનાવ.

હે અલ્લાહ અને તેના રસૂલના સિંહ ! અમે આપની બારગાહમાં હાજર થયા છીએ, અમને આશા છે કે અમારામાંથી દરેક વ્યક્તિની ફરિયાદ ક઼બૂલ થશે, અમે આપની બારગાહમાંથી આશા રાખી છે, આપની શાન એ નથી કે અમને જુઓ નહીં, અમે આપના ભરપૂર વરસનારા સખાવતનાં વાદળોથી વરસાદ માંગ્યો છે.

**હવાલા** : *(૧) અલમુઅ્જમુલ મુફેહરીસ (૨) અલ્ ઈસ્તીઆબ (૩) અસદુલ્ ગાબા (૪) તબકાતે કુબ્રા (૫) મુસ્તદરક–હાકિમ (૬) સીરતે હલ્બિયા–બુરહાનુદ્દીન હલ્બી (૭) મવાહિબે લદુન્નિયા–ઈમામ કુસ્તુલાની (૮) અલ્ બિદાયા વન્નહાયા–ઈબ્ને કષીર (૯) અલ્ મુન્તઝિમ ઈબ્ને જવઝી (૧૦) અમ્તાઉલ્ ઈસ્માઅ–મકરેઝી (૧૧) અલ્ ઈસાબ–ઈબ્ને હજર અસ્કલાની (૧૨) અત્તઝકેરા–કર્તબી (૧૩) અર્રુહ–ઈબ્ને કૈયુમ (૧૪) સીરતુન્નબવિય્યા–ઈબ્ને હિશામ (૧૫) અંબાઉલ્ અઝ્કિયા બિહયાતિલ અંબિયા–ઈમામ સુયુતી (૧૬) અલ્હાવી લિલ્ ફતાવા (૧૭) મંગાઝી–વાકદી (૧૮) ખસાઈસે કુબ્રા–ઈમામ સુયૂતી (૧૯) અહવાલુલ કુબૂર–ઈબ્ને રજબ હંબલી (૨૦) તમહીદ–ઈબ્ને અબ્દુલબર્ર (૨૧) અલ્બયાન વત્તહસીલ (૨૨) દુર્રતુષ્ષમીનહ–ઈબ્ને નજ્જાર (૨૩) તફસીરે નસ્ફી–અબૂ બરકાત નસ્ફી (૨૪) તારીખે મદીનતુલ મુનવ્વરા (૨૫) તફસીરે કબીર–ઈમામ રાઝી (૨૬) અત્તરગીબ વત્તરહીબ–અસ્બહાની (૨૭) તહઝીબુલ અસ્મા વલ્લુગાત–ઈમામ નવવી (૨૮) જામેઉલ્ બયાન–તિબરી (૨૯) હયાતુલ અંબિયા–બયહક઼ી (૩૦) દલાઈલે નુબુવ્વહ–બયહક઼ી (૩૧) ઝખાઈરૂલ્ ઉકબા–તિબ્રી (૩૨) તઝકિરતુલ હુફ્ફાઝ–ઝહબી (૩૩) રફઉલ્ ખફા–કર્દી (૩૪) સૈરુ અઅ્લામિન્નુબલા–ઝહબી (૩૫) સુબુલુલ હુદા વર્રશાદ–સાલેહી (૩૬) સુનન અલી દાઉદ (૩૭) અબી માજહ (૩૮) શરહુસ્સુદૂર–ઈમામ સુયૂતી (૩૯) શજરાતુઝ્ઝહબ–ઈબ્ને ઈમાદ હંબલી (૪૦) સિફતુસ્સુફ્હ–ઈબ્ને જવઝી (૪૧) ઉયૂનુલ અષર–ઈબ્ને સૈયદ (૪૨)ફત્હુલ બારી–ઈબ્ને હજર અસ્કલાની (૪૩) ફતાવા સુબુકી–તકીય્યુદ્દીન સુબુકી (૪૪) વફાઉલ્ વફા–સમહૂદી (૪૫)મુસ્નદે ઈમામ અહમદ–શય્બાની.*

## બરકાતે ખ્વાજાની ટપાલ.......... કાર્યાલય

### ★ શાદીખાના આબાદી ★

**જંબુસર** : થી જનાબ હાફિઝ યૂસુફ મુહમ્મદ જણાવે છે કે તા. ૧૭/૧૦/૨૦૧૪ જુમ્આની નમાઝ બાદ પાલેજ મુકામે અને ટંકારીઆ મુકામે મારી નેક પુત્રીઓ હાજરાની નિકાહખ્વાની વલીભાઈ બુચીયા (ટંકારીઆ)ના નેક ફરઝંદ ઈમરાન સાથે અને સલમાની નિકાહખ્વાની યૂનુસભાઈ ટેલર (પાલેજ)ના નેક ફરઝંદ સરફરાઝ સાથે રાખવામાં આવી. મુબારક બાદ ! દુલ્હા દુલ્હન કુટુંબીજનોને રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનની ખુશીઓ નેઅમતોથી સરફરાઝ ફર્માવે. (આમીન) *–તંત્રી*

**થામ** : (જિ. ભરૂચ)થી સૈયદ નઝીર અહમદ મુહમ્મદ અલી સાહબ જણાવે છે કે તેમની નવાસી મિસ્બાહની બિસ્મિલ્લાહખ્વાની તથા તેમના સાહબઝાદા તથા સાહબઝાદીઓની શાદી તા. ૧૨/૧૦/૨૦૧૪ રવિવારે અનુક્રમે નૂરમુહમ્મદના નિકાહ શેહબાઝબાનુ (જંબુસર) સાથે, શહરબાનુના નિકાહ અહમદ રઝા (મછાસરા) સાથે અને સરતાજબાનુના નિકાહ મોહસિન અલી (મુંબઈ) સાથે રાખવામાં આવ્યા. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં સર્વ જોડાંઓને સલામત રાખે. (આમીન) *–તંત્રી, બરકાતે ખ્વાજા, માસિક*

**માંડવી** : હઝરત કુત્બુલ આકતાબ બાલાપીર બાવા رحمة الله عليهનો ઉર્સ જુમેરાત તા. ૧૪/૦૮/૨૦૧૪ના રોજ મનાવાયો. સંદલ હઝરત પીરે તરીકત સૈયદ કમરૂદ્દીન બાવા કારંટવી (દરિયાઈ, અશરફી) અને હઝરતના પૌત્ર હઝરત સૈયદ મેહમૂદ અલી બાવા સાહેબ (દરિયાઈ, અશરફી)ના મુબારક હાથે ચઢાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે હઝરતે તકરીર કરી બુઝુર્ગોની શાન વિશે હાજરજનોને દીની જ્ઞાનથી વાકેફ કર્યા હતા. તથા હાફેઝ શહઝાદ (ભરૂચવાલા) તેમજ ગનીબાપુ (છાલાવાલા)ઓએ નાઅત શરીફ પઢી હતી. તેમાં મૌલાના રૂસ્તમ અશરફી સાહેબ, ઈસ્હાકભાઈ માસ્તર ટંકારવી તથા ઝહીરુલ્લાહ બાવા, મહેમૂદ બાવા, સમીર બાવા, (દરિયાઈ, અશરફી)એ હાજરી આપી ઉર્સને સફળ બનાવ્યો હતો. ઘણા ચાહકો આસપાસથી આવ્યા હતા. કેટલાક બાવા સાહબના મુરીદ બન્યા હતા. છેવટે ન્યાઝ શરીફ પણ ખવડાવવામાં આવી હતી.

*–રજૂ. આસિફ મુહમ્મદ દરિયાઈ, માંડવી.*

### ★ ઈન્તેકાલ મલાલ ★

**જાલના** : (મહારાષ્ટ્ર)થી અબ્દુલ અઝીઝ જમાલ મમદાણી મેમણ જણાવે છે કે તેમના બનેવી હાજી હારૂન હાજી અબ્દુલ હબીબ નાથાની જાલનાવાળા લગભગ ૬૦ વર્ષની વયે, ૨૭/૦૯/૨૦૧૪ના રોજ મોટર સાયકલ પર જતાં અકસ્માતે ઈન્તેકાલ કરી ગયા છે. મર્હૂમ ખૂબ જ નેક, મિલનસાર, સખી હતા. અવામ ઉલમા તથા દારુલ ઉલૂમના તલબા સલાતો સલામ સાથે જનાઝો કબ્રસ્તાન લઈ ગયા હતા. મૌલાના જમીલ રઝવી સાહેબે નમાઝે જનાઝા પઢાવી હતી.

**ઝંઘાર** : (જિ. ભરૂચ) મુકામે જનાબ દાઉદ આદમ પટેલનાં વાલિદા મોહતરમા બીબીબેન આદમ વલીનો ઈન્તેકાલ જુમ્આની રાત્રે તા. ૨૬/૦૯/૨૦૧૪ થયો હતો. દફન વિધિ બીજા દિવસે સવારમાં થઈ હતી.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

# એડમીશન શરૂ

દીની તાલીમ હાસિલ કરવા ઇચ્ચછતા તલ્બા માટે
નાઝિરા,હીફ્ઝ,કીરત,દર્સેનીઝામી(આલિમ કલાસ)માં એડમીશન આવકાર્ય
(બહારગામ નાં તલબા માટે હોસ્ટેલ ની સુવિધા રહેવા,જમવા,કપડા ની
ધોલાઇ,કીતાબો(પુસ્તકો),નોટબુક વગેરે સુવિધાઓ ફ્રી ( વિના મુલ્યે )

## વિશેષતાઓ

- ✓ દીની તાલિમ હાસિલ કરતા તલ્બા માટે ઇંગલીશ સ્પીકીંગ કોર્ષ તથા કોમ્પયુટર કોર્ષ(એમ.એસ.ઓફીસ અને ટેલી એકાઉન્ટ)
- ✓ દીની તાલિમ ની સાથે જનરલ નોલેજ તથા ગણીત
- ✓ દર્સે નીઝામી (આલિમ કલાસ) નાં તલ્બા માટે અરબી સ્પીકીંગ
- ✓ દર્સેહીફ્ઝ(હાફીઝ કલાસ) નાં તલ્બા માટે નિષ્ણાંતો વ્દારા ખાસ માર્ગદર્શન તથા મસાઇલ કોર્ષ

એડમીશન મેળવવા ઇચ્છતા તલ્બા નું ટેસ્ટ લઇ એડમીશન આપવામાં આવશે.

એડમીશન માટે નીચેનાં સરનામે અથવા ફોન પર સંપર્ક કરવો.

**દારૂલ ઉલુમ અઝીઝીયા**
તુરીયા વાડ,ભાઇ મિયાં મસ્જીદ પાસે,વંથલી(સોરઠ)
ફોન.નં.(૦૨૮૭૨)૨૨૨૦૨૨ મોબાઇલ નં.૯૯૭૮૭૩૦૨૦૦


**ડભોઈ :** મુકામે તા. ૨૭/૦૯/૨૦૧૪ શનિવારે સુન્ની દાવતે ઈસ્લામીના શાનદાર સુન્ની ઈજતેમામાં બહોળી સંખ્યામાં અવામે એહલે સુન્નતે હાજરી આપી. ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : SDI, માલેગાંવ)એ ''અરકાને હજ્જ તથા અહલે સુન્નતના અક઼ીદા'' પર ઈમાન અફરોઝ બયાન કરી હાજરજનોનાં ઈમાન તાજાં કરી દીધાં હતાં.

**કોસંબા :** મુકામે તા. ૨૪/૦૯/૨૦૧૪ બુધવારે સુન્ની દાવતે ઈસ્લામીનો અઝીમુશ્શાન ઈજતેમા થયો જેમાં હઝરત સૈયદ અમીન અલી કાદરી (નિગરાં, SDI, માલેગાંવ)એ ઈસ્લાહે મુઆશિરા પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

**જંબુસર :** ''સુન્ની દાવતે ઈસ્લામી (જંબુસર શાખા) તરફથી ઈદુલ અદહાના ફઝાઈલ મસાઈલની તર્બિયત માટે જામા મસ્જિદ, તળાવપુરા મસ્જિદમાં ૧ થી ૪ ચાંદ સુધી મુબલ્લિગે SDI જનાબ મૌલાના મિસ્બાહી તથા મૌલાના ઈબ્રાહીમ સાહબ તથા સાથીઓ થકી તર્બિયતી ઈજતેમા થયા હતા. ઉપરાંત ભાવનગર, ભરૂચ, બોડેલી, કોસંબા વગેરેના દૌરા પણ ગત મહિને થયા હતા.

તે ઉપરાંત પાલેજના મુબલ્લિગ ઈમરાનભાઈ તેમજ હાફિઝ અ. રહીમ, મુઈનુદ્દીનભાઈ, શફીભાઈ વગેરે થકી ભરૂચ, કરજણ, આમોદ, તાલુકાનાં વિવિધ ગામો પારખેત, વલણ, કાસદ, પાલેજ, લુવારા, તથા કરજણ પટ્ટીનાં ગામોમાં વિવિધ સ્થળોએ વિવિધ દિવસોમાં કાફલા સાથે તર્બિયતી ઈજતેમા થયા હતા. અલ્લાહ પાક ક઼બૂલ ફર્માવે અને સૌને નેક હિદાયત આપે, મજબૂત સુન્ની તથા ઈસ્લામી માહોલ પેદા ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**જાંબિયા :** મુકામે દયાદરા નિવાસી યાકૂબ અહમદ વલી પતરાંવાલાનો તા. ૬–૧૦–૨૦૧૪, સોમવારના રોજ ટૂંકી માંદગી બાદ હાર્ટ એટેકમાં અચાનક દુ:ખદ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નેહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દયાદરામાં ઈશ્કે મુસ્તફા ﷺ કોન્ફ્રન્સ નિમિત્તે

## સુન્ની દાવતે ઈસ્લામીનો શાનદાર ઈજતેમા યોજાયો

**દયાદરા** : તા. ૧૬/૧૦/૨૦૧૪, જુમેરાતે ઈશાની નમાઝ બાદ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી (આમોદ)ની સદારતમાં હઝરત સૈયદ શૌકતઆલી બાવા (ખલીફા નૂરાની બાવા)ની કૃયાદતમાં હઝરત મૌલાના અલ્તાફ ચાંચવેલીની નિઝામત હેઠળ સાદાતે કિરામ ઉલમાએ એઝામના જંગી કાફલાની હાજરીમાં, હજારોની આવામ તથા મુબલ્લિગો, તલબા, વિવિધ દારુલ ઉલૂમોના ઉસ્તાદો, ઈમામોની રૂબરુ ''ઈશ્કે મુસ્તફા કોન્ફ્રન્સ'' ટાઈટલ હેઠળ **સુન્ની દાવતે ઈસ્લામી**નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા યોજાયો, જેમાં મદ્દાહે રસૂલ નઅતખ્વાં કારી મક્સૂદ સાહબ (પેશ ઈમામ, દયાદરા), જનાબ સુલ્તાન રઝા (મુબલ્લિગ, SDI, વડોદરા મુબલ્લિગ હાફિઝ અ. રહીમ ભોલાવવાળા... વગેરેએ આ'લા હઝરત તથા અન્ય શાઈરોના કલામો પેશ કર્યા હતા. હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી (મુબલ્લિગ, SDI, જંબુસર)એ તાઝીમે નબી ﷺ પર શાનદાર બયાન કર્યું, છેવટે મુકર્રિરે ઝીશાન શહેનશાહે ખિતાબત ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : SDI, માલેગાંવ)એ ઈશ્કે મુસ્તફા ﷺ પર ઈન્કિલાબ મચાવનારુ બયાન સવા બે કલાક સુધી સહાબાએ કિરામ તથા અવલિયાના ઈશ્કમાં ડૂબેલા બનાવો વર્ણવીને મજમાને ઝુમાવી દીધો, રડાવી દીધો, મચલાવી દીધો ! સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! વાંચકો જરૂર બયાનની CD મંગાવે, તેને સાંભળે સંભળાવે તો દરેક સાંભળનારનું દિલ ઈશ્કો ઈમાનના નૂરથી ચમકી ઉઠશે. ઈન્શાઅલ્લાહ ! ઈજતેમા અપેક્ષાથી અધિક કામયાબ રહ્યો. અલ્હમ્દુલિલ્લાહ ! પૂરુ ગ્રાઉન્ડ ટાંકીથી ઓવારાની આગળ સુધી અવામે અહલે સુન્નતથી સજજદ ભરચક હતું અને દિલથી સૌએ બયાન સાંભળ્યું. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં આવનારાઓ, સાંભળનારાઓના દિલમાં નૂરે ઈમાનની રોશની, ઈશ્કની રંગત અધિક તેજતર કરે અને જે સાંભળ્યું તેના પર અમલની તૌફીક બખ્શે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મદ્રસાના બાળકો માટે કિતાબ મંગાવો

**(હિસ્સા : ૧ + ૨**
**હદિયો : રૂા. ૪૦)**

**કિતાબનું નામ : ઝરૂરી દીની તાલીમ**

અકીદ–એ–હક્ક એહલે સુન્નત વ જમાઅત, આ'માલે સાલેહા (વુઝૂ, નમાઝ, રોઝા વગેરે), દુઆ (કલિમે, ખાને–પીને, લિબાસ વગેરહ), હલાલ વ હરામ કે તા'લ્લુક સે મુખ્તસર ઔર બેહદ ઝરૂરી માલૂમાત કા ખઝાના.

કુર્આન નાઝરા પઢનેવાલે મદ્રસે કે બચ્ચે બચ્ચિયોં કે લિયે એક શાનદાર કોર્સ, નીઝ આમ મુસલમાન મર્દ વ ઔરત કે લિએ બહુત હી ફાયદેમંદ કિતાબ હૈ. ઈસ કિતાબ કો હાસિલ કરેં ઔર ઈસ પર અમલ પૈરા હોકર અપની દૂનિયા વ આખિરત સવારે.

**પતા** : મદ્રસએ ગૌષે આ'ઝમ, ખમાશા શહીદકી દરગાહ, ખાટકીવાડ, જમાલપુર, અહમદાબાદ, મો. ૯૭૨૩૬ ૬૩૫૦૦

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

૧. **સુન્ની કાદરી યુવાન** : ઉંમર : ૨૪ વર્ષ, ઊંચાઈ : ૫'.૭'' એજ્યુકેશન : બેચ્લર ઓફ હોટલ મેનેજમેન્ટ, સુન્ની મુસ્લિમ સારા અખ્લાકવાળી, ૨૦–૨૨ વર્ષની યુવતી જોઈએ છે.
સંપર્ક નં. Mob. : 09824166580 (અમદાવાદ તરફ)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧